4/25/2021



6568

# સર્વોદય સમાજની ઝાંખી

REFERENCE BOOK
11 OCT. 1968
1(X:3M)

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# સર્વોદય સમાજની ઝાંખી

11 OCT 196
REFERENCE BOOK

સ્વ. નરહરિ દ્વારકાદાસ પરીખ

922.355
PAR
6568

પ્રાપ્તિસ્થાન
ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

6568

પ્રકાશક
**પરીક્ષિતલાલ લલ્લુભાઈ મજમૂદાર**
મંત્રી, સાબરમતી આશ્રમ પ્રિઝર્વેશન અને મેમોરિયલ ટ્રસ્ટ,
ઠે. હરિજન આશ્રમ, **અમદાવાદ-૧૩**

REFERENCE BOOK
Y:1(X:3M)
PAR

સં. ૨૦૧૪ * ત્રીજું મુદ્રણ
ઈ. સ. ૧૯૫૮ * * પ્રત ૨૨૫૦

6568

**કિંમત રૂ. ૧-૪-૦**

મુદ્રક
મણિભાઈ પુ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય
રાયખડ, અમદાવાદ

21 NOV 1979
Gandhi Heritage Portal

4/25/2021

# પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

ચોપડી વાંચતાં સમજાયું હશે કે આ ભારે ક્રાન્તિકારી કાર્યક્રમ છે. જમીન ઉપર કોઈની ખાનગી માલિકી હોઈ શકે નહીં, તેમજ જેની પાસે મિલકત હોય તે તેમાંથી પોતાના ખપજેગું ઓછામાં ઓછું વાપરે અને બાકીનાનો ટ્રસ્ટી બને.

બીજી વાત આમાં એ છે કે લોકો સાદું જીવન ગાળે. અત્યારે શ્રીમંત લોકો જે વૈભવી જીવન ગાળે છે તે દરેકને માટે શક્ય નથી, અને આપણે સામાજિક તેમજ આર્થિક સમાનતા સ્થાપવી છે એટલે દરેક માણસે પોતાની જરૂરિયાતો મર્યાદિત કરવી જ પડશે.

જેમાં કશું કામ ન હોય એવી ફુરસદ કોઈ પણ માણસ ભોગવી શકશે નહીં. ફુરસદ એટલે કશું કામ નહીં કરવાનું એવું નહીં, પણ આપણને મનપસંદ પડે તેવું કામ કરવાનો વખત. એ અર્થમાં દરેક માણસને અમુક ફુરસદ મળવી જ જોઈએ; તો જ તેનો યોગ્ય વિકાસ થાય. માણસ એકલી રોટી ખાઈને જીવતો નથી.

અત્યારે મોટાં કારખાનાંમાં ઉત્પાદનનાં સાધનો માલિકનાં હોય છે અને મજૂરોને હાથ હલાવતા જઈ તેના ઉપર કામ કરવાનું હોય છે. સર્વોદયની રચનામાં ઉત્પાદનનાં સાધનો મોટે ભાગે સાચા ઉત્પાદકની માલિકીનાં જ હશે. જ્યાંસુધી માણસને મજૂર ગણવામાં આવે છે ત્યાંસુધી અસંતોષ અને કલહો રહેવાના જ.

કેટલીક વસ્તુઓનું ઉત્પાદન મોટાં કારખાનાં સિવાય બની શકે એવું નથી. તેવાં કારખાનાંઓમાં મજૂરને માલિકનો સહભાગીદાર બનાવવો જોઈએ, જેથી એના ઉપર પણ જવાબદારી રહે અને માણસ તરીકેના એના ગૌરવને હાનિ ન પહોંચે.

આ પુસ્તક રચનાત્મક કાર્યકર્તાઓને ઉપયોગી થઈ પડશે.

બારડોલી

તા. ૩–૪–૫૫

નરહરિ પરીખ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# અનુક્રમ


| | | |
|---|---|---|
| | પ્રસ્તાવના — નરહરિ પરીખ | ૩ |
| ૧. | સર્વોદયનો અર્થ | ૧ |
| ૨. | સર્વોદય સમાજના પાયા | ૭ |
| ૩. | સર્વોદયનું જીવનધોરણ | ૧૩ |
| ૪. | સ્વાવલંબી ગામડાં | ૧૮ |
| ૫. | ગ્રામ–સ્વરાજ | ૨૭ |
| ૬. | ગ્રામપંચાયતોનો ઉપરનાં તંત્રો સાથેનો સંબંધ | ૩૪ |
| ૭. | ગામડાં અને શહેરો | ૩૮ |
| ૮. | લોકશાહી | ૪૪ |
| ૯. | નઈ તાલીમ | ૫૧ |
| ૧૦. | ગ્રામસફાઈ | ૬૧ |
| ૧૧. | આરોગ્ય | ૬૫ |
| ૧૨. | ટ્રસ્ટીપણાનો સિદ્ધાંત | ૭૧ |
| ૧૩. | ઉદ્યોગીકરણ | ૭૬ |
| ૧૪. | મજૂરીના વાજબી દર | ૮૧ |
| ૧૫. | વસ્તુના વાજબી ભાવ | ૮૪ |
| ૧૬. | નાણાંવ્યવહાર | ૮૭ |
| ૧૭. | વર્ણાશ્રમધર્મ | ૯૫ |
| ૧૮. | સહકાર | ૧૦૪ |
| ૧૯. | ભૂદાનયજ્ઞ | ૧૧૨ |
| ૨૦. | ઉપસંહાર | ૧૧૩ |


Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# ૧ : સર્વોદયનો અર્થ

૧૮ મી સદીના અંતમાં ફ્રાન્સમાં થયેલી ક્રાન્તિને પરિણામે તથા ૧૯ મી સદીના પૂર્વાર્ધમાં ઈંગ્લંડની પાર્લામેન્ટમાં થયેલા મહત્ત્વના સુધારાને લીધે યુરોપમાં લોકતંત્ર બરાબર સ્થપાયું એમ ગણાય. લોકતંત્રની ભાવના નવી નવી હતી એટલે લોકતંત્રના ઉપાસકોને તો એમ લાગ્યું કે લોકતંત્ર સારી રીતે સ્થાપિત થશે એટલે સમસ્ત પ્રજાનું કલ્યાણ થઈ જશે. પરંતુ જેઓ વધારે વ્યવહારુ હતા તેમને લાગ્યું કે સમસ્ત પ્રજાનું કલ્યાણ સિદ્ધ કરવું અશક્યવત્ છે. તેમણે એવું સૂત્ર કાઢ્યું કે આપણે ગમે તેટલું કરીએ તોપણ સૌનું કલ્યાણ સિદ્ધ કરી શકીશું નહીં. વધારેમાં વધારે આપણે એટલું કરી શકીએ કે મોટામાં મોટી સંખ્યાનું વધારેમાં વધારે કલ્યાણ સાધી શકીએ. અને એટલું પણ સિદ્ધ કરી શકીએ તો તેથી આપણે સંતોષ માનવો જોઈએ.

તે જમાનો લોકતંત્રની ભાવના સાથે વ્યક્તિસ્વાતંત્ર્યનો હતો. તે વખતના ફિલસૂફોને એમ લાગતું કે દરેક વ્યક્તિને પોતાની ઇચ્છા પ્રમાણે વર્તવાની છૂટ હોવી જોઇએ. તેઓ એમ માનતા કે દરેક વ્યક્તિ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા મથશે એમાંથી જ સૌનો સ્વાર્થ સધાશે. સ્વાર્થનો અર્થ તેમણે દુન્યવી સુખ એવો કર્યો. એમણે એમ પણ વિચાર કર્યો કે કોઈ વ્યક્તિની સ્વતંત્રતાની આડે રાજ્યે કે સમાજે આવવું નહીં. આમ દરેક વ્યક્તિ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા મથશે એમાંથી સૌનું અથવા સમાજના મોટા ભાગનું સુખ આપોઆપ સધાશે.

આ વ્યક્તિસ્વાતંત્ર્યને લીધે કેટલાક લોકો જેઓ સાહસિક અને સાધનસંપન્ન હતા તેમને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાની સારી તક મળી. આનું મુખ્ય કારણ એ હતું કે વ્યક્તિસ્વાતંત્ર્યનો ઘણો



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

સંકુચિત અને તેથી ખોટો અર્થ, સુખ અને સ્વાર્થસાધના, એવો કરવામાં આવ્યો. વ્યક્તિસ્વાતંત્ર્યને અમુક મર્યાદા છે એનો ખ્યાલ જ ન રાખ્યો. વ્યક્તિસ્વાતંત્ર્ય સામાજિક કલ્યાણની આડે ન આવવું જોઈએ. સામાજિક કલ્યાણથી તે અવિરોધી હોવું જોઈએ. જ્યાં વ્યક્તિનું સ્વાતંત્ર્ય સમાજના કલ્યાણનો વિચાર નથી કરતું ત્યાં તે સ્વાતંત્ર્ય મટી સ્વચ્છંદ બની જાય છે. વ્યક્તિએ પોતાના સ્વાતંત્ર્યનો ઉપયોગ પોતાના તેમજ સમાજના હિત અથવા કલ્યાણ માટે કરવાનો છે, પોતાનો સ્વાર્થ અથવા સુખ સાધવા માટે નહીં.

આ જ અરસામાં વરાળ–શક્તિની શોધ થઈ અને તે વડે મોટાં યંત્રો ચાલવા લાગ્યાં. વરાળ–શક્તિથી ચાલે એવાં મોટાં મોટાં યંત્રો પણ શોધાયાં અને ઘણા ઉદ્યોગો યંત્રઉદ્યોગો તરીકે ચાલવા લાગ્યા. આ યંત્રઉદ્યોગો ચલાવનારાઓને મોટા નફા મળવા લાગ્યા. તેઓ મજૂરોને–પુરુષોની સાથે સ્ત્રીઓ તથા બાળકોને પણ બહુ ઓછી મજૂરી આપી, તેમની પાસેથી બાર બાર અને ચૌદ ચૌદ કલાક કામ લેવા લાગ્યા. વળી રહેઠાણની, પાયખાનાની, પાણીની, દીવાબત્તીની, એવી કશી સગવડ મજૂરોને માટે હતી નહીં. કારખાનાંમાં કામ કરવાની સ્થિતિ પણ ગંદી હવાવાળી તથા અતિશય ઘોંઘાટવાળી હતી. ધુમાડાનો તો પાર નહીં. આમ મજૂરોને પાર વિનાની ભીડ, ગંદકી અને ઘોંઘાટમાં કામ કરવું તથા રહેવું પડતું, બાળક મજૂરો કેટલીક વાર કામ કરતાં ઊંઘી જતા અને તેઓ સંચામાં પિલાઈ જાય એવા કેસો પણ બનતા.

છતાં વ્યક્તિસ્વાતંત્ર્યને નામે ઉદ્યોગપતિઓની આવી મનસ્વી અને જુલમી નીતિ ઉપર રાજ્ય કશો અંકુશ મૂકી શક્યું નહીં અને મજૂરોનું હિત સાચવી શક્યું નહીં. આમ મૂડીશાહીનો ઉદય થયો અને વધારેમાં વધારે લોકોનું વધારેમાં વધારે હિત સધાવાને બદલે ઓછામાં ઓછા લોકોનું વધારેમાં વધારે હિત સાધી શકાયું, કારણ મજૂરવર્ગની સંખ્યા બહુ મોટી હતી અને મૂડીદારની સંખ્યા બહુ નાની હતી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



આ વસ્તુ ઈંગ્લંડમાં સૌથી વધારે પ્રમાણમાં બની, કારણ યંત્રઉદ્યોગો સ્થાપવામાં તેઓ સૌથી આગળ હતા. મજૂરો ઉપરનો ત્રાસ અને તેમનું અમર્યાદ શોષણ જોઈ ઈંગ્લંડના જ ઘણા વિચારવાન લેખકો આ પ્રથાની સામે થયા. જર્મનીમાં કાર્લ માર્ક્સ નામના વિચારક અને લેખકે આ અનિષ્ટો જોઈ વ્યક્તિસ્વાતંત્ર્યવાદને બદલે સમાજવાદની ઘોષણા કરી.

ઈંગ્લંડના લેખકોમાં રસ્કિન નામનો લેખક બહુ શક્તિશાળી હતો. તેણે આખી મૂડીદારી પ્રથાનો પ્રબળ વિરોધ કર્યો. તેણે એક પુસ્તક લખ્યું. બાઇબલમાં આવતી એક વાર્તામાં 'Unto this last' એટલે 'આ છેલ્લાને પણ' એવો શબ્દપ્રયોગ આવે છે, તે ઉપરથી પોતાના પુસ્તકનું નામ તેણે 'Unto this last' રાખ્યું.

બાઇબલમાંની એ વાર્તાનો ભાવાર્થ સ્વામી આનંદે પોતાની તળપદી કાઠિયાવાડી ભાષામાં બહુ જોરદાર અને અસરકારક રીતે આપ્યો છે. એટલે એ વાર્તાનો ભાવાર્થ એમની જ ભાષામાં અહીં આપીએ છીએ.

રામનો ખેડુ હતો. ઘરે કામ બો'ળાં દા'ડિયા રાખીને પૂરાં કરાવે. દા'ડી[1] પાલી જારની.

ખેડુએ સવારને પો'ર ચાર દા'ડિયા રાખ્યા. પો'ર ચડ્યો ને બીજા આવ્યા ઈમનેય રાખ્યા બપોર થ્યા સુધી કામ નો'તું મળ્યું એવા હજીય ગામના ચોકમાં ઊભા ભાળ્યા.

"હાલો બાપા! કામ આલું."

"આતા! આટલો દ'ન ગ્યો; હવે દા'ડી ચ્યમ આલશો?"

"ધરમ માથે રાખીને આલેશ, માથે મારા રામને સમજીને આલેશ; હાલો તમતમારે કામ જો'તું હોય તો."

ઓલ્યાય આવ્યા ને કામે વળગ્યા.

તીજે પો'ર વળી બીજા આવ્યા. તીમનેય રાખ્યા. એક બચાડો દંન બધો કામની આશાયેં ઊભો રયો'તો તે સાવ પાછલે પો'ર આવ્યો.

---

૧ દા'ડી = મજૂરી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ઈને'ય રાખ્યો.

સાંજ પડી ને સઉને ઘરે જવાની વેળા થઈ.

સાથી કહે : "આતા ! આમને આમ જાર ભરી આલું ?"

"ભેરૂ ! સંધાયને આવ્યા'તા ઈમ હાર્યમાં ઉભા રાખ્ય, ને છેલ્લાને પહેલો ગણીને માંડય આલવા ઈમની દા'ડી. પાલી જાર એકોએકને."

એલ્યાય માંડયા ગણગણવા.

"આંતા ! દંન બધો અમે તૂટી મૂવા. આવડા આ પો'ર ચડયે આવ્યા'તા, ને આ બીજાય બપોર ને બપોર પછે આવ્યા. આ તો હજી હમણે તીજે પો'ર દંન નમ્યે આવ્યો, ઇનેય પાલી !"

"બાપલાવ ! ઈમાં તમને અનિયા[1] શો થયો ? તમારી દા'ડી પાલી જારની છે ને ? અધવાલી[2] આલું છું તમને ?

"તાણે લ્યો તમ તમારે તમારી પાલી. લ્યો હલાવી ઠાંસીને લ્યો, શગોશગ[3] ને ખળખળતી; ને થાવ ઘરભેળા."

"આ બચાડાને કામ નો મળ્યું ને મોડા વળગ્યા તીનેય તમ જેવાં જ પેટ છે. ઈમને ઘરેય તમ જેવાં જ છોરૂ-વાછરૂ છે.

"એટલે હું હૈયે રામ રાખીને આલેશ. સંધાયને[4] સરખું આલેશ. આવો આ છેલ્લો આવ્યો તીનેય પાલી જાર જ આલેશ; ઠાંસી હલાવી-, શગોશગ ને ખળખળતી.

"ઈમ સાજનો ! તમેય રામજીના ખેડુનો નિયાપ[5] વરતો."

[ મથા પીર (સેન્ટ મેથ્યુસ) રચિત ઈશુ ભાગવત (ગૉસ્પેલ)ને આધારે ]

આ વાર્તા પરથી સમજાય છે કે સમાજનો જે છેલ્લામાં છેલ્લો, પછાતમાં પછાત, દીનમાં દીન હોય તેનો ઉદય કર્યા વિના સર્વોદય સાધી શકાતો નથી. કાકાસાહેબના શબ્દમાં કહીએ તો અન્ત્યોદય વિના સર્વોદય સિદ્ધ થઈ શકતો નથી. તેથી 'અન-ટુ ધિસ લાસ્ટ' એ શબ્દપ્રયોગ બહુ સાર્થ છે. પણ સર્વોદયની ભાવના તેથી વધુ વ્યાપક છે, ગાંધીજીની ફિલસૂફીમાં સત્યાગ્રહનું સ્થાન જેટલું મહત્ત્વનું છે તેટલું જ મહત્ત્વનું સ્થાન સર્વોદયનું છે. તેઓ કેવળ એ વિચારો દુનિયાને ભેટ આપીને થંભ્યા નથી, પણ પોતે તેનો યથાશક્તિ અમલ

---

૧. અન્યાય. ૨. અડધી પાલી. ૩. પૂરેપૂરી ભરેલી. ૪. સઘળાને. ૫. ન્યાય.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

કર્યો છે, અને દુનિયાને તેનો અમલ કરવાની રીત પણ બતાવી છે. ગરીબ માણસને તેની ગરીબાઈમાંથી–તેનાં દૂષણોમાંથી ઉગારી લેવાની જેટલી જરૂર છે, તેટલી જ જરૂર શ્રીમંત માણસને તેની શ્રીમંતાઈમાંથી–તેનાં દૂષણોમાંથી ઉગારી લેવાની છે.

શ્રીમંત લોકો સુખી જ હોય છે એમ માનવાને કશું કારણ નથી. જાતમહેનત ન કરવાને લીધે તથા પચવામાં ભારે ખોરાક ખાવાની ટેવને લીધે તેમનામાંના મોટા ભાગનાં શરીર, ખાસ કરીને તેમની પાચનશક્તિ બગડી ગયેલી હોય છે. વળી કેટલાકને પોતાનું જીવન બીજા ઘણાઓના શોષણ ઉપર ચાલે છે તેનું ભાન હોય છે. એટલે તેમના દિલમાં શાન્તિ કે સમાધાન હોતાં નથી. તેમના આશ્રિતો તેમનાથી કદાચ ડરતા હશે, તેમની ખુશામત પણ કરતા હશે, પણ સામાન્ય રીતે લોકો એમના પ્રત્યે પ્રેમભાવની નજરે જોતા હોતા નથી, કારણ તેઓ જાણે છે કે એમની બધી પ્રવૃત્તિઓમાં પ્રેમ નહીં, પણ સ્વાર્થ પ્રધાનપદે હોય છે. એ જ પ્રમાણે ગરીબ લોકો પણ સુખી નથી હોતા, કારણ તેઓ મજૂરી કરે છે, છતાં એમની જરૂરિયાતો પૂરી પડતી નથી. આમ અત્યારે તો દુનિયામાં ગરીબ અને શ્રીમંત એમાંથી કોઈ સુખી જોવામાં આવતું નથી. ખરું સુખ સાચી સમજ અને સંતોષમાં રહેલું છે. આપણે જોઈશું કે સર્વોદયમાં ગરીબની સાથે શ્રીમંતનું પણ કલ્યાણ રહેલું છે. એમાં જુદા જુદા વર્ગો વચ્ચે વેરોવંચો રાખવાનો નથી, પણ વર્ગભેદ રહે જ નહીં એવી સમાજરચના કરવાની છે.

'અન-ટુ ધિસ લાસ્ટ' ગાંધીજીએ પ્રથમ વાંચ્યું ત્યારથી જ તેની એમના ઉપર ભારે અસર થઈ અને તેમણે પોતાના જીવનમાં પરિવર્તન કરવા માંડ્યું. એ પુસ્તકનો ભાવાર્થ તેમણે 'સર્વોદય' નામની ગુજરાતી પુસ્તિકામાં આપ્યો છે. 'અન-ટુ ધિસ લાસ્ટ'માં બાઇબલમાંથી ઘણા ઉતારા આવે છે, એટલે ગુજરાતીમાં આખું ન આપતાં એમણે એનો ભાવાર્થ જ આપ્યો છે. પોતાની આત્મકથામાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



તેઓ લખે છે કે સર્વોદયના સિદ્ધાંતો હું આમ સમજ્યો :

(૧) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

(૨) વકીલ તેમજ વાળંદ બંનેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ. કેમકે આજીવિકાનો હક બધાને એકસરખો છે.

(૩) સાદી મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

પહેલી વસ્તુ હું જાણતો હતો. બીજી હું ઝાંખી જોતો હતો. ત્રીજીનો મેં વિચાર જ નહોતો કર્યો. પહેલીમાં બીજી બંને સમાયેલી છે, એ મને સર્વોદયે દીવા જેવું દેખાડ્યું.

વિનોબાએ સર્વોદયનો સરળ અર્થ સમજાવતાં કહ્યું છે કે :

"પરંતુ આપણે આપણાં જીવન એવાં બનાવ્યાં છે કે એકનું હિત સાધવા જતાં બીજાના હિતનો વિરોધ ઊભો થાય છે. ધન વગેરે જે ચીજોને આપણે લાભદાયી માનીએ છીએ તેનો, બીજાની પરવા કર્યા વગર અને કેટલીક વાર તો એની પાસેથી છીનવી લઈને પણ, સંગ્રહ કરીએ છીએ. ધનને એટલે કે સુવર્ણને આપણે પ્રેમથી પણ વધુ મૂલ્યવાન ગણીએ છીએ. એવી સુવર્ણની માયા દુનિયામાં ફેલાઈ ગઈ છે. તેનું પરિણામ એ આવ્યું છે કે પરસ્પર મેળ અથવા સમન્વય, જે સહેલો હોવો જોઈએ તે અઘરો થઈ પડ્યો છે. આ મેળની શોધમાં કેટલાંયે રાજકીય, સામાજિક અને આર્થિક શાસ્ત્રો લખાયાં છે, છતાં સૌનું હિત સાધી શકાયું નથી. પરંતુ આપણે એક સાદી વાત સમજી જઈએ, તો એ સધાય. દરેક વ્યક્તિએ બીજાની ચિંતા રાખવી જોઈએ, અને પોતાની ચિંતા પણ એવી ન રાખે જેથી બીજાને તકલીફ થાય. એ પ્રમાણે આપણાં કુટુંબોમાં ચાલે છે જ. કુટુંબનો આ ન્યાય સમાજને લાગુ પાડવાનું કઠણ ન લાગવું જોઈએ, ઊલટું સહેલું લાગવું જોઈએ. એને 'સર્વોદય' કહે છે.

'સર્વોદય'નો આ એક બહુ સહેલો અને સીધો અર્થ છે. આપણે જેમજેમ એનો પ્રયોગ કરતા જઈશું, તેમતેમ એના બીજા વધારે અર્થ પણ નીકળશે. પણ એનો ઓછામાં ઓછો સ્પષ્ટ અર્થ એ છે, અને એમાંથી જ આ પ્રેરણા મળે છે કે આપણે બીજાની કમાઈનું ખાવું જોઈએ નહીં. આપણે આપણી પોતાની કમાઈ જ ખાવી જોઈએ. બીજાનું ધન કોઈ રીતે આપણે લઈ લઈએ, તે આપણી કમાઈ ન કહેવાય. કમાઇનો અર્થ પ્રત્યક્ષ પેદાશ, એ છે. આ બે નિયમોનું આપણે પાલન કરીએ તો સર્વોદય સમાજનો પ્રચાર દુનિયામાં થઈ શકે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



સર્વોદયના સિદ્ધાંત પ્રમાણે સમાજરચના કરવી હોય તો સમાજમાં પ્રવર્તતાં મૂલ્યાંકનો આપણે ધરમૂળથી બદલવાં જોઈશે. તેમાં મોટામાં મોટી વસ્તુ એ કરવી પડશે કે આજે સમાજમાં ધનની અને સત્તાની જે પ્રતિષ્ઠા જામી છે, તેને બદલે શ્રમની અને સેવાની પ્રતિષ્ઠા સ્થાપવી પડશે. ધન અને સત્તાની પ્રતિષ્ઠા એ જ આજે ચાલી રહેલા સઘળાં યુદ્ધોના મૂળમાં છે. જો સમાજમાં શ્રમની અને સેવાની પ્રતિષ્ઠા સ્થપાય તો યુદ્ધો નાબૂદ થાય, અને દુનિયા જે શાંતિની ઝંખના કરી રહી છે તે શાંતિ દુનિયા ભોગવી શકે.

## ૨ : સર્વોદય સમાજના પાયા

ઉપરના વિવેચન ઉપરથી એટલું તો સ્પષ્ટ થયું હશે કે સર્વોદય સમાજ ધર્મ અને નીતિના પાયા ઉપર રચાવો જોઈએ. આપણું સાધ્ય શુદ્ધ અને કલ્યાણકારી હોવું જોઈએ, એટલું જ બસ નથી, તેની સાથે આપણે જે સાધનો વાપરીએ તે પણ શુદ્ધ હોવાં જોઈએ. યુરોપમાં ફિલસૂફોનો એક વર્ગ એવો છે, જેઓ કહે છે, સાધ્ય શુદ્ધ હોય તો ગમે તેવાં સાધન ચાલે. આ ફિલસૂફી ભ્રામક છે, કારણ સાધ્ય ઉપર આપણો કાબૂ નથી, પરંતુ સાધન ઉપર આપણો સંપૂર્ણ કાબૂ છે. કેવાં સાધન વાપરવાં એ આપણા હાથની વાત છે. સાધ્ય ફળીભૂત થવામાં ઘણાં કારણો ભાગ ભજવે છે, અને તે બધાં કારણો પર આપણે કાબૂ ધરાવતા હોતા નથી; પણ સાધન આપણા કાબૂમાં હોય છે એટલે આપણે હમેશાં શુદ્ધ સાધનો વાપરવાં જોઈએ.

### ૧. સત્ય અને અહિંસા—સાધનશુદ્ધિ

સર્વોદય સિદ્ધ કરવો હોય તો સત્ય અને અહિંસાને આપણે વળગી જ રહેવું જોઈશે. માણસ માત્ર અપૂર્ણ હોઈ, પૂર્ણ સત્યનો તેને ખ્યાલ આવી શકતો નથી, એટલે પોતે જેટલું સત્ય સમજ્યો હોય તેટલું તેણે આચરવું રહ્યું. પોતે સમજેલું સત્ય એ જ ખરું અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



પૂર્ણ છે એવો તે આગ્રહ રાખી શકે નહીં. બીજાએ સમજેલું સત્ય વધારે ખરું હોય એમ પણ સંભવે. તેથી પોતે સમજેલું સત્ય તેણે બીજા ઉપર બળજબરીથી લાદવાનો આગ્રહ રાખવો જોઈએ નહીં. તે માટે તેણે અહિંસક રહેવું ઘટે છે. તો જ આપણે બીજાને અન્યાય કરતા અટકીએ. આપણું સત્ય અધૂરું હોય તો તેથી જે કાંઈ નુકસાન થાય તે, આપણે અહિંસક રહ્યા હોઈએ તો, આપણે એકલાને જ ભોગવવું પડે છે. એક રીતે કહીએ તો અહિંસા એ સાધન છે અને સત્ય એ આપણું સાધ્ય છે. સર્વોદયમાં સૌનું કલ્યાણ અભિપ્રેત હોઈ એવા સમાજનો પાયો સત્ય અને અહિંસા ઉપર જ મંડાવો જોઈએ, અને સાધનશુદ્ધિનો ખાસ આગ્રહ રાખવો જોઈએ.

સર્વોદય સાધવાના આપણા પ્રયત્નમાં તથા આપણા બીજા વ્યવહારમાં બળજબરીને સ્થાન ન હોઈ શકે. આ સિદ્ધાન્તને માનનારા આપણે મુઠ્ઠીભર હોઈએ તો બીજાઓને આપણા વિચારના કરવાના પ્રયત્નમાં આપણે મરી ફીટીએ, પણ બળજબરી ન વાપરીએ. તેમ કરીએ તો આપણા ધ્યેયને જ આપણે નુકસાન પહોંચાડીએ. વળી બીજાના મતને દબાવી દેવાનો પ્રયત્ન કરવા જઈએ તોપણ આપણા કાર્યને આપણે નુકસાન પહોંચાડીએ. સર્વોદયમાં તો સંપૂર્ણ મતસ્વાતંત્ર્યને અને પ્રચારસ્વાતંત્ર્યને આપણે ઉત્તેજન આપવાનું છે.

સર્વોદયની દૃષ્ટિએ સ્થાપવાની સમાજરચનાનો આરંભ આપણા પોતાના જીવનમાં પરિવર્તન કરીને કરવાનો છે. આપણા વ્યક્તિગત તેમજ સામાજિક જીવનમાં અસત્ય તેમજ હિંસાનો પ્રયોગ આપણે નહીં કરીએ એવી પ્રતિજ્ઞા કરવાની છે. એના પ્રયત્નમાં આપણામાં કશી કચાશ ન હોવી જોઈએ.

## ૨. સામાજિક અને આર્થિક સમાનતા

સર્વોદય સમાજનો બીજો પાયો સામાજિક અને આર્થિક સમાનતા છે. સર્વોદય સમાજમાં સામાજિક દૃષ્ટિએ માણસ માણસ વચ્ચે ઊંચનીચનો કશો ભેદભાવ ન હોય, અત્યારે અમુક જ્ઞાતિ ઊંચી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



અને અમુક જ્ઞાતિ નીચી ગણાય છે તે ન હોય. તેમજ જાતિ (Races) જાતિ વચ્ચે પણ ઊંચાનીચાપણું ન હોય. જ્યાં આવી સ્થિતિ વર્તતી હોય ત્યાં અમુક જ્ઞાતિઓને અસ્પૃશ્ય ગણવાનું તો સંભવી જ ન શકે. તે જ રીતે કોમ કોમ વચ્ચે જે વેરભાવ જોવામાં આવે છે તે પણ ન હોઈ શકે, તેમજ સ્ત્રી અને પુરુષ વચ્ચે પણ પૂરેપૂરી સમાનતા હોય, વળી જુદા જુદા ધર્મો વચ્ચે પણ ભેદભાવને બદલે સમભાવ—સરખાપણાનો ભાવ પ્રવર્તતો હોય.

આપણા દેશમાં સામાજિક ઊંચનીચ ભાવનું પ્રાબલ્ય ઘણા લાંબા વખતથી ચાલતું આવ્યું છે. એને આપણે ધર્મનું એક અંગ માન્યું છે, તેથી જ બીજા ધર્મના લોકો અહીં આવ્યા ત્યારે એમના ધર્મનો પ્રચાર અહીં જલદી થયો, કારણ ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મમાં આપણા જેવો સામાજિક ઊંચનીચ ભાવ નહોતો. એ ધર્મોનો પ્રચાર આપણા દેશમાં એમની રાજસત્તાને લીધે થયો એમ કહેવામાં કે માનવામાં પૂર્ણ સત્ય નથી. ઇસ્લામનો પ્રચાર મુસલમાન રાજાઓએ નહીં, પણ એમના ફકીરોએ અને ઓલિયાઓએ કર્યો છે. હિંદુઓમાં જેઓ પોતાને ઊંચ વર્ણના માનતા તેમણે બીજી વર્ણોને અન્યાય કર્યો તેને લીધે એ વર્ણોએ ઇસ્લામ સજીખુશીથી સ્વીકાર્યો. દક્ષિણ હિંદુસ્તાનમાં કેટલાક ઊંચ વર્ણના લોકોએ સમજીને ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો છે, જ્યારે ઉત્તરમાં મોટે ભાગે અસ્પૃશ્ય ગણાતી કોમોએ ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો છે. સર્વોદયમાં હિંદુઓની ઊંચનીચના ભેદભાવવાળી જ્ઞાતિવ્યવસ્થાને બિલકુલ સ્થાન ન હોઈ શકે. એ વ્યવસ્થા તોડવામાં આવે તો જ સર્વોદય સ્થાપી શકાય. સર્વોદયમાં હિંદુ-મુસલમાન–ખ્રિસ્તી વગેરે કોમી ભેદને પણ સ્થાન નથી. માણસ પોતાની મરજી પ્રમાણે કોઈ પણ ધર્મ પાળી શકે. દરેકે સર્વધર્મસમભાવની વૃત્તિ રાખવી જોઈએ.

અત્યારે સમાજમાં જે આર્થિક અસમાનતા જોવામાં આવે છે તે પણ સર્વોદય સમાજમાં ન હોઈ શકે. આર્થિક સમાનતા વિના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



સર્વોદય સમાજની સ્થાપના અશક્ય છે. આજે સમાજમાં કેટલાંક કામોની કિંમત વધારે આંકવામાં આવે છે. દાખલા તરીકે, સંચાલક અથવા વ્યવસ્થાપક પોતાના કામનો દરમાયો વધુ આંકે છે, રાજ્યશાસકો અને સરકારી અમલદારો વધુ પગારના અધિકારી ગણાય છે, વકીલો અને દાક્તરો ભારે ફીઓ લે છે, તેમાં કોઈને વાંધા જેવું લાગતું નથી. ઉદ્યોગપતિઓ અને વેપારીઓ ભારે નફા લે છે તે જાણે સ્વાભાવિક ગણાય છે; જ્યારે મજૂરવર્ગ અથવા ખેડૂતવર્ગ, જેમના વિના સમાજ નભી ન શકે, તેમને ઓછી મજૂરી અથવા મહેનતાણું મળે છે. આવી આર્થિક અસમાનતા સર્વોદય સમાજમાં ચાલી ન શકે. તેમાં તો જેટલાં કામ સમાજને ઉપયોગી હોય તે બધાંની મજૂરી લગભગ સરખી હોય. તેથી જ ગાંધીજીએ સર્વોદયનો સિદ્ધાંત સમજાવતાં કહ્યું છે કે "વકીલ તેમજ વાળંદ બંનેના કામની કિંમત એકસરખી હોય, આજીવિકાનો હક બધાંને એકસરખો છે."

આજે કેટલાંક કામ સમાજને ઓછાં ઉપયોગી અથવા બિનજરૂરી અથવા નુકસાનકારી હોવા છતાં તેમાં કમાણી વધારે થાય છે. આર્થિક અસમાનતા વધવાનું આ એક મોટું કારણ છે. કેટલાક નટો અને નટીઓને એમની કળાને નામે હજારો અથવા લાખો રૂપિયાના પગારો મળે છે; સટોડિયાઓ અને જુગારીઓ એક ઘડીમાં હજારો રૂપિયા કમાય છે અથવા ખુએ છે; મિલમાલિકો બાદશાહી કમિશનો લે છે. આવું બધું સર્વોદય સમાજમાં ન ચાલી શકે. સર્વોદય સમાજમાં તો સમાજઉપયોગી તમામ પ્રવૃત્તિઓનું મહેનતાણું એકસરખું હોય અને સમાજવિરોધી પ્રવૃત્તિઓનો નિષેધ હોય.

## ૩. શ્રમની પ્રતિષ્ઠા

સર્વોદય સમાજમાં ધનની નહીં પણ શ્રમની પ્રતિષ્ઠા હોય. દરેક માણસ પોતાની શક્તિ પ્રમાણે પરિશ્રમ કરે. તેથી જ ગાંધીજીએ કહ્યું છે કે 'સાદી મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે,' કારણ ખેડૂતો અને મજૂરો વિના દુનિયા નભી ન શકે. આજે આપણા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



સમાજમાં શ્રમજીવી અને બુદ્ધિજીવી એવા બે વર્ગ પડી ગયેલા જોવામાં આવે છે. તેમાં શરીરશ્રમ કરતાં બુદ્ધિની કિંમત ઘણી વધારે અંકાય છે. આપણે સમાજમાં સર્વોદય સિદ્ધ કરવો હોય તો આ જાતનો ભેદ કાઢી નાંખ્યે જ છૂટકો છે. આદર્શ સ્થિતિ તો એ છે કે દરેક માણસ શરીરશ્રમ કરીને આજીવિકા મેળવે અને પોતાની બુદ્ધિનો ઉપયોગ સમાજની સેવાને માટે કરે. આટલે સુધી ન પહોંચી શકાય તોપણ શરીરશ્રમની અને બુદ્ધિની કિંમત સરખી અંકાવી જોઈએ; જોકે શરીરશ્રમ અને બુદ્ધિ એ બે તદ્દન નિરનિરાળી વસ્તુઓ નથી. શરીરશ્રમ કરવામાં પણ બુદ્ધિની જરૂર પડે છે અને બુદ્ધિજીવી લોકોને પણ કાંઈક તો શ્રમ કરવો જ પડે છે, છતાં શ્રમજીવી અને બુદ્ધિજીવી એવો ભેદ પાડવામાં આવ્યો છે. એ ભેદ સર્વોદય સમાજમાં ભૂંસી નાખવો જોઈશે.

સૈકાઓથી શ્રમની પ્રતિષ્ઠા અને મૂલ્યની આપણે અવજ્ઞા કરતા આવ્યા છીએ, એટલું જ નહીં, પણ જે લોકો સમાજને માટે શ્રમ કરીને અનાજ પકવે છે, ઘી દૂધ તથા શાકભાજી પૂરાં પાડે છે, કપડાં વણે છે, ઘર બાંધવાની મજૂરી કરે છે, વાસણ માંજે છે તથા કપડાં ધુએ છે, શેરીઓ સાફ કરે છે, પાયખાનાં અને મુતરડીઓ સાફ કરે છે, તેમને આપણે હલકી અને નીચ જાતિના ગણીએ છીએ. કેટલાકને તો આપણે આપણા અભિમાનમાં અસ્પૃશ્ય ગણીએ છીએ.

બીજી તરફથી ધન, સત્તા અને પુસ્તક-પાંડિત્યને માન આપવામાં આવે છે. મહેનતમજૂરી કરી સમાજને માટે જરૂરી વસ્તુઓનું ઉત્પાદન કરનારા તથા સમાજનાં જરૂરી કામો કરનારાને આપણે હલકા ગણીએ છીએ. તેનું પરિણામ એ આવે છે કે એ લોકોને પણ પોતાનાં કામ ગમતાં નથી. એશઆરામી જીવન પ્રત્યે એ લોકોમાં પણ આકર્ષણ વધતું જાય છે. સૌને એવું જીવન ભોગવવાનું મળી શકતું નથી એ જુદી વાત છે, પણ એવા જીવનની ઝંખના તો એમનામાં રહે જ છે, અને જો તક મળે તો મહેનતમજૂરીનાં કામ છોડી દેવા તેઓ તૈયાર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

હોય છે. પરિણામ એ આવે છે કે અક્કલ-હોશિયારીવાળા માણસો આવાં કામોમાંથી પહેલી તકે ભાગી છૂટે છે.

સર્વોદય સાધવા માટે આ વિચારમાં ભારે પરિવર્તન કરવું પડશે. સમાજને ઉપયોગી શ્રમ કરવો અને શ્રમ કરવા માટે શરીરને બરાબર કેળવવું એ સંસ્કારિતાનું આવશ્યક લક્ષણ ગણાવું જોઈએ.

## ૪. ગામડાંની સ્વયંસંપૂર્ણતા

સર્વોદય સમાજનો ચોથો પાયો એ છે કે સમાજમાં નાના નાના ઘટકો, દાખલા તરીકે, એક એક ગામડું અથવા બેત્રણ નાનાં ગામડાંનો સમૂહ, એ આર્થિક બાબતમાં લગભગ સ્વયંસંપૂર્ણ હોય. આને આપણે વિકેન્દ્રિત અર્થરચના કહીએ છીએ. ગામડાંમાં ખેતીની સાથે લોકો ગોપાલન તથા ગૃહઉદ્યોગો કરીને અનાજ ઉપરાંતની બીજી જરૂરની ચીજો પેદા કરી લે તો તેઓ પોતાની પ્રાથમિક જરૂરિયાતની બધી ચીજોની બાબતમાં લગભગ સ્વાવલંબી થઈ શકે. પોતાના પ્રદેશમાં બનતી જ ન હોય અથવા બની શકતી ન હોય એવી કેટલીક ચીજો તેમને બહારથી લાવવી પડે, પણ તે બહુ ઓછી હોય. વળી તે વિના જીવન નભી જ ન શકે એવું તો ન જ હોય. અત્યારે ચાલતી અર્થરચના પ્રમાણે આપણી પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ માટે પણ આપણે દૂર દૂરના દેશો ઉપર આધાર રાખવો પડે છે; તેથી આપણું જીવન ઘણે ભાગે પરાવલંબી થઈ ગયું છે. આસમાનીસુલતાની આફતોને લીધે કોઈ વાર એવું બને કે પરદેશથી વસ્તુઓ આવી ન શકે, ત્યારે આપણે લાચારી ભોગવવી પડે. અમે સૂચવી છે તેવી વિકેન્દ્રિત અર્થરચનામાં આપણે સાચી સ્વતંત્રતા ભોગવી શકીએ.

રાજકીય બાબતમાં પણ આપણાં ગામડાં પૂરેપૂરું સ્વરાજ ભોગવતાં હોવાં જોઈએ. સત્તાનું મૂળ અથવા ઊગમ ગામડામાં હોય. ત્યાંથી તાલુકામાં, તાલુકામાંથી જિલ્લામાં, જિલ્લામાંથી પ્રાન્તમાં અને પ્રાન્તમાંથી મધ્યવર્તી કેન્દ્રમાં, એમ સત્તાના વર્તુળનો વિસ્તાર થતો જાય. અહીં સત્તા એટલે અહિંસક સત્તા એમ સમજવાનું છે. નાનામાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



નાનું વર્તુળ પોતાને લગતી મહત્ત્વની બાબતમાં સ્વતંત્ર અને સ્વપર્યાપ્ત હોય.

પણ આ બધું જો જ્ઞાનપૂર્વક થાય તો જ કામનું છે. બ્રિટિશ રાજ્યની સ્થાપના થઈ તે પહેલાં આપણે ત્યાં ગૃહઉદ્યોગો અને ગ્રામઉદ્યોગો સારી રીતે ચાલતા અને આપણાં ગામડાં લગભગ સ્વાવલંબી અને સ્વયંસંપૂર્ણ હતાં. ઇંગ્લંડમાં યંત્રઉદ્યોગોની સ્થાપના થઈ ત્યારે પોતાનો માલ હિંદુસ્તાનમાં કેવી રીતે દાખલ કરવો અને ખપાવવો તે માટે ત્યાંની ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ એક કમિટી નીમી હતી. એ કમિટીએ એવો રિપોર્ટ કરેલો કે હિંદુસ્તાનનાં ગામડાંના લોકો એટલા સાદા અને પોતાની જરૂરિયાતોની બાબતમાં એટલા સ્વાવલંબી છે કે તેનાં ગામડાંઓમાં આપણો માલ શી રીતે દાખલ કરવો એ પ્રશ્ન અમને ભારે મૂંઝવનારો લાગે છે. પણ આપણાં ગામડાંનું સ્વાવલંબીપણું રૂઢ પરંપરાને લીધે હતું. એ જ્ઞાનપૂર્વક નહોતું, એની પાછળ એક જાતની જડતા હતી એટલે સસ્તો અને આકર્ષક પરદેશી માલ આવતાં આપણે લલચાયા અને આપણા ઘણા ગ્રામઉદ્યોગો અને ગૃહઉદ્યોગો પડી ભાંગ્યા. તેથી જ અમે કહીએ છીએ કે આ બધી વસ્તુઓમાં જ્ઞાન ઓતપ્રોત હોવું જોઈએ. આપણે જે નવી સમાજરચના કરવા માંગીએ છીએ તેની પાછળ જ્ઞાન હશે તો જ તે અમલમાં લાવી શકીશું અને તો જ તે ટકી શકશે.

*

## ૩ : સર્વોદયનું જીવનધોરણ

આજકાલ જીવનધોરણ ઊંચું લાવવાની વાત એશિયાના લગભગ બધા દેશોમાં ચાલે છે. યુરોપ અને અમેરિકાને મુકાબલે એશિયા અને આફ્રિકાના વતનીઓનું જીવનધોરણ બહુ નીચું છે, એમાં શક નથી; એટલે આપણા જીવનધોરણને આજે છે તે કરતાં ઊંચું કરવાની જરૂર તો છે જ, પણ જીવનધોરણ ઊંચું કરવું એટલે શું એ વિશે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ઘણા વિચારકો અને લેખકો સ્પષ્ટ નથી. એક અંગ્રેજ લેખકે આપણા દેશનું જીવનધોરણ ઊંચું ચડવા લાગ્યું છે એ બતાવવા લખ્યું હતું કે ‘ગામડાંના લોકો પહેલાં કરતાં સારાં ઘરોમાં રહેતા થયા છે. ઘણાં ઘરો પાકાં બાંધેલાં હોય છે અને ઉપર પતરાં નાંખેલાં હોય છે જેથી ઘરમાં પાણી ગળે નહીં. લોકો પહેલાં કરતાં વધારે કપડાં પહેરે છે. ચા પીવાનું તો દૂર દૂરનાં ગામડાં સુધી પહોંચી ગયું છે. નાનાં નાનાં ગામડાંમાં પણ હોટેલો જોવામાં આવે છે. નાના ગામના લોકો શહેરો અથવા કસબાના કે મોટા ગામનાં બજારમાં જાય ત્યારે સોડાવૉટર અને લેમોનેડ જરૂર પીએ છે. તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે મોટરબસનો ઉપયોગ કરે છે. મોટરબસો ગામડે ગામડે પહોંચી ગઈ છે. ઘણાં ગામડાંના લોકો વીજળીની બૅટરીઓ વાપરે છે. તેઓ વિમાનમાં બેઠા નહીં હોય, તોપણ વિમાન તેમણે જોયું તો હશે જ, વગેરે.’ જીવનધોરણ ઊંચું થયાની ઉપર જણાવી તેવી હકીકત બેહૂદી છે. જીવનધોરણ વધ્યું છે કે નહીં એ સાચેસાચું જોવું હોય, તો પહેલાં તો એ જોવું જોઈએ કે આપણને જે ખોરાક મળે છે તે પૂરતો પૌષ્ટિક છે કે નહીં, ટાઢ, તડકો તથા વરસાદના રક્ષણ સામે જરૂરી કપડાં લોકોને પહેરવા મળે છે કે નહીં, આપણાં રહેવાનાં ઘર પૂરતાં હવાઉજાશવાળાં છે કે નહીં, વળી તેનાં આંગણાં અને આસપાસની જગ્યા બરાબર સ્વચ્છ છે કે નહીં, આપણાં બાળકોને આપણે સારી કેળવણી આપી શકીએ છીએ કે નહીં, તેમજ મંદવાડ વખતે ઉપચારની અને આરામની સગવડ આપણને મળે છે કે નહીં, વળી જરૂરી પ્રવાસ, જે કેળવણીનું એક અંગ છે તે, કરવાની સગવડ આપણી પાસે છે કે નહીં. આ બધું દેશના દરેકે દરેક માણસને સર્વોદયમાં મળી શકવું જોઈએ.

જયારથી અનાજ ઉપર અંકુશો અને માપબંધી દાખલ થયાં ત્યારથી શહેરોના શ્રીમંતોને પણ ખાવા માટે સારું અનાજ મળી શકતું નથી. હવે અંકુશો હળવા થયા છે એટલે પરિસ્થિતિ કાંઈક

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

સુધરી છે ખરી, છતાં પૌષ્ટિક ખોરાકનો વિચાર કરીએ તો આપણા દેશની વસ્તીના ૮૦ ટકા જેટલા ભાગને ઘી-દૂધ જોવા પણ મળતાં નથી. ઉપલા મધ્યમ વર્ગના અને શ્રીમંત લોકો ઘી-દૂધ ખાય છે ખરા, પણ એમને ચોખ્ખું ઘી-દૂધ મળવું દોહ્યલું થઈ પડ્યું છે. દૂધમાં પાણી અથવા આરોગ્યને નુકસાનકારક વસ્તુઓ ભેળવવામાં આવે છે. વળી 'વનસ્પતિ'નો પ્રચાર એટલો બધો વધી ગયો છે કે છેક અંદરના ભાગોમાં, દૂર દૂરનાં ગામડાંમાં પણ, તે દાખલ થઈ ગયું છે. ગામડાંમાં પણ ચોખ્ખું ઘી મળે એનો ભરોંસો પડતો નથી. લોકો વલોણામાં જ વનસ્પતિ નાંખી દે છે. એને છાશનો પાસ લાગે છે એટલે એ ઘી ચોખ્ખું હશે કે વનસ્પતિમિશ્રિત હશે તે સહેજે પારખી શકાતું નથી. બીજી રીતે પણ ખોરાકની ચીજોમાં ભેળસેળ કરવાનું સર્વસામાન્ય થઈ પડ્યું છે. વળી આપણા અજ્ઞાનને લીધે પણ આપણે મોટે ભાગે આરોગ્યને નુકસાનકારક ખોરાક ખાઈએ છીએ.

જીવનધોરણ ઊંચું કરવું એનો અર્થ સામાન્ય રીતે એવો કરવામાં આવે છે કે આપણી જરૂરિયાતો ઉત્તરોત્તર વધાર્યે જવી. એવું મનાય છે કે જરૂરિયાતો વધાર્યે જવાની અભિલાષા રાખવાથી માણસ પ્રગતિ સાધી શકે છે. થોડેથી સંતોષ માનીને બેસી રહેવાથી તે કશી નવી શોધ કરી શકતો નથી, અને એની પ્રગતિ અટકી પડે છે. પણ આપણી જરૂરિયાતો વધાર્યે જઈએ તો તેનો અંત ક્યાં આવે તે કહી શકાતું નથી. માણસને ઘેર ઘોડાગાડી હોય, એને મોટર રાખવાનું મન થાય. એક મોટર સંપાડી શકે એટલે પ્રગતિ કરવી હોય તો તેણે બે મોટર રાખવી જોઈએ. પછી તો ઘરનાં બધાં માણસો માટે અલગ અલગ મોટર રાખવાનો વિચાર આવે. ઘરના રાચરચીલામાં વધારો જ કર્યે જવાનું મન થાય. આમ જીવન વધુ ને વધુ ખર્ચાળ બને. પછી તે ખર્ચને પહોંચી વળવા માણસ અનેક આડાઅવળા ધંધા કરે. અત્યારે અમેરિકાનું જીવનધોરણ સૌ દેશો કરતાં ઊંચું ગણાય છે, પણ તેથી ત્યાંના લોકો સુખી કે સંતોષી છે એમ કહી શકાય નહીં.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



જીવનધોરણ ઊંચું કરવું એટલે વધારે ખર્ચાળ કરવું એવો અર્થ કરવામાં આવે છે. પછી તો એની ઘેલછા લાગે છે અને માણસનું સુખ દૂર ને દૂર જતું જાય છે.

સર્વોદય સમાજમાં જીવનધોરણ ઉત્તરોત્તર ખર્ચાળ કરવાને બદલે બને તેટલું સાદું રાખવું જોઇશે. સર્વોદયમાં પ્રજાના તમામ વર્ગો આવી જાય છે. તેમનું જીવનધોરણ વધારે જરૂરિયાતોવાળું કરવું એ શક્ય પણ નથી અને ઇષ્ટ પણ નથી. જીવનધોરણ ઊંચું કરવામાં અંતે તો માણસ ઘણી વસ્તુઓનો બગાડ કરે છે. આપણી જરૂરિયાતો છેવટે તો કુદરત પાસેથી જ આપણે મેળવી લેવાની હોય છે, એટલે જીવનધોરણ ઊંચું કરવાને માટે આપણે કુદરતની અવિચારી લૂંટ ચલાવવી પડે છે. વળી અત્યારે ચાલતાં યુદ્ધોની પાછળ એનાં મૂળ કારણ જોવા જઈએ તો જીવનધોરણ ઊંચું કરવાની હરીફાઈ જ માલૂમ પડશે. અને યુદ્ધોમાં એટલી બધી વસ્તુઓનો વિનાશ થાય છે કે યુદ્ધને અંતે યુદ્ધમાં ઊતરેલા દેશોને હલકું જીવનધોરણ સ્વીકારવું પડે છે.

ખરો ઉપાય એ છે કે આપણું જીવનધોરણ અમુક મર્યાદામાં અને સાદું રાખવું. સાદાનો અર્થ કંગાળ એવો અમે કરતા નથી. ઉપર અમે કહ્યું તેમ માણસને પોષક ખોરાક મળે, સાદાં કપડાં મળે, સ્વચ્છ અને હવાઉજાશવાળું રહેવાનું ઘર મળે, બાળકોને સારી કેળવણી આપી શકાય, મંદવાડ વખતે ઉપચારની સગવડ મળે અને જરૂરી આરામ મળે તથા અમુક અમુક વખતે પ્રવાસ કરવાની સગવડ મળે એવા જીવનધોરણને અમે જરૂરી ગણીએ છીએ. પણ આ બધું એવી સાદાઈથી ગોઠવાવું જોઇએ કે આવા જીવનને વધુ ખર્ચાળ બનાવવાની જરૂર ન હોય. જીવનની ઉપર જણાવી તેવી સગવડો મેળવવા માટે નાણાં કરતાં જાતમહેનત ઉપર આપણે વધુ આધાર રાખીએ.

આજે પૃથ્વીપર્યટન કરનારા ઘણા પ્રવાસીઓ જોવામાં આવે છે, પણ તેઓ આગગાડીમાં દોડતા અથવા વિમાનમાં ઊડતા, દુનિયા-

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

6568



નાં મોટાં મોટાં શહેરો જ જુએ છે. મોટાં શહેરોમાં દેશનું ખરું દર્શન થતું નથી. એવા પ્રવાસીઓ જુદા જુદા દેશો વચ્ચે આચાર-વિચારના વિનિમયનું સાધન બની શકતા નથી. પ્રવાસનો હેતુ નવી નવી વસ્તુઓ જાણવા જોવાનો હોય છે. પ્રવાસ તો ચીની સાધુઓ ફાહિયાન અથવા હ્યુએનસાંગનો કહેવાય; અથવા એશિયામાં બૌદ્ધ ધર્મનો પ્રચાર કરનાર હિન્દી બૌદ્ધ ભિખ્ખુઓનો ગણાય; અથવા આજના જમાનામાં ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના પ્રદેશો શોધી કાઢનાર મહાન પ્રવાસીઓનો ગણાય. અમુક મર્યાદિત સમયમાં પૃથ્વીપર્યટન કરનારાઓ તો પાર્સલો માફક રેલમાં, સ્ટીમરમાં અથવા વિમાનમાં ખડકાઈને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચે છે, એમ જ કહેવાય. પ્રવાસનો હેતુ દેશવિદેશનું દર્શન કરી જ્ઞાન સંપાદન કરવાનો, અને તેનો લાભ પોતાના માનવબંધુઓને આપવાનો હોય અથવા હોવો જોઈએ.

6568

અત્યારે આપણાં જીવન છેક કંગાળ અને કૂવામાંના દેડકા જેવાં થઈ ગયાં છે. એ જીવનમાં આપણે જરૂર પલટો આણવો છે, પણ આપણે સર્વોદય સાધવો હોય તો આપણી રહેણીકરણી તો અવશ્ય સાદી રાખવી જોઈએ.

આજે જેને ઊંચું અને સંસ્કારી જીવન કહેવામાં આવે છે તે નોકરોની મદદ વિના તથા બીજા માણસોની મજૂરીનો લાભ લીધા વિના ભોગવવું શક્ય નથી. એ નોકરો અને મજૂરો ક્યાં રહે છે અને કેવી રીતે રહે છે તે આપણે જાણતા નથી અથવા જાણવાની દરકાર રાખતા નથી. આવા જીવનમાં બીજાનું શોષણ અપરિહાર્ય છે. તેથી પણ સર્વોદયમાં સાદું જીવન આવશ્યક છે.

વિચારના અને જ્ઞાનના ક્ષેત્રમાં આપણે ઘણાં ઉડ્ડયનો કરીશું, પણ બીજાને ભોગે અથવા બીજાને કષ્ટ આપીને જીવનધોરણ ઊંચું કરવું, એટલે વધારે ખર્ચાળ બનાવવું એ બિલકુલ ઇષ્ટ નથી. અત્યારે આપણે કુદરતી સંપત્તિની અવિચારી લૂંટ ચલાવી રહ્યા છીએ. એનો



REFERENCE BOOK
OCT 1988
Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



અર્થ તો એટલો જ છે કે ભવિષ્યની પેઢીના મોઢામાંથી કોળિયો ઝૂંટવી લઈ આજે આપણે ખાઈએ છીએ. કોલસા, કેરોસીન, ધાતુઓ વગેરે કુદરતી સંપત્તિને તૈયાર થતાં હજારો કે લાખો વર્ષ લાગ્યાં હોય તેને આપણે અમુક સો વર્ષમાં ખલાસ કરી નાખીએ છીએ. આના જવાબમાં એમ કહેવામાં આવે છે કે નવી નવી શોધોને કશી મર્યાદા નથી. પરંતુ નવી શોધોનો ઉપયોગ આપણે જેટલો વિનાશમાં કરી રહ્યા છીએ તેટલો માણસનાં સુખસગવડો વધારવામાં કરતા નથી. આજનો જમાનો વિજ્ઞાનમાં આગળ વધેલો ગણાય છે, પણ પ્રજ્ઞા અથવા ડહાપણમાં આગળ વધેલો દેખાતો નથી. આજે વિજ્ઞાનનો યોગ હિંસાની સાથે થયો છે. તેથી જ દુનિયાની બધી રાજસત્તાઓ એકબીજાના વિનાશની સાધનસામગ્રી તૈયાર કરવામાં જીવલેણ હરીફાઈ કરી રહી છે. એનાથી થાકીને આપણે શાંતિને માર્ગે વળીએ, તેના કરતાં સમજીને શાંતિને માર્ગે વળીએ એ બહેતર છે. વિજ્ઞાનનો યોગ અહિંસાની સાથે કરવાની જરૂર છે, તો જ માનવજાતિ સુખી થશે અને જ્ઞાનવિજ્ઞાનમાં પ્રગતિ સાધી શકશે. સાદી રહેણી તથા ઉચ્ચ વિચારમય જીવન એ સર્વોદયની દૃષ્ટિએ માનવજાતિનું ધ્યેય હોવું જોઈએ.

## ૪ : સ્વાવલંબી ગામડાં

અત્યારે ગામડાં અને શહેરો વચ્ચે એક જાતની ઠંડી હરીફાઈ, અથવા ઠંડું યુદ્ધ ચાલી રહેલું દેખાય છે. તેને પરિણામે આપણા દેશમાં ગામડાં ઉત્તરોત્તર ભાંગતાં જાય છે, અને શહેરો આપણી કલ્પનામાં પણ ન આવે એવાં વધતાં જાય છે. આજથી ત્રીશ વર્ષ પહેલાં અમદાવાદ જેવા શહેરની વસ્તી બે અઢી લાખની હતી તે આજે આઠ લાખ ઉપર ગણાય છે. મુંબઈની વસ્તી દશ બાર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



લાખની ગણાતી તે આજે ત્રીશ પાંત્રીશ લાખની ગણાય છે. આમ લોકો ગામડાં છોડીને શહેરોમાં ભરાતા જાય છે, તેથી શહેરોમાં તેમને સુખ જ મળે છે તેમ નથી. આપણાં ગામડાંમાં આજે ગરીબી અને ગંદકીનો પાર નથી, પણ શહેરોની ગરીબી અને ગંદકી તેથી વધારે ભીષણ છે. શહેરો અને ગામડાં વિષે લખતાં અમેરિકન લેખક મિ. મૉર્ગને લખ્યું છે કે 'ગામડાંમાંથી શહેરમાં જઈ વસનારાની ભાગ્યે જ ચાર પેઢી ત્યાં જોવા મળે છે.' અલબત્ત, આમાં ઉપલા મધ્યમ વર્ગના અને શ્રીમંત વર્ગના લોકોને બાદ રાખવા જોઈએ, વળી અમેરિકામાં કદાચ ચાર પેઢી જોવા મળતી હશે, પણ આપણા દેશમાં તો બે પેઢી જોવા મળે એવું ભાગ્યે જ બને છે. ગામડામાંથી ખેડૂતો અથવા ખેત-મજૂરો શહેરમાં જાય છે. ત્યાં તેમને એવી ખરાબ હાલતમાં રહેવાનું હોય છે કે એમાંના મોટા ભાગના લોકો દમ, ક્ષય વગેરે શહેરી રોગના ભોગ થઈ પડે છે. એટલે જ અમે, બીજી પેઢી પણ થવાનો સંભવ નથી, એમ કહીએ છીએ. ટૉલ્સ્ટૉયે કહ્યું છે કે અનાજ વગેરે ખાવાની ચીજો તો ગામડાંમાં પાકે છે અને શહેરોમાં તો કશું પાકતું નથી, પણ શહેરો અને ગામડાં વચ્ચેનો સંબંધ એવો થઈ ગયો કે ગામડાંમાંથી કેવળ માણસો જ નહીં પણ ખોરાક અને બીજી સંપત્તિ પણ શહેરોમાં ઘસડાઈ જાય છે, એટલે માણસો આજીવિકા મેળવવા ગામડાં છોડી શહેરમાં જાય છે.

આજે પણ આપણા દેશની ૮૦ ટકા કરતાં વધારે વસ્તી તો ગામડાંમાં જ રહે છે, ઘણુ તેમાંના મોટા ભાગને આખું વર્ષ રોજગાર મળતો નથી. ખેડૂતોને ચારથી છ મહિના બેકાર રહેવું પડે છે. તે વખતે જેમની પાસે અનાજ સંઘરેલું હોય તેઓ ખાય છે, પણ જેમની પાસે બિલકુલ જમીન નથી એવા ખેતમજૂરોને તો વરસમાં કેટલાય દિવસ કેવળ ભડકું પીને અથવા ભૂખ્યાં કાઢવા પડે છે. તેમની પાસે પહેરવા ઓઢવાને પૂરાં સાધન હોતાં નથી. શિયાળાની ટાઢમાં એકાદ સાદડી ઉપર અથવા સાદડી વિના જમીન ઉપર સૂઈ રહેવું પડે છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

ટાઢ ઉડાડવા વચ્ચે તાપણું કરી એની આસપાસ માણસો ગૂંચળું વળીને સૂઈ રહે છે. હવે તો તાપણું કરવા લાકડાં મળવાં પણ દુર્લભ થવા લાગ્યાં છે. આવી સ્થિતિમાં ગામડાંઓએ બચવા માટે શું કરવું, એ એક વિકટ પ્રશ્ન છે.

મિલઉદ્યોગોને લીધે ખેતીમાં મદદગાર ગ્રામોદ્યોગો પડી ભાંગ્યા છે. આપણો દેશ આજે ખેતીપ્રધાન કહેવાય છે, પણ યંત્રઉદ્યોગોના આક્રમણ પહેલાં તે કેવળ ખેતીપ્રધાન નહોતો. અનાજ અને દૂધ-ઘી ઉપરાંત પોતાના વપરાશની લગભગ બધી ચીજો લોકો ગામડાંના ગ્રામઉદ્યોગો અને ગૃહઉદ્યોગો દ્વારા તૈયાર કરી લેતા. આજે તો એ બધી વસ્તુઓ ગામડાંના લોકોને ખરીદવાની હોય છે, અને ખરીદવા માટે પૈસા જોઈએ તે સારુ પોતાના ખાવા માટે વરસ ચાલે એટલું અનાજ ન હોય છતાં મોટા ભાગના ખેડૂતોને અનાજ વેચી નાખવું પડે છે. આમ બેકારીની સાથે તેમને ભૂખમરો વેઠવો પડે છે.

આપણાં ગામડાંઓએ ભૂખમરો અને કંગાળિયતમાંથી બચવું હોય તો તેમની પાસે એક જ ઉપાય છે : તેમણે પોતાના ગ્રામઉદ્યોગો અને ગૃહઉદ્યોગો સજીવન કરવા જોઈએ. એકલી ખેતી ઉપર ગામડાં નભી શકે એવી સ્થિતિ હવે રહી નથી. આપણા દેશની વસ્તીમાં ઘણો વધારો થયો છે. એટલી વસ્તીની બધી જરૂરિયાતો એકલી ખેતીમાંથી પૂરી ન પડે એ સ્વાભાવિક છે. ગઈ લડાઈ વખતે આપણને પ્રત્યક્ષ થયું કે અનાજની બાબતમાં પણ આપણે પૂરા સ્વાવલંબી નથી, પરંતુ આપણે ધારીએ અને પ્રયત્ન કરીએ તો અનાજની બાબતમાં સ્વાવલંબી થવું આપણે માટે અઘરું નથી. ખેડ, ખાતર અને પાણી એ ખેતીનાં આવશ્યક અંગો છે. ગરીબાઈ, આળસ અને અજ્ઞાનને લીધે એ ત્રણેમાં આપણે શિથિલ છીએ, અને જમીનની જોઈએ તેવી માવજત કરતા નથી. સરકાર તરફથી નહેરોની વિશાળ યોજનાઓ થઈ છે. તે પૂરી થયે ઘણી જમીનને પાણી મળતું થશે, છતાં પાણીના પુરવઠાની નાની નાની યોજનાઓ હાથ ધરવાની જરૂર તો ઊભી રહેશે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



વળી પાણીની સગવડ થાય એટલે ખાતરની જરૂર વધારે પ્રમાણમાં પડવાની. આજે ખાતર ઓછું પડે છે, તેથી રાસાયણિક અથવા નિર્જીવ ખાતર કેટલાક ખેડૂતો વાપરવા લાગ્યા છે. પણ ખેતીના નિષ્ણાતોનો એવો અભિપ્રાય છે કે આવા નિર્જીવ ખાતરથી જમીન બહુ થોડા વખતમાં ધોવાઈ જવાની અને સત્ત્વહીન થઈ જવાની. એટલે એવા ખાતરને છંદે ચડ્યા વિના જમીનનો કસ સાચવવા માટે તથા તેને વધુ ઉપજાઉ બનાવવા માટે જેનું સજીવ ખાતર બની શકે એવી કોઈ વસ્તુ આપણે નકામી જવા દેવી નહીં. છાણમૂતરના ઉકરડા આપણે એવી રીતે બનાવવા જોઈએ કે તેમાંનો જરાપણ કસ ઊડી જાય નહીં. વળી ખાતર બની શકે એવી તમામ વસ્તુઓને ખાડા ખોદી તેમાં નાંખી, સડવીને તેનું પણ ખાતર બનાવવું જોઈએ. આપણે કાચાં ચામડાં તથા તેલીબિયાં પરદેશ મોકલીએ છીએ તેમાં આપણે ચામડાંની છોલ તથા ચામડાંનું કતરણ જેનું કીમતી ખાતર બની શકે તે ગુમાવીએ છીએ. વળી તેલ પીલતાં જે ખોળ રહે તે ખાવાના તેમજ ખાતરના કામમાં આવે તે પણ ગુમાવીએ છીએ. એક લેખકે તો એટલે સુધી કહ્યું છે કે આવી વસ્તુઓની નિકાસ કરીને આપણે જમીનનું ઉપજાઉપણું નિકાસ કરીએ છીએ. આ ઉપરાંત શણ, બિયાં વગેરે ઉગાડી, તેને ખેડી નાખી જમીનમાં દાટી દેવાથી તેનું પણ સારું ખાતર થાય છે. આજે આપણે માણસનાં મળમૂત્રનો ખાતર તરીકે બહુ ઓછો ઉપયોગ કરીએ છીએ, અને તેને લીધે ગંદકીમાં વધારો કરીએ છીએ. આજે આપણી એવી દશા છે કે તમામ મળમૂત્રનો ખાતર તરીકે આપણે ઉપયોગ કરીએ તો જ આપણી ખેતીને સમૃદ્ધ કરી શકીએ અને ગંદકીમાંથી બચી શકીએ. આમ વિવેકપૂર્વક જેનું સજીવ ખાતર થાય એવી તમામ વસ્તુઓનો આપણે ઉપયોગ કરીએ તો નિર્જીવ રાસાયણિક ખાતર વિના આપણે સહેજે ચલાવી શકીએ એમ છીએ. પણ રાસાયણિક ખાતર કારખાનામાં તૈયાર થઈ શકે છે, જ્યારે વેડફાતી વસ્તુઓનો ખાતર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



તરીકે ઉપયોગ કરવા માટે લોકોને સમજાવવા જવું પડે. એટલે સહેલો રસ્તો આપણે પકડ્યો છે, પણ એ સહેલો રસ્તો ખતરનાક છે.

વળી આપણા દેશમાં જણદીઠ ખેતીઉપયોગી જમીન બહુ ઓછી હોવા છતાં એ જમીનની વહેંચણી એટલી અન્યાયી છે કે તેને લીધે ખેતી અનાર્થિક (Uneconomic) થઈ પડી છે. આપણા દેશની ઘણી જમીન બિનખેડૂત એવા જમીનદારો અને શાહુકારોના હાથમાં છે. તેઓ જાતે ખેતી કરતા નથી, પણ ખેડૂતો પાસેથી ગણોત ઉઘરાવી આવક કેમ કરવી એ જ દૃષ્ટિ રાખે છે. જમીનને વધારે ઉપજાઉ બનાવવા તરફ તેમનું ધ્યાન હોતું નથી, તેથી જમીનની વહેંચણી સાચા ખેડૂતોમાં થવાની બહુ જરૂર છે. તે માટે વિનોબાએ આરંભેલો ભૂદાન યજ્ઞ બહુ જ સમયોચિત અને આપણા દેશની ખેતીના સુધાર માટે આવશ્યક છે.

જમીનની ન્યાયી વહેંચણી થાય અને ખાતર તથા પાણીની સગવડ થાય તોપણ અત્યારે જેટલા માણસો ખેતી ઉપર નભે છે તે સઘળાનું એકલી ખેતીમાંથી સારી રીતે ગુજરાન ચાલી શકે એમ નથી. ખેડૂતોના સારી રીતે ગુજરાન માટે આર્થિક ઘટક અમુક એકર ખેતીનો ન ગણાવો જોઈએ, કારણ તેટલા એકર આપણે ખેડૂતને આપી શકવાના નથી. પણ ખેડૂતના ગુજરાનનો આર્થિક ઘટક ભાગે આવતી અમુક એકર જમીન ઉપરાંત ગોપાલન, ગ્રામોદ્યોગો તથા ગૃહઉદ્યોગો એ બધું મળીને ગણાવો જોઈએ. તો ખેડૂતને પોતાની બીજી જરૂરની વસ્તુઓ ખરીદવા માટે પોતાને ખાવા માટે આવશ્યક અનાજ વેચી નાખવું પડે નહીં; તે માત્ર વધારાનું અનાજ જ વેચે.

જેમ ખેડૂતનું છે તેમ ગામડાંના કારીગરોનું પણ છે. તેઓને બારે માસ પોતાના ધંધામાં કામ મળી શકતું નથી. ખાસ કરીને ચોમાસામાં તેમને બેકારી ભોગવવી પડે છે, એટલે ગામડાંના કારીગરોએ જો પોતાની પાસે થોડી જમીન હોય તો એ જમીન ઉપર, નહીં તો ખેતમજૂર તરીકે, ચોમાસામાં કામ કરવું જોઈએ. ખેડૂતોની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



તથા ગામડાંના કારીગરોની કામની જોગવાઈ આ પ્રમાણે થાય તો બંનેને બારે માસ પૂરતું કામ મળી રહે.

રબારી–ભરવાડનો પ્રશ્ન પણ આપણા દેશમાં બહુ વિકટ છે. આજ સુધી તેઓ ગોપાલનનું તથા બકરાંઘેટાં પાળવાનું કામ કરતા આવ્યા છે. તે માટે તેઓને વિશાળ બીડો મળી રહેતાં, પણ જ્યારથી ખેતી માટે તે બીડો તોડવામાં આવ્યાં ત્યારથી એમને ગોપાલન કરવું તથા બકરાંઘેટાં પાળવાં એ મુશ્કેલ બનતું થયું છે. જ્યાંસુધી આપણા દેશમાં વિશાળ બીડો હતાં ત્યાંસુધી ખેતી અને ગોપાલન એ અલગ અલગ ધંધા તરીકે નભી શકતાં પણ હવે એવો સમય આવ્યો છે કે રબારી–ભરવાડ ખેતી કર્યા સિવાય નભી શકશે નહીં. જમીનની પણ, મનુષ્યવસ્તીની વૃદ્ધિ સાથે, ટાંચ પડવા લાગી છે, એટલે ઢોરને એકલા ચરણ ઉપર નભાવી શકાય એટલી ચરણની જમીન આપણે જુદી કાઢી શકીશું નહીં. માટે રબારી–ભરવાડોએ ખેતી ઉપરાંત લીલા ઘાસચારા પાણી પાઈને ઉગાડવા પડશે. વળી ગોપાલનનો બધો બોજો એકલા તેમના ઉપર ન નાખતાં ખેડૂતોએ પણ ગોપાલક થવું પડશે. આજ સુધી પોતાનાં ઢોરને જ્યાં ચરવાનું મળે ત્યાં રબારી–ભરવાડો લઈ જતા. આજે તો એવાં ચરણ પૂરતાં નહીં હોવાથી તેમને ખેડૂતોની જમીનમાં ભેળાડ કરવો પડે છે. એક રીતે જોઈએ તો ખેડૂતો અને પશુપાલકો વચ્ચેનો આ ઝઘડો બહુ જૂનો છે. હિંદુસ્તાનમાં આર્યો આવ્યા ત્યારથી જાણે આ ઝઘડો ચાલતો આવ્યો છે. આર્યો આવ્યા ત્યારે ગોપાલકો હતા. અહીં આવીને તેઓ ખેડૂતો બન્યા. તે માટે તેમને અહીંના અસલ વતનીઓ સાથે લડાઈઓમાં ઊતરવું પડેલું. ત્યારપછી શક, હૂણ અને મોગલો આવ્યા તેઓ પણ પશુપાલકો જ હતા. અહીં આવીને તેઓ ખેતી કરતા થયા અને અહીંના વતનીઓ સાથે ભળી ગયા. અહિંસાની દૃષ્ટિએ આ ઝઘડો મટાડવાનો ઉપાય આપણે શોધવો જ જોઈએ. સારામાં સારો ઉપાય એ છે કે ખેડૂતોએ ગોપાલક થવું, અને રબારી–ભરવાડો, જેઓ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

એકલા પશુપાલકો છે તેમણે પશુપાલકના કામ ઉપરાંત ખેડૂત થવું. આજે રબારી–ભરવાડો પાસે પૂરતી જમીન નથી, એટલે તેમને પણ ભૂમિહીન ગણી જમીન મળવી જોઈએ.

પછી રહ્યો ગામડાંનો શાહુકાર વર્ગ. એ વર્ગ સામાન્ય રીતે ખેડૂતોને તથા કારીગરોને નાણાં ધીરવાનું કામ કરે છે. પહેલાંના વખતમાં જ્યારે આપણાં ગામડાં મોટે ભાગે સ્વયંસંપૂર્ણ હતાં ત્યારે પણ ખેડૂતોને અને ગામડાંના કારીગરને અવારનવાર નાણાંની જરૂર પડતી અને એ જરૂરિયાત આ શાહુકાર વર્ગ પૂરી પાડતો. પણ બ્રિટિશ અમલ પહેલાં તે ખેડૂતની જમીન લખાવી લઈ શકતો નહીં અને તે જમીનનો માલિક પણ થઈ શકતો નહીં. પોતે ધીરેલાં નાણાં ખેડૂતે પકવેલા પાકમાંથી જ તે વસૂલ કરતો. ખેડૂતની જમીન ઉપર કદી તે એંઠી નજર કરી શકતો નહીં. તે વેળા જમીન એ વેચવા ખરીદવાની વસ્તુ હતી જ નહીં. કોઇ જમીનનો વેપાર કરી શકતું નહીં. એટલે આજે ગામડાંમાં ધીરધાર કરનારાઓનો અથવા વ્યાજખોરોનો જે મોટો વર્ગ જોવામાં આવે છે તેવો મોટો વર્ગ પહેલાં ગામડાંમાં હતો નહીં. વળી ખેડૂતો અને કારીગરો પોતાની જરૂરિયાતો માટે મોટે ભાગે સ્વાવલંબી હોઈ ગામડાંમાં વેપારીઓ પણ થોડા હતા. અમુક ગામોના સમૂહ વચ્ચે કેટલાંક મોટાં ગામો અથવા કસબાઓ હતા ત્યાં તેઓ રહેતા. તેઓ ગામડાંની વધારાની વસ્તુઓ ખરીદી શહેરોમાં પહોંચાડતા તથા ગામડાંમાં ન બની શકતી કેટલીક વસ્તુઓ શહેરમાંથી લાવી ગામડાંમાં વેચતા. પણ આવો વેપાર બહુ નાના પ્રમાણમાં અને ગામડાંની આવશ્યકતા મુજબ જ ચાલતો, એટલે શાહુકારો અને વેપારીઓ, જેઓ મોટે ભાગે એક જ વર્ગના હતા તેમનું ગામડાંમાં જે સ્વાભાવિક સ્થાન હોય તે તેઓ ભોગવતા. આજે તો શહેરોમાં મોટી મિલો અને કારખાનાંઓ થતાં ગામડાંમાંથી પણ ઘણી રોકડ મૂડી શહેરોમાં ઘસડાઈ જવા પામી છે અને ગામડાં અને શહેરો વચ્ચે જે સ્વાભાવિક અને એકબીજાને પોષક સંબંધ હોવો જોઇએ તે રહ્યો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



નથી. પરિણામે શહેરો ગામડાંમાંથી માણસો અને મૂડી ઘસડી જનારાં બન્યાં છે.

આવા વિવિધ પ્રકારનાં શોષણોમાંથી ગામડાંએ બચવું હોય તો તેમણે પોતાની જરૂરિયાતની બધી વસ્તુઓ માટે મોટે ભાગે સ્વાવલંબી અને સ્વયંસંપૂર્ણ થવું જોઇશે. અનાજ તો ગામડાં પેદા કરે જ છે. ગોપાલન કરીને તેમણે પોતાને જોઈતાં બળદ તથા ઘી-દૂધ પેદા કરી લેવાં જોઈએ. વળી પોતાને જોઈતું કાપડ પણ, જો તેઓ ખાદીનો ઉદ્યોગ અપનાવે તો, પોતે જ પેદા કરી લે. આજે ગામડાંમાં તલ તથા મગફળી પાકે છે છતાં તેમને તેલ મિલોમાંથી લાવવું પડે છે. અનાજ તેઓ પકવે છે, પણ તે દળાવવાનું તથા ખંડાવવાનું કામ દળવા-ખાંડવાના સંચામાં કરાવે છે. પોતાનું પકવેલું વધારાનું અનાજ તથા બીજો માલ પોતાનાં જ ગાડાંમાં તેઓ બીજે પહોંચાડતા, તેને બદલે એ કામ મોટરલોરીઓ કરે છે. તેને લીધે ખેડૂતોના બળદને બેકારી ભોગવવી પડે છે. ઉપરાંત ગામડાંના લોકોને ડગલે ને પગલે નાણાંની જરૂર પડે છે, અને તે મેળવવા પોતાના ખાવાના અનાજમાંથી પણ તેમને અનાજ વેચવું પડે છે. અનાજ સિવાયની લગભગ બધી જ વસ્તુઓ તેમણે વેચાતી લાવવાની હોય છે, એટલે તેમણે બેકારી અને કંગાલિયત ભોગવવી પડે છે. ગામડાંના કારીગરો પણ આજે શહેરોમાં જઈને વસવા લાગ્યા છે. કેટલાક કારીગરોએ તો પોતાને ધંધો પડી ભાગતાં મિલોમાં નોકરી લીધી છે. મિલોના કેન્દ્રિત ઉદ્યોગો અને શહેરોની લલચાવનારી રોનક સામે આપણાં પડી ભાંગતાં ગામડાંઓએ બચવું હોય તો તેમણે જ્ઞાનપૂર્વક સ્વાવલંબી અને સ્વયંસંપૂર્ણ થવું જોઈએ.

ખેડૂતો ગામડાંના કારીગરોની મદદથી પોતાને જરૂરની બધી વસ્તુઓ ગામડાંમાં પેદા કરી શકે છે. આમ થાય તો તેઓને રોકડ નાણાંની બહુ ઓછી જરૂર પડે. આજનો નાણાંવ્યવહાર એ પણ ગામડાંના ખેડૂતો અને કારીગરોને ફસાવવાની એક મોટી જાળ છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

નાણાંવ્યવહારમાં ખેડૂતો અને કારીગરો પોતાની વસ્તુ વેચતી વખતે પણ લૂંટાય છે, અને ખરીદતી વખતે પણ લૂંટાય છે. આ બધો પ્રકાર શી રીતે બને છે તે સમજાવવા માટે અલગ પ્રકરણની જરૂર છે. અહીં એટલું ફરી કહીશું કે ખેડૂતો અને ગામડાંના કારીગરોએ નાણાંના પ્રપંચમાંથી બચી જવાની જરૂર છે અને આપણાં ગામડાંએ સ્વાવલંબી અને સ્વયંસંપૂર્ણ થવું એ જ તેમને માટે તરણોપાય છે.

આપણાં ગામડાંઓએ સ્વાવલંબી અને ખાધે પીધે સુખી થવું હોય તો એક ઉપાય એ છે કે તેમણે પોતાને ત્યાં પેદા થતો કાચો માલ બહાર મોકલવો નહીં, પરંતુ એ કાચા માલમાંથી તૈયાર માલ બનાવીને બહાર મોકલવો. દાખલા તરીકે, કપાસ અથવા રૂ વેચી નાંખવાને બદલે તેનું તૈયાર કાપડ કરીને પોતાની જરૂરિયાત કરતાં જેટલું વધે એટલું બહાર વેચવું. વળી શેરડી વેચી દેવાને બદલે તેનો ગોળ તૈયાર કરી તે બહાર વેચવો. એ જ પ્રમાણે તલ અથવા મગફળી વેચી દેવાને બદલે તેનું તેલ કરીને તે બહાર વેચવું. આમ કરવામાં ખેડૂતોને પોતાના કપાસિયા મળશે. શેરડીના કૂચા રહેશે તે બળતણના કામમાં આવશે, તથા તલ અને મગફળીનો ખોળ પોતાને ત્યાં રહેશે તે પોતાના ઢોરને ખવડાવવા માટે તથા વધે તે ખાતર તરીકે કામ આવશે.

જંગલની પેદાશ પણ આપણે કાચા રૂપમાં બહાર મોકલીએ છીએ, તેને બદલે તેનો તૈયાર માલ જંગલમાં અથવા જંગલની પાસે કરવામાં આવે તો જંગલના લોકોને પણ પૂરતું કામ મળી રહે.

આમ આપણાં ગામડાં સ્વાવલંબી અને મોટે ભાગે સ્વયં-સંપૂર્ણ થાય તો જ અત્યારે તેની જે લૂંટ ચાલી રહી છે તેમાંથી બચી શકે.

✿

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

# ૫ : ગ્રામ-સ્વરાજ

અત્યારે રાજ્યતંત્ર મોટે ભાગે કેન્દ્રિત રાખવા તરફ વલણ છે. મધ્યવર્તી તંત્ર મજબૂત હોય તો રાજ્યવ્યવસ્થા સારી ચાલે એવું માનવામાં આવે છે. ગામડાંઓને ગ્રામપંચાયતો આપવામાં આવે છે ખરી, પણ સત્તાનું વિતરણ ઉપરથી થાય છે. ઉપરી તંત્ર ગ્રામ-પંચાયતોને અમુક મર્યાદિત સત્તાઓ આપે છે. સર્વોદયની દૃષ્ટિએ ગામની તમામ વ્યવસ્થા, જમીન-મહેસૂલ ઉઘરાવવાની અને ઇન્સાફ કરવાની સુધ્ધાં, ગ્રામપંચાયતના હાથમાં હોવી જોઈએ. તો જ સાચું ગ્રામ-સ્વરાજ થઈ શકે. સ્વરાજનાં મુખ્ય લક્ષણ બે છે : (૧) પોતાની તમામ વ્યવસ્થા પોતે કરી લેવી તે અને (૨) પોતાનો ઇન્સાફ પોતે જ ચૂકવવો, એટલે કે ગામના લોકોએ જ ચૂકવવો એ. અત્યારે સત્તા ઉપરથી આપવામાં આવે છે તેને બદલે સત્તાનો ઉગમ ગામડાંમાં હોવો જોઈએ અને ગામડાંમાંથી સત્તા એક મધ્યબિન્દુમાંથી પેદા થતાં અનેક વર્તુળોની માફક આગળ પહોંચવી જોઈએ. સર્વોદય સ્વરાજમાં નાનામાં નાના અથવા નબળામાં નબળા માણસને પણ એમ લાગવું જોઇએ કે આ મારું રાજ છે, અને મારે લગતી બધી બાબતમાં હું સ્વતંત્ર છું. તેને માટે આપણે એક એક ગામડાને અથવા ગામડું બહુ નાનું હોય તો બે-ત્રણ ગામના એક સમૂહને મૂળ ઘટક બનાવવો જોઈએ. વ્યવસ્થા માટે એ ગામનાં અથવા ગ્રામસમૂહનાં પુખ્ત વયનાં તમામ સ્ત્રી-પુરુષો એકઠાં મળીને પાંચ માણસોની એક સમિતિ નીમે. આ સમિતિ એક વર્ષ માટે ગામની તમામ વ્યવસ્થા કરે. ઝઘડા ટાળવા હોય તો તેના નિર્ણયો બહુમતીથી નહીં, પણ સર્વાનુમતીથી થવા જોઈએ. દરેક ગામે કેવું ધ્યેય રાખવું જોઈએ અને ગ્રામ-સ્વરાજ કેવું હોય તેનું ચિત્ર ગાંધીજીએ નીચે પ્રમાણે આલેખેલું છે :

ગ્રામસ્વરાજનો મારો ખ્યાલ એ છે કે તે સંપૂર્ણ રીતે પ્રજાસત્તાક હોવું જોઈએ. જીવનની પ્રાથમિક જરૂરિયાતોની બાબતમાં પોતાના પડોશીઓથી તે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

સ્વતંત્ર હોય. છતાં જે વસ્તુઓ પોતાના ગામમાં મળી શકતી ન હોય અથવા બની શકે તેમ ન હોય તેવી બાબતમાં બીજાઓ સાથે પરસ્પરાવલંબનનો સંબંધ તે રાખે. દરેક ગામનું પહેલું કામ એ હોય કે પોતાને જોઈતો બધો ખોરાક તે પકવી લે અને પોતાનાં કપડાં માટે જોઈતો કપાસ પણ પકવી લે. પોતાનાં ઢોરને ચરવા માટે ગામનું ગોચર હોય, અને મોટેરાંઓ તથા બાળકો માટે મનોરંજન સારુ તથા ખેલવાકૂદવાને સારુ છૂટી જમીન હોય. ખોરાક તથા કપાસ પકવવા ઉપરાંત જમીન ફાજલ રહે તો તેમાં વેચવા માટેના ઉપયોગી પાકો તે લે. પરંતુ ગાંજો, તમાકુ, અફીણ અને એવા નુકસાન કરનારા પાકો તે ન પકવે. દરેક ગામમાં પોતાની રંગભૂમિ, નિશાળ અને સભાગૃહ હોય. દરેક ગામે પીવાના પાણીની વ્યવસ્થા હોય, જ્યાં ચોખ્ખું પાણી મળી શકે. તે માટે કૂવાઓ અને તળાવો ઉપર અમુક નિયમન રાખવું જોઈએ. (સાત કે આઠ વરસનો) બુનિયાદી અભ્યાસક્રમ પૂરો થાય ત્યાંસુધીની કેળવણી ગામના દરેક બાળકને માટે ફરજિયાત હોવી જોઈએ. બની શકે ત્યાંસુધી ગામની તમામ પ્રવૃત્તિ સહકારી ધોરણે ચાલવી જોઈએ. આજે જોવામાં આવે છે તેવી, ઊંચનીચના ભેદવાળી અને અસ્પૃશ્યતાના કલંકવાળી જ્ઞાતિઓ બિલકુલ હોવી જોઈએ નહીં. ગ્રામપંચાયત પાસે પોતાની અમલબજાવણી માટે અહિંસા. જેમાં સત્યાગ્રહ અને અસહકારનો સમાવેશ થાય છે, એ જ એક સાધન હોય. ગામની ચોકી માટે દરેક જુવાને ફરજિયાત સેવા આપવાની હોય. ગામ તરફથી એક પત્રક રાખવામાં આવે. તે પત્રકમાંથી વારાફરતી અમુક જુવાનને ચોકી માટે પસંદ કરવામાં આવે. ગામની વ્યવસ્થા પાંચ માણસોની પંચાયતના હાથમાં હોય. ગામનાં પુખ્ત વયનાં સ્ત્રી-પુરુષો દર વરસે તેમને ચૂંટી કાઢે. પંચના માણસોની ઓછામાં ઓછી લાયકાત નક્કી કરેલી હોય. આ પંચાયતની પાસે ગામની વ્યવસ્થાની તેમજ ઇન્સાફની તમામ સત્તા હોય. સ્વીકૃત અર્થમાં સજાની પ્રથા નહીં હોય, એટલે આ પંચાયત પોતાની એક વર્ષની મુદત માટે ગામની ધારાસભા, ગામની અદાલત તથા ગામનું કારોબારી મંડળ હશે. કોઈ પણ ગામ બહારની સત્તાની, અત્યારની સરકારની પણ, ખાસ દખલગીરી વિના આજે પણ આવું પ્રજાસત્તાક બની શકે છે. સરકારનો ગામ સાથેનો સંબંધ ગામનું મહેસૂલ ઉઘરાવવા પૂરતો જ હોય.

અહીં હું પાડોશનાં ગામો સાથે અથવા તો મધ્યવર્તી રાજ્યતંત્ર સાથે ગામના સંબંધો કેવા હોય તેની વિગતોમાં ઊતર્યો નથી. મારો ઉદ્દેશ ગ્રામ-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

સ્વરાજની એક રૂપરેખા જ રજૂ કરવાનો છે. આવી વ્યવસ્થામાં વ્યક્તિગત સ્વાતંત્ર્યના પાયા ઉપર સંપૂર્ણ લોકતંત્ર રચાય છે. વ્યક્તિ જ પોતાની સરકાર નિર્માણ કરે છે. તે પોતે તથા તેની સરકાર અહિંસાના કાયદાથી ચાલે છે. તે અને તેનું ગામ આખી દુનિયાના બળનો પ્રતીકાર કરવા સમર્થ છે, કારણ દરેક ગ્રામવાસીને એ કાયદો લાગુ પડે છે કે પોતાની અને પોતાના ગામની આબરૂના રક્ષણ માટે તે મોતને ભેટવા તૈયાર હોવો જોઇએ.

ઉપરના ઉતારા ઉપરથી જણાય છે કે ગાંધીજીએ ગ્રામસ્વરાજ માટે નીચેનાં અંગો આવશ્યક ગણ્યાં છે :

(૧) ખોરાક અને વસ્ત્રની બાબતમાં દરેક ગામ સ્વાવલંબી હોવું જોઈએ.

(૨) દરેક ગામમાં ગોચર હોવું જોઇએ, તથા મોટી ઉંમરનાં માટે મનોરંજન અર્થે અને બાળકોને માટે રમતગમત માટે ખુલ્લું મેદાન હોવું જોઈએ.

(૩) દરેક ગામે ગ્રામ-રંગભૂમિ, શાળા તથા સભાગૃહ હોવું જોઈએ.

(૪) દરેક ગામે ચોખ્ખા પીવાના પાણીની વ્યવસ્થા હોવી જોઈએ.

(૫) ગામનાં બાળકો માટે ( સાત અથવા આઠ વર્ષના ) સંપૂર્ણ બુનિયાદી અભ્યાસક્રમની સગવડ હોવી જોઈએ.

(૬) બને ત્યાંસુધી ગામની બધી પ્રવૃત્તિઓ સહકારી ધોરણે ચાલવી જોઈએ.

(૭) આજના જેવી ઊંચનીચના ભેદવાળી અને અસ્પૃશ્યતાના કલંકવાળી જ્ઞાતિઓ ગામમાં ન હોવી જોઇએ,

(૯) ગામમાં ચોકીની વ્યવસ્થા હોવી જોઈએ.

(૯) ગામની તમામ વ્યવસ્થા દર વર્ષે ચૂંટાયેલી પાંચ માણસની પંચાયત દ્વારા ચાલવી જોઇએ. આ પંચાયત ગામને લગતા કાયદા ઘડે, ઈન્સાફની વ્યવસ્થા કરે તથા ગામની બીજી વ્યવસ્થા સંભાળે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



(૧૦) પંચાયત અહિંસાને વરેલી હોઈ, પોતાની અમલબજાવણી માટે સત્યાગ્રહ અને અસહકાર, એ બે સાધનો તેની પાસે હશે.

ઉપરની યાદીમાં ગ્રામસફાઈની વ્યવસ્થા કરવાનું ઉમેરવામાં આવે તો એ યાદી સંપૂર્ણ થાય. ગ્રામસફાઈમાં માણસના મળમૂત્રની વ્યવસ્થા કરવાનું પણ આવી જાય. આપણાં ગામડાંમાં આજે આવી કશી વ્યવસ્થા નહીં હોવાથી તે ગંદકીનાં ધામ થઈ પડ્યાં છે. જો મળમૂત્રની સારી વ્યવસ્થા કરવામાં આવે તો ગંદકી મટે, એટલું જ નહીં, પણ ગામને બહુ કીમતી ખાતર મળે. તે જ પ્રમાણે ગામમાં બીજો જે કૂડોકચરો જ્યાં ત્યાં પડેલો હોય છે તેને ખાડામાં નાંખી સડાવવામાં આવે તો તેનું પણ કીમતી ખાતર બને.

આ યાદીમાં બીજી એક વસ્તુ ઉમેરવા જેવી એ છે કે દરેક ગામમાં બહારથી આવનારી વસ્તુઓ ઉપર અને ગામમાંથી બહાર જનારી વસ્તુઓ ઉપર એટલે કે ગામની આયાતનિકાસ ઉપર ગ્રામ પંચાયતનું નિયમન હોય. ગામને મોટે ભાગે સ્વયંસંપૂર્ણ બનાવવામાં આવું નિયમન બહુ મહત્ત્વનું છે.

અત્યારની ગ્રામપંચાયતોને અમુક રકમ સુધીના દાવા ચૂકવવાની સત્તા આપવામાં આવે છે. પણ જ્યાં સુધી ગમે તેટલી રકમ સુધીના દીવાની દાવા તથા ગમે તેવા ફોજદારી કેસો ચૂકવવાની સત્તા તેની પાસે ન હોય ત્યાંસુધી તે પૂર્ણ ગ્રામ–સ્વરાજ થઈ શકે નહીં, કારણ ઉપર જણાવી ગયા તેમ સ્વરાજનાં મુખ્ય બે અંગો ગણાય છે: (૧) પોતાની તમામ વ્યવસ્થા કરવાની સત્તા તથા (૨) પોતાનો ન્યાય ચૂકવવાની સત્તા. આ બેઉ સત્તા લોકો પાસે હોવી જોઈએ. હિંદુસ્તાનમાં પ્રાચીન કાળમાં આવી સત્તા દરેક ગામ ભોગવતું. તે માટે તેને રાજા કે બાદશાહ પાસે જવું પડતું નહીં. શિવાજીએ આપણી પુરાણી ગ્રામપંચાયતોને સજીવન કરવા પ્રયત્ન કરેલો. તેમના વખતમાં ગામડામાં ઇન્સાફ કેવી રીતે કરવામાં આવતો તેનો થોડોક ખ્યાલ અહીં આપીશું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



જે માણસને બીજા માણસ સામે ફરિયાદ કરવાની હોય તે માણસ ગામના પટેલ પાસે જઈ પોતાની ફરિયાદ નોંધાવતો. સામા માણસને બોલાવી તેને શું કહેવાનું છે તે પટેલ નોંધી લેતો. પછી પટેલ ગામના મંદિરમાં કે એવી બીજી પવિત્ર જગ્યાએ આખા ગામને ભેગું કરતો. ફરિયાદી તથા આરોપી ગામમાં નદી હોય તો ત્યાં, નહીં તો તળાવમાં અથવા કૂવે નાહીને મંદિરમાં મૂર્તિ આગળ અથવા તો પોતે જેને પવિત્ર માનતા હોય તેની સમક્ષ સોગન લઈ પોતાની ફરિયાદ તથા પોતાનો જવાબ ગામલોકની સભા સમક્ષ નોંધાવતા. ગામલોકની આવી સભામાં તમામ ન્યાતજાતના લોકો આવતા. તેમાં હરિજનોને પણ ખાસ બોલાવવામાં આવતા. ફરિયાદી તથા આરોપીને તમામ ગામલોક સમક્ષ પોતાની વાત કહેવાની હોઈ તેઓ જૂઠું બોલવાની ભાગ્યે જ હિંમત કરતા. તે ઉપરાંત તેમણે દેવની મૂર્તિ સમક્ષ અથવા પોતે જેને પવિત્ર માનતા હોય તેની સમક્ષ સોગન લીધેલા હોઈ એ રીતે પણ જૂઠું બોલવાની તેઓ હિંમત કરતા નહીં. બન્નેના જવાબ ગામલોકને સંભળાવી પટેલ તેમને વિનંતી કરતો કે હવે આ કેસનો નિવેડો લાવવા તમે એક પંચ નીમો. ગામલોકો પંચ નીમીને વિખેરાઈ જતા. પછી પંચ ઝીણવટથી તપાસ કરતું અને બંને માણસની વાત સાંભળી તથા સાક્ષીઓ અને દસ્તાવેજો તપાસવાના હોય તો તે તપાસી પોતાનો ફેંસલો તૈયાર કરતું. પણ એ ફેંસલો ગામલોક સમક્ષ પક્ષકારોને સંભળાવતાં પહેલાં પંચને તે ફેંસલો અમુક ગામોના સમૂહ માટે નીમેલા ધર્મશાસ્ત્રીને મોકલી આપવો પડતો. એ ધર્મશાસ્ત્રી સ્મૃતિઓ એટલે કે ધર્મશાસ્ત્રોમાં પારંગત હોઈ, મજકૂર ફેંસલો ધર્મશાસ્ત્રના કોઈ નિયમની વિરુદ્ધ તો નથી જતો એ જોઈ લેતો, તથા પોતાની સામાન્ય બુદ્ધિથી એ ફેંસલો ન્યાયની સાથે સુસંગત છે કે કેમ એ પણ તપાસી લેતો. પોતાને એમાં કાંઈ સૂચના કરવા જેવું લાગે તો પંચને તે લખી જણાવતો, ભારે અટપટો પ્રશ્ન હોય તો પંચને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



સમજાવવા માટે એ જાતે ગામે જતો, અને પંચને સમજાવી ફેંસલામાં ફેરફાર કરવાનું જરૂરી લાગે તો પંચ પાસે જ એવો ફેરફાર કરાવતો. કોઈ વાર કેસ બહુ અટપટો હોય તો કેસની તમામ વખતે જ પંચ ધર્મશાસ્ત્રીને હાજર રહેવા વિનંતી કરતું. આમ ધર્મશાસ્ત્રીની અનુમતિ મળી ગયા પછી ગામલોકની સભા બોલાવવામાં આવતી, અને એ સભા સમક્ષ પંચ પોતાનો ફેંસલો વાંચી સંભળાવતું. એ ફેંસલાને ગામલોકની મંજૂરી મળે એટલે તે છેવટનો ગણાતો.

કોઈ વાર પક્ષકારો બહુ મોટી લાગવગવાળા હોય ત્યારે તેઓ ધર્મશાસ્ત્રીને કહી શકતા કે ગામનું પંચ નિષ્પક્ષ રીતે અમારા કેસની તપાસ કરી શકશે નહીં. તે વખતે ધર્મશાસ્ત્રી એ કેસ બીજા કોઈ ગામના પંચને સોંપી શકતો. પણ ઇન્સાફ તો પંચ મારફત જ કરવામાં આવતો. ધર્મશાસ્ત્રીનું કામ પણ પંચને સમજાવવા પૂરતું જ રહેતું, અને રાજા તો તેમાં વચ્ચે પડતો જ નહીં.

અંગ્રેજી ઇન્સાફ-શાસ્ત્રમાં એક સૂત્ર છે કે દરેક માણસનો ઇન્સાફ તેના બરોબરિયા મારફત થવો જોઇએ. એ ઉપરથી આપણી અત્યારની અદાલતોમાં મોટા ફોજદારી કેસોમાં જ્યૂરીની પ્રથા રાખવામાં આવેલી છે. ઇંગ્લંડમાં પહેલાં તો ન્યાયાધીશ પક્ષકારોના ગામે જઈ તેમનો કેસ ચલાવતા. આ બધામાં તત્ત્વ એ હતું કે પક્ષકાર તથા સાક્ષીઓ પોતાના ગામલોક સમક્ષ એટલે કે પોતાના ઓળખીતાઓ અને પોતાના બરોબરિયા, જેઓ ઘણીખરી હકીકત જાણતા હોય તેમની સમક્ષ જૂઠું બોલવાની હિંમત કરે નહીં.

આજે આપણાં ગામડાંમાં બરાબર ન્યાય તોળી શકે એવા માણસ મળવા મુશ્કેલ લાગે છે. વળી ગામમાં જેઓ કરતાકારવતા હોય છે તેઓની નિષ્પક્ષતા વિષે પણ ભરોસો પડી શકે એવું હોતું નથી. આનું એક કારણ તો એ છે કે ગામડાંમાંથી ધનની સાથે બુદ્ધિ પણ શહેરોમાં ઘસડાઈ જવા પામી છે. આમ છતાં માણસને જ્યારે ઇન્સાફ કરવા માટે પંચ તરીકે બેસાડવામાં આવે છે ત્યારે પોતાના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ખાનગી વ્યવહારમાં તે ગમે તેવો હોય પણ પંચ તરીકે તેણે ઈશ્વરથી ડરીને અને નિષ્પક્ષ રીતે ચાલવું જોઈએ એવી ભાવના હજી ગામ-લોકોમાંથી નષ્ટ થઈ નથી. માણસો ઉપર વિશ્વાસ મૂકી તેમને એવાં કામો સોંપવામાં આવે તો જરૂર એ ભાવના વિશેષ જાગ્રત અને ઈષ્ટ થઈ શકે. અનુકૂળ તકો મળતાં માણસની સદ્ભાવના અને સદ્બુદ્ધિ જરૂર ખીલે છે. જેવું ઇન્સાફનું તેવું ગામમાં બીજાં બધાં કામોનું છે.

આજે પણ અમદાવાદ જેવા મધ્યકાલીન શહેરમાં લગભગ બધા વેપારીઓનાં મહાજનો હોય છે. તેમનામાં કોઈ કોઈ વાર તકરારો અથવા મતભેદો થતા હશે, પણ તેઓ કદી અદાલતમાં જતા નથી. પોતાની અંદર અંદરના ઝગડા પોતાની મેળે જ ચૂકવી લે છે. અમદાવાદમાં આવું મોટામાં મોટું મહાજન મસ્કતી માર્કેટનું છે. તેમનો વેપાર કુલે કરોડો રૂપિયાનો થતો હશે પણ તેઓ પોતાના બધા ઝગડા પોતાના મહાજન મારફત જ પતાવે છે.

આપણી જૂની ગ્રામવ્યવસ્થામાં ગામનાં અમુક કુટુંબો ઉપર ગામની ચોકીની જવાબદારી રહેતી; ગામમાં ચોરી થઈ હોય તો ચોરનું પગલું જોતા જોતા તેઓ ચોરને પકડી પાડતા. પગલું પારખવાની વિદ્યામાં પાવરધા થઈ ગયેલા આ માણસો પગી કહેવાતા. તેઓ ચોરને ન પકડી શકે તો ચોરીની રકમ ભરપાઈ કરી આપવાની જવાબદારી આવાં પગી કુટુંબો ઉપર રહેતી. એ પગલું જો બીજા ગામમાં પેસે તો એ ગામના પગીઓની જવાબદારી ગણાતી. આમ અલિખિત ધારાધોરણ પ્રમાણે બધું કામ ચાલતું.

આપણા દેશના ઇતિહાસમાં અનેક સામ્રાજ્યોનો ઉદય અને અસ્ત થયો છે. આપણા દેશ ઉપર અનેક વાર આક્રમણો થયાં છે, પણ હજારો વર્ષથી ગ્રામવ્યવસ્થા પોતાના અસલ સ્વરૂપમાં ટકી રહી હતી. તેની સાક્ષી અંગ્રેજી રાજ્યની સ્થાપના વખતના કેટલાક હાકેમોએ આપી છે. મુંબઈના ગવર્નર લૉર્ડ એલ્ફિન્સ્ટને હિંદુસ્તાનનો ઈતિહાસ લખ્યો છે, તેમાં તેમણે આપણી પુરાણી ગ્રામપંચાયતોની બહુ તારીફ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



કરી છે. અંગ્રેજી રાજ્યે પ્રજાજીવનમાં ઘણાં અંગોમાં પ્રવેશ કર્યો, અને આપણી મોટા ભાગની સમાજ-વ્યવસ્થાને કાયદાના બંધનમાં બાંધી દીધી. તેને લીધે સ્થાનિક સ્વરાજ્ય ભોગવતી આપણી ઘણી સંસ્થાઓ નષ્ટ થઇ ગઈ, તેમાં આપણી ગ્રામપંચાયતો મુખ્ય છે. એ વસ્તુને ફરી સજીવન કરવી અઘરી નથી, કારણ હજારો વર્ષથી એ આપણા હાડમાં રહેલી વસ્તુ છે. ગ્રામપંચાયતો સજીવન થાય અને આપણાં ગામડાં સ્વાવલંબી અને સ્વયંસંપૂર્ણ થાય એ જ આપણાં ગામડાં માટે તરણોપાય છે. તો જ આપણું ગ્રામજીવન સમૃદ્ધ થઈ શકે એમ છે. અને ગ્રામજીવન સમૃદ્ધ થાય તો શહેરો સાથેનો આપણાં ગામડાંનો સંબંધ કુદરતી રીતે હોવો જોઈએ તેવો અને ન્યાયી થાય.

## ૬ : ગ્રામપંચાયતોનો ઉપરનાં તંત્રો સાથેનો સંબંધ

ગ્રામપંચાયતોનાં મુખ્ય કાર્યોનું આપણે વર્ણન કરી ગયા. હવે ઉપરનાં તંત્રો સાથેના તેના સંબંધની કાંઈક કલ્પના આપીશું. ગ્રામ-પંચાયતોની આવક માટે ગામના જમીન-મહેસૂલના ૭૫ ટકા જેટલી રકમ પંચાયત પાસે રહેવી જોઈએ. બાકી રહેલા ૨૫ ટકામાંથી લગભગ ૧૫ ટકા તે જિલ્લા પંચાયતને આપે અને બાકી રહેલા ૧૦ ટકા પ્રાંતીય તથા કેન્દ્ર સરકારને આપે.

જમીન-મહેસૂલના ૭૫ ટકામાંથી ગ્રામપંચાયતને ગામની કેળવણી, આરોગ્ય, સ્વચ્છતા, ચોકી, ન્યાયવ્યવસ્થા, એટલાં કામો મુખ્યત્વે કરવાનાં હોય. તે ઉપરાંત ગામનાં સાર્વજનિક મકાનોની દુરસ્તી તથા સાચવણી તેમજ ગામનાં કૂવા તથા તળાવની સંભાળ તેને રાખવાની હોય. જિલ્લા પંચાયત પોતાના જિલ્લામાંના કુદરતી વિભાગ દીઠ એક એક ઉત્તર બુનિયાદી શાળા ચલાવે; ગામડાંની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



બુનિયાદી શાળાઓ માટે શિક્ષકો તૈયાર કરવા અધ્યાપનમંદિર ચલાવે; ગામડાંના આરોગ્યસંરક્ષણ માટે માણસોને સ્વચ્છતાની અને વૈદકીય તાલીમ આપે, તથા જિલ્લામાં રસ્તાઓ બાંધે અને બાંધેલા રસ્તાઓની દુરસ્તી કરાવે. જિલ્લા પંચાયતો પોતાના જિલ્લા માટે ઓછામાં ઓછી એક ઇસ્પિતાલ પણ ચલાવે. એ ઇસ્પિતાલમાં વૈદકીય મદદ (મોટે ભાગે કુદરતી ઉપચાર) ઉપરાંત નસ્તર મૂકવાની (ઑપરેશન કરવાની) વ્યવસ્થા હોય. આ ઇસ્પિતાલમાં દાયણોને પણ તાલીમ આપવામાં આવે. ઉપર જે સ્વચ્છતાની અને વૈદકીય તાલીમ આપવાનું લખ્યું છે તે આવી ઇસ્પિતાલમાં આપી શકાય. આ ઇસ્પિતાલનાં મકાનો સાદાં અને આપણાં દેશની પરિસ્થિતિને શોભે એવાં હોય.

જિલ્લાપંચાયતની ચૂંટણી ગ્રામપંચાયતો કરે. જિલ્લાના દરેક કુદરતી વિભાગ દીઠ એક માણસ, એ પ્રમાણે જિલ્લા પંચાયતના સભ્યો હોય. જિલ્લાપંચાયત પછી પ્રાંતિક સરકાર આવે; આ પ્રાંતિક સરકારોને જમીન-મહેસૂલના પાંચ ટકા મળે. તે ઉપરાંત પોતાના રાજ્યમાં શહેરોમાં ચાલતા વેપાર ઉપર કર નાંખવાની સત્તા તેને હોય. દરેક પ્રાંતની એક એક વિદ્યાપીઠ હોય, પણ તે સરકારથી બિલકુલ સ્વતંત્ર હોય. બાળકેળવણીથી ઉચ્ચમાં ઉચ્ચ કેળવણી સુધી સરકારનો ક્યાંય કશો અંકુશ ન હોવો જોઈએ. પોતાના પ્રાંતમાં આવેલાં મોટાં શહેરોમાં પોલીસની વ્યવસ્થા તે તે શહેરની મ્યુનિસિપાલિટી કરે. આ પોલીસને આજના કરતાં જુદી જાતની તાલીમ આપવી પડે. તેઓએ રોફ બતાવીને અથવા દંડાથી કામ લેવાનું નથી, પણ શાંતિથી અને સેવા-ભાવથી કામ કરવાનું છે. જે ઉદ્યોગોને યંત્ર-ઉદ્યોગો તરીકે ચલાવવા અનિવાર્ય હોય તેનાં કારખાનાં પણ પ્રાંતિક સરકાર ચલાવે.

પ્રાંતિક સરકારની ચૂંટણી પણ ગ્રામપંચાયત મારફત જ થાય. દરેક જિલ્લા દીઠ બે બે સભ્યો પ્રાંતિક સરકારમાં આવે. એમની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ધારાસભા બને અને એ ધારાસભા પોતાનામાંથી પાંચ સભ્યોને ચૂંટી કાઢે, જેની પ્રાંતીય પંચાયત અથવા પ્રધાનમંડળ બને.

ત્યાર પછી મધ્યવર્તી સરકાર આવે. એને પણ પાંચ ટકા જમીન મહેસૂલના મળે. મધ્યવર્તી ધારાસભા અથવા સંસદમાં દરેક પ્રાંતની ધારાસભા પોતાના સભ્યોમાંથી અથવા બહારનામાંથી બે બે સભ્યો ચૂંટીને મોકલે. આવી રીતે બનેલી ધારાસભા તથા સંસદ પોતાનામાંથી પાંચ સભ્યોને ચૂંટી કાઢે, જેનું મધ્યવર્તી પ્રધાન-મંડળ બને.

આ મધ્યવર્તી સરકાર પાસે રેલવે, પોસ્ટ, તાર, એવાં અખિલ ભારતીય ખાતાંઓ હોય. તે ઉપરાંત પરદેશો સાથેના સંબંધો તથા પરદેશો સાથે વેપારની વ્યવસ્થા પણ તે કરે અને પરદેશથી આયાત નિકાસ થતા માલ ઉપર જકાત નાખે.

ઉપર પ્રાંતિક સરકાર તથા મધ્યવર્તી સરકારની રચના તેમજ તેના કામકાજની સૂચના કરી છે. જો કે તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં સર્વોદયમાં સરકાર અથવા રાજ્યવ્યવસ્થા જેવું કોઈ તંત્ર હોય નહીં, પરંતુ આ આદર્શ સ્થિતિ થઈ. આપણે કંઈક રાજ્યવ્યવસ્થા તો રાખવી પડશે. તે માટે એવું સૂત્ર સ્વીકારીએ કે એ રાજ્યવ્યવસ્થા ઉત્તમ ગણાય, જે ઓછામાં ઓછું રાજ્ય કરે, એટલે કે રાજ્ય પોતાની પાસે બને તેટલાં ઓછાં કામ રાખે. અત્યારે કલ્યાણ-રાજ્યનો પવન ચાલ્યો છે. કૉમ્યુનિસ્ટ લોકોનું સર્વેસર્વા (ટોટલિટેરિયન) રાજ્ય કહે છે. તેના જવાબમાં પ્રજાતંત્રવાદી રાજ્યોએ આ કલ્યાણ રાજ્યની કલ્પના કાઢી હોય એમ લાગે છે, પણ પ્રજાનું ખરું કલ્યાણ પ્રજાના હાથમાં સત્તા સોંપવાથી જેવું થઈ શકે તેવું ગમે તેવા કલ્યાણ-રાજ્યમાં થઈ શકતું નથી. મુંબઈમાં અથવા દિલ્હીમાં બેઠેલા થોડા પ્રધાનો અને તેમના અમલદારો હિન્દુસ્તાન જેવા મોટા દેશની પ્રજાનું પૂરેપૂરું કલ્યાણ સંભાળી શકે એવો દાવો તેમને માટે વધારે પડતો છે. અત્યારે હકીકતમાં એવું બને છે કે શહેરના લોકોની અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



તે પણ જેઓ સંગઠિત હોય અને બૂમાબૂમ કરી મૂકે એવા હોય તેમની થોડીક સગવડો રાજ્ય સાચવે છે, પણ ગામડાંના લોકો જેઓ પોકાર નથી ઉઠાવી શકતા તેમની દાદ બહુ ઓછી સંભળાય છે. ગામડાંના પ્રતિનિધિઓ ધારાસભામાં હોય છે ખરા, પણ તેઓ કાંતો બોલી શકતા નથી અથવા તેમનો અવાજ કોઈ સાંભળતું નથી, એટલે સાચું કલ્યાણ-રાજ્ય દરેક ગામડાંને પ્રજાસત્તાક બનાવવામાં જ રહેલું છે.

સર્વોદયમાં મધ્યવર્તી સરકારે લશ્કર રાખવું કે કેમ તે પ્રશ્ન વિચારવા જેવો છે. સર્વોદયમાં પાયારૂપ સિદ્ધાંત તરીકે આપણે સત્ય અને અહિંસાને સ્વીકાર્યાં છે. એ સિદ્ધાંત પ્રમાણે આપણે લશ્કર રાખવું જોઇએ નહીં. અત્યારે અમેરિકા અને રશિયા સામસામે ઘૂરકયાં કરે છે. બન્ને બીજા દેશોને પોતાના મળતિયા બનાવી પોતાનાં સત્તાજૂથો બને તેટલાં વધારવા પ્રયત્નો કરી રહ્યા છે. આપણા વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ એ બંને સત્તાજૂથોથી અલગ રહેવાની નીતિ સ્વીકારી છે છતાં આપણે લશ્કર તો રાખ્યું છે. તે વિષે પણ પંડિત જવાહરલાલ નહેરુએ એવી નીતિ જાહેર કરી છે કે આપણે કોઇ દેશ ઉપર આક્રમણ કરવું નથી, પણ બીજો કોઈ દેશ આપણી ઉપર આક્રમણ કરે તો સંરક્ષણ માટે લશ્કર રાખ્યું છે. સર્વોદયના સિદ્ધાંત પ્રમાણે આપણે ઉદ્યોગીકરણની નહીં, પણ ગ્રામઉદ્યોગની નીતિ સ્વીકારીએ છીએ. ઉદ્યોગીકરણમાં પરદેશી હુમલાનો ભય રહેલો છે. ભલે આપણે ગમે તેટલું લશ્કરી બળ, નૌકાબળ અને હવાઈજહાજનું બળ રાખીએ તોપણ ગ્રામઉદ્યોગવાળા હિંદુસ્તાન ઉપર પરદેશી આક્રમણનો ભય બહુ ઓછો ગણાય; જો કે એ પણ ગૌણ વસ્તુ છે. ખરી વસ્તુ તો એ છે કે આપણે અહિંસાને સમજપૂર્વક અપનાવીએ તો આપણા પોતાના સ્વમાનના અને આપણા દેશની આબરૂના રક્ષણ માટે ગમે તેવા હિંસક બળની સામે અડગ ઊભા રહેતાં આપણને આવડવું જોઈએ. જે દેશના લોકો પોતાના દેશની આબરૂના રક્ષણ માટે મોતને ભેટવા તૈયાર હોય છે, તે દેશ ઉપર કોઈ આક્રમણ કરી શકતું નથી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

અત્યારે મોટા મોટા દેશો યુદ્ધની તૈયારીમાં પડ્યા છે; રશિયા અને અમેરિકા બંને ભારે વિનાશકારી હાઈડ્રોજન બૉમ્બના પ્રયોગો કરી રહ્યા છે; જો કે દરેક દેશના થોડાએક સત્તાકાંક્ષી લોકો જ આવા પ્રયોગો પાછળ હોય છે. દુનિયાના દરેક દેશની આમ પ્રજા તો યુદ્ધથી કંટાળી ગઈ છે અને શાંતિની ઝંખના કરી રહી છે, એટલે કોઈક દેશે તો અહિંસાની નીતિ અપનાવવામાં પહેલ કરવી જોઈએ. ગાંધીજી જગતને જે ભવ્ય વારસો આપી ગયા છે તે વારસાને આપણે શોભાવવો હોય તો આપણા દેશે એ પહેલ કરવા તૈયાર થવું જોઈએ; તો જ આપણે સર્વોદયના સિદ્ધાંતને અમલમાં મૂકવાને લાયક થઈએ.

❁

## ૭ : ગામડાં અને શહેરો

સમાજ જ્યારે પ્રાથમિક અવસ્થામાં હતો ત્યારે લોકો મોટે ભાગે ગામડાંમાં રહેતા. જેમ જેમ સમાજ આગળ વધતો ગયો તેમ તેમ શહેરો વસવાની શરૂઆત થઈ. પહેલાં ગામડાં મોટે ભાગે સ્વયંસંપૂર્ણ હતાં. એવું બનતું ખરું કે કોઈ વસ્તુ એક ગામમાં બની શકતી હોય તે બીજા ગામમાં ન બની શકતી હોય. આવી વસ્તુઓની લેવડદેવડ માટે અમુક ગામોની વચ્ચે હાટ અથવા ગુજરી ભરાતી. હાટ ભરાવાનું સ્થળ ઘણુંખરું કોઈ દેવમંદિર અથવા પવિત્ર જગ્યાએ રહેતું. એમાં આશય એ હતો કે હાટમાં થતી લેવડદેવડમાં માણસો પ્રમાણિકપણે અને નિષ્ઠાપૂર્વક વર્તે. શરૂઆતમાં આવાં હાટ અઠવાડિયામાં અમુક મુકરર દિવસે ભરાતાં, પણ જેમ જેમ લોકોની જરૂરિયાત વધતી ગઈ તેમ તેમ આવાં હાટ કાયમી થયાં. વેપારીઓની સાથે કારીગરો પણ ત્યાં વસવા લાગ્યા. ધીમે ધીમે આવાં કાયમી હાટોએ શહેરોનું સ્વરૂપ લીધું. ગામડાંના લોકો પોતાની વધારાની

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

વસ્તુઓ વેચવા માટે આ શહેરોમાં જવા લાગ્યા. તેના બદલામાં પોતાના ગામમાં ન મળી શકતી હોય એવી વસ્તુઓ શહેરમાંથી ખરીદી જવા લાગ્યા. આવાં શહેરોમાં દેશવિદેશથી સોદાગરો પણ પોતાનો માલ વેચવા માટે આવવા લાગ્યા. આવા પરદેશીઓને રહેવા શહેરોમાં સુખસગવડવાળી વીશીઓ ઊભી થઈ. વળી પોતે લાવ્યા હોય તે માલ વેચવાનો સોદો કરે અને શહેરોમાંથી બીજો માલ ખરીદે તે માટે આ સોદાગરોને કેટલાક દિવસ શહેરમાં રહેવું પડતું. ખરીદવેચાણનો સોદો કરવામાં તેમનો આખો દિવસ જાય નહીં, છતાં શહેરમાં રોકાવું તો પડે, એટલે તેમને વખત પણ ઘણો મળતો. તે વખત તેઓ નાટક-ચેટકમાં, નાચગાનના જલસામાં, જાદુના ખેલો જોવામાં તથા એવા મનોરંજનના કાર્યક્રમોમાં ગાળતા. આવા વિદેશી શાહ સોદાગરોનાં દિલ બહલાવવા માટે શહેરોમાં વિવિધ પ્રકારના ખેલતમાશા કરનારા લોકો પણ વસવા લાગ્યા. આ રીતે બજારની સાથે આનંદપ્રમોદનાં સાધનો પણ શહેરોમાં ઊભાં થયાં. ગામડાંના લોકો પણ શહેરોમાં આવે ત્યારે મોજશોખ કરવામાં તથા નાટકચેટક જોવામાં વખત ગાળે. જો કે આ શહેરોનો મુખ્ય ઉદ્દેશ તો ગામડાંના લોકોને એક બજાર પૂરું પાડવાનો હતો; બીજી વસ્તુઓ આનુષંગિક હતી.

પ્રદેશનો રાજા અનુકૂળ સ્થળ જોઈ ત્યાં પોતાની રાજધાની સ્થાપતો. ત્યાં પણ શહેર ઊભું થતું. રાજાની સાથે તેના દરબારીઓ તથા અમલદારો હોય. વળી રાજધાનીમાં રાજાનું કાંઈક લશ્કર પણ રહેતું હોય. આ બધા ખેતી તથા ઉદ્યોગ ધંધા કરનારા ન હોય; એટલે તેમને જોઈતી વસ્તુઓ પૂરી પાડવા માટે ત્યાં એક બજાર ઊભું થતું. રાજા તથા દરબારીઓના મોજશોખની ચીજો પૂરી પાડનારા કારીગરો પણ ત્યાં વસતા. તેમના ભોગવિલાસની વસ્તુઓ પૂરી પાડનારા નટો, નર્તકીઓ, ગાયકો વગેરે પણ ત્યાં આવી વસતાં. આવી રીતે રાજધાનીનાં શહેરોમાં પણ આનંદપ્રમોદની વિવિધ સાધનસામગ્રીઓ મળી શકતી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

દેશમાં અમુક પવિત્ર સ્થાનકો જાત્રાનાં સ્થળ તરીકે વિખ્યાત થતાં. ત્યાં દૂર દૂરથી યાત્રાળુઓ આવતા. એમની રહેવાની તથા ખાવાપીવાની સગવડ એ યાત્રાને સ્થાને રહેતા ગોર તથા પંડાઓ કરતા. જાત્રાએ જાય એટલે માણસ કાંઈ નવાઈની વસ્તુ તથા દેવનો પ્રસાદ ઘેર લઈ જવાનું પસંદ કરે, એટલે ત્યાં પણ સ્વાભાવિક રીતે જ બજાર ઊભું થતું. ત્યાં તરેહતરેહની વસ્તુઓની, ખાસ કરીને તાંબાપિત્તળનાં વાસણોની, મૂર્તિઓની તથા મીઠાઈની દુકાનો જામતી. વળી વૃદ્ધ અને નિવૃત્ત થયેલાં સ્ત્રીપુરુષો પોતાનું શેષ જીવન જાત્રાના સ્થાનમાં ગાળે એવો પણ એક રિવાજ પડવા માંડયો, એટલે આવા માણસોની વસ્તી પણ વધી, આમ યાત્રાના સ્થાને પણ શહેર વસી ગયું.

કેટલાંક યાત્રાનાં સ્થાનો વિદ્યાનાં મથકો પણ બન્યાં. ત્યાં પંડિતો રહેતા અને દેશના દૂર દૂરના ભાગમાંથી વિદ્યાર્થીઓ ભણવા આવતા. આજના જમાનામાં આને બદલે યુનિવર્સિટીઓ થઈ છે, અને એની કોલેજોમાં ઘણા વિદ્યાર્થીઓ ભણવા જાય છે. આમ વિદ્યાના મથકે પણ શહેર ઊભું થાય છે.

નદીકાંઠે અથવા દરિયાકાંઠે બંદર માટે અનુકૂળતા હોય ત્યાં ઘણાં વહાણો અને સ્ટીમરો આવે છે. તેમાં ઘણો માલ ચડે છે તથા ઊતરે છે. આવાં બંદરો વેપારનાં, ખાસ કરીને, પરદેશ સાથેના વેપારનાં મથકો બને છે. ગુજરાતમાં સુરત પહેલાં ચોરાશી બંદરનો વાવટો કહેવાતું. એટલે દેશવિદેશથી ઘણાં બંદરોનાં વહાણો ત્યાં આવતાં. હાલ એનું સ્થાન મુંબઈએ લીધું છે અને તે મોટું બંદર બન્યું છે. આવાં બંદરનાં શહેરોમાં પરદેશી લોકો ઘણા આવતા હોવાથી એવાં શહેરો વિશ્વપ્રદર્શન જેવાં હોય છે. ત્યાં કેટલાક પરદેશી વેપારીઓ સ્થાયી વસવાટ પણ કરે છે.

કેટલાંક સ્થળો લશ્કરી દૃષ્ટિએ મહત્ત્વનાં હોઈ, ત્યાં રાજ્ય તરફથી લશ્કરી થાણાં રાખવામાં આવે છે. તેની જરૂરિયાતો પૂરી પાડવા તથા લશ્કરને માટે મનોરંજન તેમજ આનંદપમોદનાં સાધનો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

પૂરાં પાડવા ત્યાં પણ શહેર ઊભું થાય છે.

આમ શહેરો ઊભાં થવાનાં અનેક કારણો હોય છે. બધાં શહેરોનું એક સામાન્ય લક્ષણ એ હોય છે કે ત્યાંના લોકો ખેતી કરતા નથી. તેમ પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ પણ ત્યાં પેદા થતી નથી. સુખસગવડની વસ્તુઓ, જેવી કે ચશ્માં, સીવવાના સંચા, ઘડિયાળ, વગેરે બનાવનારા કારીગરો ત્યાં વસે છે. તે ઉપરાંત ત્યાં વેપારનું મથક હોય છે. મોટાં શહેરોમાં વિવિધ પ્રકારની વિદ્યાઓનાં મથકો પણ હોય છે. ત્યાં મોટાં વર્તમાન પત્રો પણ ચાલે છે. વીશીઓ, હોટેલો, નાટ્યગૃહો, સિનેમા, થિયેટરો, આનંદપ્રમોદનાં સ્થળો, ક્રીડાંગણો નાચગાનનાં સ્થળો, એ તેનાં ખાસ લક્ષણો હોય છે.

શહેરોના મોજશોખ અને ભોગવિલાસ અલગ રાખીએ તો દેશની વિશિષ્ટ જરૂરિયાતો પૂરી પાડવાને માટે શહેરો ઊભાં થયાં હોય છે.

બ્રિટિશ રાજ્યની સ્થાપના પહેલાં આપણા દેશમાં શહેરો હતાં ખરાં, પરંતુ તે ગામડાંને પૂરક હતાં, મારક નહોતાં. એ શહેરો અને ગામડાં વચ્ચેનો સંબંધ જેવો કુદરતી હોવો જોઈએ તેવો હતો. આપણાં ગામડાંના સ્વરાજ્યમાં તથા ગામડાંની સ્વયંસંપૂર્ણતામાં એ શહેરોએ કશી દખલ કરી નહોતી, પરંતુ બ્રિટિશ રાજ્યની સ્થાપના પછી જે ઉદ્યોગીકરણની પ્રવૃત્તિ ચાલી તેને લીધે શહેરો કેવળ ગામડાંનું બજાર બનવાને બદલે, ઉદ્યોગનાં મોટાં મથકો બન્યાં, શરૂઆત ઇંગ્લંડની મિલોના કાપડથી થઈ. પછી કારખાનાંમાં બનતો બીજો માલ આવવા લાગ્યો. તેણે આપણાં ગામડાંના ખાદીના ઉદ્યોગને તથા બીજા નાના પાયા ઉપર ચાલતા ગ્રામઉદ્યોગોને તથા ગૃહઉદ્યોગને મારી નાખ્યા.

એ ઉદ્યોગને સજીવન કરી, આપણાં ગામડાંનો પુનરુદ્ધાર કરવા માટે ગાંધીજીએ જબરી ચળવળ ઉપાડી. તેમની સ્વરાજની ચળવળનું આ એક મહત્ત્વનું અંગ હતું. ગાંધીજીની ચળવળને પરિણામે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



બ્રિટિશરો હિન્દ છોડી ગયા, આપણને રાજકીય સ્વતંત્રતા મળી, પરંતુ ગામડાંનો ઉદ્ધાર થયો નથી. જે ભાગ ઇંગ્લંડની મિલો અને કારખાનાંઓએ આપણા ગ્રામઉદ્યોગને તોડી પાડવામાં ભજવ્યો હતો તે આજે આપણી મિલો અને કારખાનાંઓ આપણા ગ્રામઉદ્યોગને આગળ વધવા ન દેવામાં ભજવી રહ્યાં છે. બ્રિટિશરો સાથે આપણું સ્વાતંત્ર્યયુદ્ધ ચાલતું હતું તે વખતે ગાંધીજીએ રેંટિયાનો અને ગ્રામઉદ્યોગોનો ઉદ્ધાર કરવા માટે કેટલીક સંસ્થાઓ પણ સ્થાપી હતી; પરંતુ જ્યાંસુધી મિલો અને કારખાનાં ઉપર અંકુશ મૂકવામાં ન આવે અને આપણા ગ્રામઉદ્યોગો તથા ગૃહઉદ્યોગોને રક્ષણ આપવામાં ન આવે ત્યાંસુધી તેનો ઉદ્ધાર કેવી રીતે કરવો એ એક કોયડો છે. મિલો અને કારખાનાં ઉપર કાંઈ પણ અંકુશ સરકાર જ મૂકી શકે. પણ સરકારે તો કેન્દ્રિત ઉદ્યોગની નીતિ અપનાવી છે. તેને લાગે છે કે એ વિના આપણું જીવનધોરણ ઊંચું આવી શકશે નહીં. એની ચર્ચા અમે ઉદ્યોગીકરણના પ્રકરણમાં કરી છે.

આપણાં ગામડાંના કામધંધા તો ગયા જ છે. તે ઉપરાંત અંગ્રેજી રાજ્યમાં શરૂ થયેલી અને આજે પણ ચાલતી કેળવણી શહેરની જરૂરિયાતોને લક્ષમાં રાખી યોજવામાં આવતી હોઈ, ગામડાંનો જે માણસ ભણે તે ગામડાંનો મટી જાય છે અને શહેરમાં જતો રહે છે. ગામડાંના શાહુકારો ખેડૂતોમાં ધીરધાર કરતા, તેઓ પણ તેમાં કસ રહેલો ન હોવાને લીધે પોતાની મૂડી શહેરોની મિલોમાં રોકતા થઈ ગયા છે. શાહુકારોનું સ્થાન કશા વિધિનિષેધ વિનાના અને દયાહીન વ્યાજખોર લોકોએ લીધું છે. ગામડાંઓમાંથી ભણેલાઓની બુદ્ધિની સાથે ત્યાંના શાહુકારોની મૂડી પણ શહેરોમાં જઈ પડી છે, આજે કસબા જેવાં મોટાં ગામડાઓમાં અંગ્રેજી નિશાળો ચાલતી જોવામાં આવે છે. એ નિશાળો ગામડાંના છોકરાંઓને શહેરમાં ધકેલવામાં અને શહેરની તકલાદી અને ગામડાં માટે અનાવશ્યક વસ્તુઓ ગામડાંમાં દાખલ કરવામાં તથા ગામડાંઓને શહેરનો ચેપ લગાડવામાં જાણ્યે અજાણ્યે નિમિત બને છે. તેથી જ ગાંધીજીએ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



૧૯૨૨ના માર્ચમાં તેમના ઉપર રાજદ્રોહનો મુકદ્દમો ચાલ્યો ત્યારે અદાલત સમક્ષ જે એકરાર કરેલો તેમાં કહેલું કે, હિંદુસ્તાનની અધ-ભૂખી આમજનતા ધીમે ધીમે ચેતનાવિહીન થતી જાય છે તેનું આપણા દેશના શહેરમાં વસનારાઓને ભાગ્યે જ કશું ભાન હશે. તેઓ ભાગ્યે જ જાણતા હશે કે તેમને જે મામૂલી સુખસગવડો મળી રહે છે તે પરદેશી શોષકને માટે જે કામગીરી તેઓ બજાવે છે તેની દલાલી છે. તેમના નફા અને તેમની દલાલી આમજનતાને ચૂસીચૂસીને મેળવેલી હોય છે......મને છાંટાભાર શંકા નથી કે, જો ઉપર ભગવાન વસતો હોય તો ઇંગ્લંડે અને હિન્દુસ્તાનના શહેરનિવાસીઓએ ઇતિહાસમાં જેનો જોટો જડે નહીં એવો માનવતા સામે ગુનો કર્યો છે તેનો તેમણે જવાબ દેવો પડશે.

આપણા દેશમાં વધતી જતી બેકારીના નિવારણ અર્થે આપણી સરકારે ખાદી તથા બીજા ગ્રામઉદ્યોગને સંરક્ષણ આપવાની નીતિ હમણાં શરૂ કરી છે; પણ અમે ઉપર જણાવી ગયા તેમ આપણાં કારખાનાં ઉપર અસરકારક અંકુશો મૂકવામાં ન આવે ત્યાં સુધી એ નીતિથી કશું વળે એમ દેખાતું નથી. એટલે ગામડાંઓએ પોતે જ આત્મરક્ષણના ઉપાયો લેવા પડશે. આપણાં ગામડાંને બચાવવાનો ઉપાય આપણા ગ્રામનિવાસીઓના જ હાથમાં છે. આપણા ખેડૂતો બરાબર સમજે અને સમજપૂર્વક આપણાં ગામડાંને આર્થિક બાબતમાં સ્વયંસંપૂર્ણ બનાવે તો ગામડાં ઉપરના આર્થિક હુમલામાંથી પોતાને બચાવી શકે. વળી કેળવણી-ની બાબતમાં પણ ગાંધીજીએ બતાવેલી નઈ તાલીમની પદ્ધતિ તેના પૂરેપૂરા અર્થમાં આપણે ગામડાંમાં દાખલ કરીએ તો તે પણ ગામડાંને સ્વયંસંપૂર્ણ અને સંસ્કારી બનાવવામાં ઘણી મદદ કરે. ગામડાંના લોકો આ બે વસ્તુઓ જ્ઞાનપૂર્વક કરે તો ગામડાંમાં નવી તાકાત આવે અને તેઓ પોતાનું સ્વાભાવિક સ્થાન મેળવે. ગામડાં ઉપરના શહેરોના આક્ર-મણ સામે આ જ એક અસરકારક અને સ્વાવલંબનનો ઉપાય છે. ગામડાં સ્વયંસંપૂર્ણ બનવાની સાથે જ શહેરો સાથેનો તેમનો સંબંધ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ન્યાયી અને હોવો જોઈએ તેવો કુદરતી થઈ જશે.

આપણાં ગામડાંને સ્વયંસંપૂર્ણ બનાવવામાં ભૂદાનપ્રવૃત્તિ તરફ અમે આશાની નજરે જોઈ રહ્યા છીએ. એ પ્રવૃત્તિનો એક ઉદ્દેશ જમીનની સમાન વહેંચણી કરવાનો છે. તે ઉપરાંત જેઓ જાતમહેનતથી ખેડે તેમની જ પાસે જમીન રહે, એવો પણ તેનો ઉદ્દેશ છે. ખેડૂતોમાં જમીનની સમાન વહેંચણી થાય એટલે દરેક ખેડૂત પાસે ઓછી જમીન આવવાની, કારણ ખેડૂતોના પ્રમાણમાં આપણા દેશમાં ખેડવા લાયક જમીનનું પ્રમાણ ઘણું ઓછું છે. એટલે ખેડૂતને પૂરું કામ આપવા માટે તથા તેનું સારી રીતે ગુજરાન થઈ શકે તે માટે એકલી ખેતીને આર્થિક ઘટક બનાવી શકાશે નહીં. ખેતી, ગોપાલન તથા ગ્રામઉદ્યોગો થઈને ખેડૂતનું ગુજરાન સારી રીતે ચાલી શકે તેવો આર્થિક ઘટક બનાવી શકાય. એમ થાય તો આપણાં ગામડાં સહેજે સ્વયંસંપૂર્ણ બને. વળી ભૂદાનપ્રવૃત્તિની સફળતાનો આધાર બિનખેડૂત જમીનમાલિકોનો બોજો અત્યારે ખેડૂતો ઉપર પડે છે તે પણ દૂર થાય તે ઉપર છે. એટલે કે એવા જમીનમાલિકોએ ખરા ખેડૂત બનવું જોઈએ, અથવા તો જમીન ઉપરની માલકી છોડી દેવી જોઈએ.

આપણાં ગામડાં સ્વયંસંપૂર્ણ અને સ્વાવલંબી થાય તો શહેરો સાથેનો તેમનો સંબંધ આપોઆપ ન્યાયી અને બંનેને હિતકારી થાય.

## ૮ : લોકશાહી

લોકશાહીની ભાવના અત્યારે તો આપણે પશ્ચિમ પાસેથી લીધેલી જણાય છે. આપણા દેશમાં પ્રજાસત્તાક રાજ્યો હતાં એવું કહેવાય છે. પણ તેમાં અમુક આગળ પડતાં કુટુમ્બો પાસે જ સત્તા રહેતી. વળી ગ્રામપંચાયતોમાં તથા વેપારી મહાજનોમાં લોકશાહીની ભાવના હતી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

ખરી, પરંતુ ઘણાં વર્ષોથી આપણા સમાજમાં પેઠેલી ઊંચનીચની ભાવનાથી એ દૂષિત હતી. એટલે રાજદ્વારી લોકશાહી તો પશ્ચિમમાંથી જ આપણે ત્યાં આવી છે, એમ કહેવામાં હરકત નથી. યુરોપમાં ઇંગ્લંડે લોકશાહી વધારેમાં વધારે ખીલવી છે. બ્રિટિશ પાર્લમેન્ટ એ પાર્લમેન્ટોની જનની કહેવાય છે. અત્યારે આપણા દેશમાં જે લોકશાહી છે તે બ્રિટિશ પાર્લમેન્ટનું અનુકરણ જ છે.

પશ્ચિમની લોકશાહી બહુમતીને ધોરણે ચાલે છે. જેટલા રાજકીય પક્ષો હોય તેમાંથી જે પક્ષ બહુમતી મેળવી શકે તે રાજસત્તા ઉપર આવે છે જે પક્ષની લઘુમતી હોય, છતાં જે બહુમતી મેળવવાની આશા રાખતો હોય, તે વિરોધી પક્ષ તરીકે રહે છે. જ્યારે બહુમતી મેળવી શકે ત્યારે તે સત્તા ઉપર આવે છે. અત્યારે આપણા દેશમાં કોંગ્રેસ પક્ષની બહુમતી છે. એ પક્ષને ઉથલાવી પાડીને પોતે સત્તા ધારણ કરે એવો બળવાન બીજો કોઈ પક્ષ અત્યારે તો દેખાતો નથી.

અત્યારની લોકશાહીમાં મોટું વહીવટી તંત્ર ચલાવનારા અમલદારો અને નોકરો અનિવાર્ય હોય છે. ધારાસભાઓ અથવા સંસદ કાયદા કરે, પણ તેનો અમલ કરવાનું તેમના હાથમાં હોય છે, એટલે એ લોકો જેટલા પ્રમાણમાં પ્રામાણિક, નિષ્ઠાવાન અને દેશદાઝવાળા હોય તેટલા પ્રમાણમાં તંત્ર સારું ચાલે છે. પણ બધા અમલદારો અને નોકરો એવા મળતા નથી, એટલે વહીવટ વિષે લોકોમાં અસંતોષ રહ્યાં કરે છે.

સામાન્ય માન્યતા એવી છે કે લોકશાહીમાં પક્ષો અનિવાર્ય છે. પરંતુ સર્વોદય શબ્દ સૂચવે છે કે આમાં બહુમતીનું રાજ્ય ન હોઈ શકે. એમાં સૌનો ઉદય અથવા સૌનું કલ્યાણ અભિપ્રેત છે, એટલે એમાં બધું કામકાજ એકમતીથી અથવા સર્વાનુમતે થવું જોઈએ. જેઓ પક્ષોની અનિવાર્યતામાં માને છે તેઓ સાથે સાથે એમ પણ કહે છે કે ગામડાંમાં પક્ષો હોવાની જરૂર નથી. હવે સર્વોદયની લોકશાહીનું એકમ આપણે ગામડાંને ગણ્યાં છે અને ગામડાંને પૂરેપૂરાં પ્રજાસત્તાક બનાવવાની

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



આપણી નેમ છે. એમાં ઉપરનાં તંત્રો પાસે બને તેટલી ઓછી અથવા નામની જ સત્તા હશે. જ્યાં સત્તા કેંદ્રિત હોય ત્યાં સત્તાધારી પક્ષ ઉપર નૈતિક અંકુશ તરીકે પણ વિરોધી પક્ષોની હસ્તી સમજી શકાય; પણ સર્વોદયની યોજનામાં સત્તાનું એટલું વિકેન્દ્રીકરણ થાય છે કે તે કોઈને કઠતી નથી; નાનામાં નાના માણસને પણ એમ લાગે છે કે આપણે સ્વતંત્ર છીએ.

સર્વોદયના આદર્શ પ્રમાણે તો રાજસત્તા હોવી જ ન જોઈએ. તેનો અર્થ એમ નથી કે બધે અવ્યવસ્થા અથવા અતંત્રતા ચાલે. તંત્રના ઘટકો વધુ નાના હોય, જેના વહીવટમાં દરેક માણસ પ્રત્યક્ષ ભાગ લઈ શકે, એ તેનો ઉદ્દેશ છે. દરેક વ્યક્તિને પોતે સ્વતંત્ર છે એવો અનુભવ થાય. તેથી વિનોબાજી કહે છે કે અમારે તો શાસન-વિહીન તેમજ શોષણરહિત સમાજની સ્થાપના કરવી છે. પરંતુ આ સ્થિતિને ત્યારે જ પહોંચી શકાય, જ્યારે સમાજની પ્રત્યેક વ્યક્તિ આ આદર્શને સમજી શકે અને તે પ્રમાણે એને આચરણમાં પણ ઉતારે. શાસનવિહીન સમાજ ત્યારે જ સફળ થાય, જ્યારે તે સમાજની વ્યક્તિઓ પોતા ઉપર પોતાનું શાસન રાખે. આ આદર્શ સ્થિતિને ન પહોંચાય ત્યાંસુધી એનાથી સહેજ ઊતરતો માર્ગ સ્વીકારવાનું યોગ્ય લાગે છે. તે માર્ગ એ છે કે એ રાજ્ય ઉત્તમ જે ઓછું રાજ્ય કરે, એટલે કે જે ઓછામાં ઓછી સત્તા ચલાવે.

આ આદર્શને ધ્યાનમાં રાખીને આપણે એવી યોજના કરી છે કે સત્તાનો ઉગમ ઉપરથી નીચે નહીં, પણ નીચેથી ઉપર થવો જોઈએ. સર્વોદય સમાજમાં દરેક ગામ એક પ્રજાસત્તાક હોય. અત્યારના તંત્રમાં પણ ગ્રામપંચાયતો સ્થાપવામાં આવે છે ખરી, પરંતુ એ પંચાયતો ઉપરી તંત્ર જેટલી સત્તા આપે તેટલી જ સત્તા ભોગવી શકે છે. સર્વોદયમાં ગ્રામપંચાયત બીજાની આપેલી સત્તા ન ભોગવે, પણ પોતે જ પોતાની શક્તિ અને યોગ્યતાથી પોતાની સત્તા નિર્માણ કરે. આ ત્યારે જ બની શકે કે ગામમાં રહેનારા તમામ લોકો ગ્રામપંચાયતને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

ટેકો હોય. એમાં પક્ષાપક્ષીને ધોરણે કામકાજ ચલાવવામાં આવે તો કામ બગડે. એમાં તો સૌની સાથે મેળ સાધી સૌના હિત પ્રત્યે દૃષ્ટિ રાખી સર્વસંમતિથી કામ થાય.. જે કામને માટે એકમતી અથવા સર્વસંમતિ ન થઈ શકે, તે કામ એટલા વખત માટે મુલતવી રાખવામાં આવે.

પક્ષીય રાજકારણમાં તે તે પક્ષના સભ્યોને પક્ષની શિસ્તમાં રહેવું પડે છે. પોતાની અંગત માન્યતા ગમે તે હોય, પણ પક્ષના નિર્ણયને તેણે અધીન થવું પડે છે. જેટલે દરજ્જે માણસને પોતાના અંતરાત્માના અવાજને દબાવવો પડે છે તેટલે દરજ્જે તેનું વ્યક્તિત્વ હણાય છે, એટલે પક્ષની શિસ્તને પણ મર્યાદા છે. એ મર્યાદાનો સ્વીકાર ન કરવામાં આવે તો શિસ્તને નામે જુલમ થાય છે. વળી પક્ષ બંધાવાથી પક્ષનું અભિમાન પેદા થાય છે અને ઘણી વાર પક્ષના હિત આગળ સાર્વજનિક હિત વીસરાઈ જાય છે.

અત્યારે ચૂંટણી થવાની હોય ત્યારે બહુ ધમાલ ચાલે છે, કારણ ઉમેદવારને એમ લાગે છે કે આપણે ચૂંટાઈશું તો આપણા હાથમાં કાંઈક સત્તા આવશે. પણ સત્તાને બદલે જવાબદારીના ખ્યાલથી સમાજની સેવા કરવાના ખ્યાલથી માણસે ચૂંટાવું જોઈએ. ચૂંટાઈ ને કશી સત્તા મેળવવાની નથી, પણ જવાબદારી ઉઠાવવાની છે. એ વસ્તુ સ્પષ્ટ થઈ જાય એટલે ઉમેદવારોની સંખ્યા આપોઆપ ઘટી જશે, કારણ ચૂંટાનાર સભ્ય સત્તા ભોગવવાની વૃત્તિથી અથવા મોટાઈ ને નામના મેળવવા માટે નહીં, પણ શુદ્ધ સેવા કરવાની વૃત્તિથી ત્યાં ગયો હશે. આમ કરવાને માટે આખું વાતાવરણ ફેરવી નાખવાની જરૂર છે. પોતાની મેળે ચૂંટાવાને કોઈ તૈયાર ન થાય, પણ લોકોએ લાયક માણસોને આગ્રહ કરીને ત્યાં મોકલવાની સ્થિતિ આવે. ઉપર અમે જિલ્લાપંચાયત, પ્રાંતપંચાયત તથા કેન્દ્રપંચાયતની વાત કરી છે, એટલે અહીં તેનું પુનરાવર્તન કરવાની જરૂર નથી. આખી અર્થરચના તથા રાજ્યરચના વિકેન્દ્રિત કરી નાખવામાં આવે એટલે ઉપરનાં તંત્રો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



પાસે સ્વાભાવિક રીતે જ બહુ ઓછાં કામ રહે.

જ્યાં સત્તા કેન્દ્રિત હોય છે ત્યાં વહીવટ ઉપર લોકો અંકુશ રાખી શકતા નથી. એમ કહેવામાં આવે છે કે લોકશાહીમાં લોકોના પ્રતિનિધિઓના હાથમાં આખરી સત્તા હોય છે. પણ કેવળ મતાધિકારથી લોકો રાજ્યતંત્ર ઉપર કાબુ ધરાવી શકતા નથી. વળી કેન્દ્રિત રાજ્યસત્તામાં વહીવટી તંત્ર એટલું અટપટું અને ગૂંચવણવાળું હોય છે કે સામાન્ય પ્રતિનિધિ તેની આંટીઘૂંટીઓ સમજી શકતો નથી, પછી અંકુશ રાખવાની તો વાત જ ક્યાં રહી? પોતે જે પક્ષનો હોય તે પક્ષના આગેવાન અને વિશેષ સત્તા ભોગવતા સભ્યો જેમ હાથ ઊંચા કરે તેમ બીજા સામાન્ય પ્રતિનિધિઓ હાથ ઊંચા કરે. એટલે ધારાસભાઓમાં તેમજ સંસદમાં બધું જ્ઞાનપૂર્વક ચાલે છે એવો દાવો કરવો એ વધારે પડતું છે.

વળી ચૂંટાવાની હરીફાઈઓને લીધે વાતાવરણ બહુ કલુષિત થાય છે. આપણા દેશમાં નાતજાતના વાડાબંધીનું જોર હજી ઓછું નથી થયું. ગાંધીજીની પ્રવૃત્તિએ તેને સખત આંચકો આપ્યો છે ખરો, પણ આ ચૂંટણીઓમાં નાતજાતોએ ફરી માથું ઊંચક્યું છે અને કોંગ્રેસે પણ ઘણી વાર એને ઉત્તેજન આપ્યું છે. લોકો ઉમેદવારને મત આપે છે, તે અમુક ઉમેદવાર વધારે લાયક છે એમ વિચારીને નહીં, પણ ઉમેદવાર પોતાની નાતનો કે કોમનો છે એ વિચાર ઘણા મતદારોના મનમાં પ્રધાનપદે હોય છે. આ ઉપરાંત પૈસાદાર માણસો ચૂંટણીઓમાં એટલા પૈસા વેરે છે કે લાયક, ગરીબ અને પ્રામાણિક ઉમેદવાર તો ચૂંટણીની હરીફાઈમાં ઊભો જ રહી શકતો નથી. વળી ઉમેદવારો મતદારોને લલચાવવા એવાં વચનો આપે છે કે તમે મને ચૂંટશો તો હું તમારું અમુક કામ કરી આપીશ. આમ સાર્વજનિક હિત કે કલ્યાણની વાત વીસરી જાય છે ઉમેદવાર અને વીસરી જાય છે મતદાર. કિશોરલાલભાઈ એમના 'સમૂળી ક્રાંતિ' પુસ્તકમાં લખે છે કે "ચૂંટાવા ઇચ્છતો પ્રતિનિધિ પોતાના મતદારોને એ જ જાતની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

આશાઓ બંધાવે છે કે મને મોકલશો તો આપણે માટે હું અમુક લાભો મેળવવા પ્રયત્ન કરીશ અને આપણા વિરોધીઓને અમુક રીતે ચીત કરીશ.

"આમ પ્રતિનિધિ તથા ચૂંટનારાઓ પોતાના પક્ષના સ્વાર્થનો જ વિચાર કરી સુરાજ્ય સ્થાપવાની આશા સેવે છે. બધા માણસો પોતપોતાના સ્વાર્થો સંભાળે તો બધાના સ્વાર્થ સિદ્ધ થાય, એ મધ્યકાલીન શ્રદ્ધા હજુ આપણી ચૂંટણીઓમાં કામ કરી રહી છે.

"આપણી સર્વે પ્રતિનિધિસભાઓ (ધારાસભાઓ) જુદા જુદા પક્ષકારોના વકીલોની મિજલસ હોય છે, બિનપક્ષપાતી ન્યાયાધીશોની બેઠક હોતી નથી, કારણ પ્રતિનિધિ મોકલનારાઓને આપણે એમ જ કહીએ છીએ કે દરેક ચૂંટનાર પોતાના માણસને મત આપે; એમ કહેતા નથી કે બધા મળીને લગભગ સર્વને માન્ય થઈ શકે એવા હોય અથવા લગભગ કોઈને અમાન્ય ન હોય એવા જ નિષ્પક્ષ, ચારિત્ર્યવાન, વ્યવહારકુશળ માણસોને પસંદ કરે. આથી જે પ્રતિનિધિઓ ચૂંટાય છે તે એક કે બીજા પક્ષના વકીલો ચૂંટાય છે, સૌના પંચો ચૂંટાતા નથી અને પક્ષના નિયમ મુજબ તેમના ઉપર પોતાના પક્ષની વિરુદ્ધ કોઈ પણ નિર્ણય (મત) ન આપવાની ફરજ નાખવામાં આવી હોય છે. આવી સભા જે કાંઈ કાયદા વગેરેના નિર્ણયો કરે તે વકીલી અદાલતના હુકમનામાના જેવા ગણાય, ન્યાયકચેરીના હુકમનામા જેવા નહીં, કારણ કે એ પ્રતિનિધિઓને કહેવા માત્રની પણ પોતાના પક્ષને છોડવાની સ્વતંત્રતા નથી હોતી. એ પ્રમુખ થાય કે પ્રધાન થાય તોયે પોતાના પક્ષનાં બંધનોથી છૂટો થઈ શકે નહીં.

"પક્ષોના પ્રતિનિધિઓની બહુમતીથી નહીં, પણ નિષ્પક્ષ પંચોની ભારે બહુમતીથી જ સુરાજ્ય સ્થાપી શકાવાનો વધારે સંભવ છે. માટે નિષ્પક્ષ પંચો નીમવાની કોઈક પ્રથા નિર્માણ કરવી જોઈએ.

"પક્ષોના રાજ્યને પ્રજાનું રાજ્ય—ડેમોક્રસી કહેવું એ 'વદતો વ્યાઘાત' જેવું છે. પ્રજાએ માન્ય રાખેલું પક્ષપાતીત રાજ્ય ડેમોક્રસી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



કહેવાય કે ન કહેવાય, એ સુરાજ્ય—એટલે પ્રજાનું, પ્રજાર્થે પ્રજાસંચાલિત—રાજ્ય થાય."

કયો માલ દેશમાં આયાત કરવો કે દેશમાંથી કયો નિકાસ કરવો તે નક્કી કરવાની સત્તા આપણે કેન્દ્રિય સરકાર પાસે રાખવાનું વિચાર્યું છે, પણ આપણાં ગામડાંને આપણે સ્વાવલંબી અને મોટે ભાગે સ્વયંસંપૂર્ણ બનાવવાં છે. એટલે આયાતનિકાસનું પ્રમાણ સ્વભાવિક રીતે જ ઘણું ઓછું થઈ જવાનું. વળી પરદેશો સાથેના સંધિ વિગ્રહને લગતા સંબંધોમાં પણ આપણી નીતિ અહિંસાની હોઈ, આપણે બીજા દેશો સાથે દ્વેષ કે વેર હશે નહીં છતાં કોઈ આપણા ઉપર આક્રમણ કરે તો દેશની સ્વતંત્રતા અને આબરૂના રક્ષણ માટે દરેક માણસની મરી ફીટવાની તૈયારી હોવી જોઈએ. આ વસ્તુ અત્યારે કોઈને તરંગી લાગે, પણ ઍટમબૉમ્બ અને હાઇડ્રોજન બૉમ્બના પ્રયોગો પછી દુનિયાએ સર્વનાશમાંથી બચવું હોય તો તેની પાસે અહિંસા જ એક માત્ર ઉપાય રહ્યો છે. તે માટે આપણે યુદ્ધનાં મૂળ કારણો નાબૂદ કરવાં પડશે. અત્યારનાં યુદ્ધોની પાછળ જુદા જુદા દેશોના આગળ પડતા અને સત્તાધારી લોકોની મહત્ત્વાકાંક્ષા, લોભ અને સ્વાર્થ રહેલાં હોય એમ જણાય છે. તેઓ જ બધું ધાંધલ કરી યુદ્ધનું વાતાવરણ પેદા કરે છે. બાકી આમ જનતા તો આવી આવી બાબતોમાં નિઃસ્પૃહ હોય છે. કોઈ વાર દેશાભિમાનના નામે તેઓ આવી બાબતોમાં રસ બતાવે છે ખરા, પણ તેમને કશું કરવાપણું હોતું નથી. આમ જનતામાંથી કેટલાક સાહસિક અને કશું નવું જાણવાજોવાનું મળશે એવી અભિલાષાવાળા લોકો લશ્કરમાં ભરતી થાય છે, પણ એમાંના મોટા ભાગનાં જીવન એવાં સ્વચ્છંદી અને નીતિનિયમની બાબતમાં વિધિનિષેધ વિનાનાં બની બરબાદ થાય છે. પણ મૂળ વાત ઉપર આવીએ. ઍટમબૉમ્બ અને હાઇડ્રોજનબૉમ્બે સર્વનાશની જે નીતિ ઉત્પન્ન કરી છે, તેનાથી ચેતીને પણ દુનિયાએ અહિંસાને માર્ગે વળવાની જરૂર છે. પણ ભયથી અહિંસા તરફ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021





વળવું એમાં કાંઈ માનવતાનું કલ્યાણ નથી; જ્ઞાનપૂર્વક એ માર્ગે વળવું જોઈએ. તે તો લોભ, સ્વાર્થ અને ભય તથા વૈરવૃત્તિનો ત્યાગ કરવાથી જ થઈ શકે. સર્વોદય આપણને એ માર્ગ બતાવે છે.

## ૯ : નઈ તાલીમ

સર્વોદયમાં શિક્ષણની વ્યવસ્થા પણ સર્વોદયના આદર્શને અનુકૂળ કરવી જોઈશે. સામાજિક તથા આર્થિક સમાનતાને પોષણ મળે, અને જેમાં શ્રમનિષ્ઠાને ઉત્તેજન મળે, એવો સત્યનિષ્ઠ અને અહિંસાપરાયણ સમાજ આપણે રચવો છે. બાળકોની કેળવણી બચપણથી જ એ આદર્શને પોષક હોવી જોઇએ. ગાંધીજીએ નઈ તાલીમની યોજના આવો ઉદ્દેશ ધ્યાનમાં રાખીને આપણી સમક્ષ મૂકી છે. પોતાની યોજના સન ૧૯૩૭ માં પહેલી વાર જે પરિષદમાં રજૂ કરી તે પરિષદમાં એમણે એવી મતલબનું કહેલું કે 'આ દેશ આગળ અને તેની મારફત દુનિયા આગળ કેટલાક નવા વિચારો મૂકવાનો હું દાવો કરી શકું એમ છું. મેં અત્યાર સુધીમાં જે વિચારોની ભેટ જગતને ચરણે ધરી છે તેમાં આ વિચાર મને સૌથી વિશેષ ક્રાંતિકારી અને સૌથી વિશેષ કલ્યાણકારી લાગે છે. આથી વિશેષ મહત્ત્વની કે વિશેષ કીમતી ભેટ હું દુનિયા આગળ ધરી શકું એમ મને લાગતું નથી. મારા આખા રચનાત્મક કાર્યક્રમને અમલી રૂપ આપવાની ચાવી આમાં રહેલી છે. જે નવી દુનિયાની હું ઝંખના કરી રહ્યો છું, તે આમાંથી નિપજાવી શકાય એમ છે. આ મારો છેલ્લો વારસો છે.' અતિ સંયમથી બોલનારા ગાંધીજીએ નઈ તાલીમને વિષે આવો ભારે દાવો શા માટે કર્યો તે આપણે સમજવું જોઈએ.

કેળવણીને સાર્વત્રિક કરવાની વાત છેલ્લાં ઘણાં વરસોથી દુનિયામાં ચાલે છે. પણ હજી કોઈ દેશ, અમેરિકા જેવો શ્રીમંત દેશ પણ,

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



પ્રાથમિક કેળવણીથી આગળની કેળવણી સાર્વત્રિક કરી શકયો નથી. એનું મોટું કારણ એ છે કે અત્યારની આપણી કેળવણી અમુક ઉપલા ઉજળિયાત વર્ગને જ પોષાય એવી છે. એ કેળવણી વર્ગભેદ નિર્માણ કરનારી છે. સમાજમાં શિક્ષિત લોકોનો જાણે એક જુદો વર્ગ જ બની જાય છે. એ વર્ગને આપણે ઉજળિયાત વર્ગ અથવા મહેનતમજૂરી નહીં કરનારો વર્ગ કહી શકીએ. ખેડૂત અથવા કારીગર વર્ગને અત્યારની કેળવણી ઉપયોગી થઈ શકે એવી નથી. ખેડૂતનો છોકરો અથવા કારીગરનો છોકરો એ કેળવણી લે છે તો પોતાનો ખેતીનો ધંધો અથવા સુથારી લુહારી એવા કારીગરના ધંધા એ કરી શકતો નથી. ખેતીવાડીની કૉલેજમાં પાસ થયેલા સ્નાતકોમાંથી પણ ભાગ્યે જ કોઈ ખેડૂતનું જીવન પસંદ કરે છે. તે ખેતીવાડી ખાતામાં કારકુન અથવા અમલદાર થાય છે. એવી જ રીતે ઔદ્યોગિક શિક્ષણ લીધા પછી પણ એ ઉદ્યોગ ખીલવવા પાછળ તેનું ચિત્ત હોતું નથી, પણ એ ઉદ્યોગના ખાતામાં નોકરી લેવાનું પસંદ કરે છે. એનું મુખ્ય કારણ એ છે કે ખેતીના કે બીજા ઉદ્યોગના સિદ્ધાંતો તે ચોપડીઓમાંથી શીખ્યો હોય છે, પણ ખેતીની અથવા તો કારીગરના ધંધાની કળા તેને પાકી આવડતી હોતી નથી, એટલે તે વ્યવસ્થા કે દેખરેખ રાખવાનું કામ કરે છે અથવા એ ધંધાને લગતી કારકૂનીનું કામ કરે છે. આવા ભણેલા માણસોને કોઈ વિરલ અપવાદ બાદ કરતાં મોટે ભાગે જાતમહેનત અથવા શ્રમ કરવા તરફ નફરત હોય છે, એટલે એમને એઠાડુ વર્ગમાં જ દાખલ થવાનું ગમે છે.

ગાંધીજીની નઈ તાલીમનો મુખ્ય સિદ્ધાંત એ છે કે બાળકોની કેળવણી તેમની આસપાસની કુદરતી અને સામાજિક પરિસ્થિતિને અનુકૂળ એવા કોઈ ઉત્પાદક ઉદ્યોગ દ્વારા થવી જોઈએ. ઉદ્યોગ એવો પસંદ કરવો, જેમાં બાળકને કેળવણી આપવાની શકયતાઓ વધારેમાં વધારે હોય. એ ઉદ્યોગને લગતી બધી વિગતો અને ક્રિયાઓ શાસ્ત્રીય ઢબે અને કુશળતાથી શિખવાડવામાં આવે અને ઉદ્યોગ પણ કાળજીપૂર્વક

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



અને બાહોશીથી ચલાવવામાં આવે, તો તે દ્વારા વિદ્યાર્થીની કર્મેન્દ્રિયો તેમજ જ્ઞાનેન્દ્રિયોને સંગીન કેળવણી આપી શકાય, એટલું જ નહીં પણ સાતે ધોરણના વિદ્યાર્થીઓના કુલ ઉત્પાદનની રકમમાંથી શાળા ચાલી શકે. આમાં હેતુ એ હતો કે શાળાને ખર્ચની બાબતમાં સ્વાવલંબી બનાવવી, જેથી પ્રાથમિક કેળવણીને સાર્વત્રિક કરવામાં સમાજને કે સરકારને કશો ખાસ ખર્ચ કરવો પડે નહીં અને બાળકને પણ ઉત્તમ કેળવણી મળે. સ્વાવલંબનને તેમણે પોતાની યોજનાની તેજાબી કસોટી (acid test) કહી છે. આટલી યોજના તેમણે ૧૯૩૭ માં રજૂ કરી.

પછી ૧૯૪૨ માં આગાખાન મહેલમાં તેમને નજરકેદ રાખવામાં આવ્યા, ત્યાં પોતાની આ યોજના ઉપર તેમણે વધારે ચિંતન કર્યું. તેમને લાગ્યું કે મેં સાત કે આઠ વર્ષની પ્રાથમિક કેળવણીની યોજના આપી છે તે પૂરતું નથી. ખરી રીતે માણસની કેળવણી ગર્ભાધાનથી શરૂ થાય છે અને દેહાંત સુધી ચાલે છે, એટલે તેમણે સાત વર્ષથી ઓછી ઉમ્મરનાં બાળકો માટે પૂર્વ બુનિયાદી શિક્ષણ, ચૌદ કે પંદર વર્ષ પછીનાં બાળકો માટે ઉત્તર બુનિયાદી અને મહાવિદ્યાલય શિક્ષણ, અને જેઓ વિદ્યાર્થી અવસ્થાની ઉમ્મર વટાવી ગયાં હોય એવાં મોટી ઉમ્મરનાં સ્ત્રીપુરુષો માટે પ્રૌઢ શિક્ષણની યોજનાઓ રજૂ કરી. ઉત્તર બુનિયાદી અને મહાવિદ્યાલયમાં પણ વિદ્યાર્થી કમાતો જાય અને ભણતો જાય, એ સૂત્ર રાખ્યું, એટલે વિદ્યાર્થી ગમે તેટલાં વર્ષ ભણે તો પણ તેના માબાપ ઉપર કે સમાજ ઉપર તેના ગુજરાનનો બોજો ન પડે. એ જ પ્રમાણે પ્રૌઢશિક્ષણ પણ પોતાની આજીવિકા માટે પ્રૌઢ જે ધંધો કરતો હોય તેની આસપાસ એવી રીતે ગૂંથવાનું છે કે તે પોતાનું જીવન સારી રીતે ગાળતાં શીખે, એટલું જ નહીં, પણ પોતે જે ધંધો કરતો હોય તેમાં પોતાની કુશળતાથી વધારે અને ધંધામાં શક્ય તે સુધારા કરી પોતાનું ઉત્પાદન તે વધારી શકે.

પછી સાતથી ચૌદ કે પંદર વર્ષની ઉંમરના બાળકો માટેની બુનિયાદી શાળામાં કયો ઉદ્યોગ રાખવો, જેની મારફત બધી કેળવણી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



સારી રીતે આપી શકાય, એ વિચારવાનું આવ્યું. આમ તો આપણા દેશનો મૂળ ઉદ્યોગ ખેતી ગણાય, પણ ખેતીની બધી ક્રિયાઓ એવડી ઉંમરનાં બાળકો કરી શકે નહીં. ખેતીમાં બારે મહિના એક સરખું કામ પણ મળી શકે નહીં. કામનો વખત કુદરતની સાનુકૂળતા ઉપર આધાર રાખે. આ બધું વિચારતાં બુનિયાદી શાળાનાં બાળકો માટે ખેતીનો ઉદ્યોગ રાખવામાં સગવડ જણાઈ નહીં. વળી એ ઉદ્યોગ એવો હોવો જોઈએ કે તેમાંથી જે પેદા થાય, તેની જરૂરિયાત સાર્વત્રિક હોય. આવો બધો વિચાર કરીને બુનિયાદી શાળામાં ખાદીનો ઉદ્યોગ રાખવાનું યોગ્ય માન્યું. એ ઉદ્યોગ એવો છે કે એની ક્રિયાઓ જ્યારે કરવી હોય ત્યારે કરી શકાય, અને જ્યારે છોડી દેવી હોય ત્યારે છોડી શકાય. એમાં પણ કપાસ ઉગાડવાની ખેતી તો બુનિયાદી શાળામાં કરવાની આવે જ છે. કપાસ ઉગાડવાથી માંડીને કપડું વણાય ત્યાંસુધીની બધી ક્રિયાઓ ચૌદ પંદર વર્ષની ઉંમરનાં બાળકો કરી શકે. વળી ખેતી જેમ મૂળ ઉદ્યોગ છે તેમ કપડાં તૈયાર કરવાં એ પણ એટલો જ મહત્ત્વનો મૂળ ઉદ્યોગ છે. કપડાંની જરૂરિયાતને કેટલાક ખોરાકની જરૂરિયાતથી બીજે નંબર આપે છે. પણ સભ્ય સમાજમાં કપડાંની જરૂરિયાતનો પહેલો નંબર આપવાને હરકત નથી. વિનોબાજીએ એક સ્થળે કહ્યું છે કે તમે સમાજમાં ભૂખે પેટે જાઓ તો કશી હરકત ન આવે, પણ કપડાં પહેર્યાં વિના તમે સમાજમાં જઈ શકો નહીં.

ખાદીના ઉદ્યોગમાં કપાસ ઉગાડવાથી કપડું વણતાં સુધીમાં નાની મોટી એટલી ક્રિયાઓ આવે છે કે સાતથી પંદર વર્ષ સુધીનાં બાળકોને તેમની ઉંમર પ્રમાણે જુદાં જુદાં કામો આપવાની સગવડ મળી રહે. વળી એની મારફત ગણિત, ઇતિહાસ, ભૂગોળ, હવામાન, યંત્રશાસ્ત્ર એવા ઘણા વિષયો સહેલાઇથી શીખવી શકાય એમ છે, એટલે બુનિયાદી શાળામાં ખાદી અથવા વસ્ત્રવિદ્યાને મૂળ ઉદ્યોગ રાખવો એ બધી રીતે અનુકૂળ છે.

ઉત્તર બુનિયાદીમાં ખેતીની સાથે બીજા ઉદ્યોગો જેવા કે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



સુથારી, લુહારી, કુંભારકામ, ચર્મ-ઉદ્યોગ, ઘાણીકામ, કાગળ બનાવવાનો ઉદ્યોગ, મુદ્રણ-ઉદ્યોગ, એ રાખી શકાય. દરેક ઉત્તર બુનિયાદી શાળામાં આ બધા ઉદ્યોગો રાખવાનું અનુકૂળ ન આવે, પણ અનુકૂળતા પ્રમાણે જુદી જુદી ઉત્તર બુનિયાદી શાળાઓમાં એમાંના એક કે બે ઉદ્યોગો રાખી શકાય.

ગાંધીજીની આ યોજનાને આપણા દેશમાં બધા કેળવણીકારોએ તથા જુદી જુદી પ્રાંતીય સરકારોનાં કેળવણી ખાતાંઓએ સંપૂર્ણપણે વધાવી લીધી છે, એમ ન કહી શકાય. ઉદ્યોગ મારફતે કેળવણી આપવાનો સિદ્ધાંત મોટે ભાગે સ્વીકારવામાં આવેલો છે, કારણ પશ્ચિમમાં પણ વાંચવા લખવા મારફત કેળવણી આપવાને બદલે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા કેળવણી આપવાની પદ્ધતિને ઉત્તમ ગણવામાં આવેલી છે. પરંતુ ગાંધીજીએ તો કોઈ પણ ઉત્પાદક ઉદ્યોગને કેળવણીનું વાહન ગણ્યું છે અને સ્વાવલંબનને પોતાની યોજનાની તેજાબી કસોટી કહી છે. ઘણા કેળવણીકારોને આ વસ્તુ રુચતી નથી. કેળવણી જેવી સંસ્કારપોષક પ્રવૃત્તિને ઉત્પાદક ઉદ્યોગ સાથે જોડવી અને તેમાંથી કમાણી કરવી એ જ તેમને બજાર વૃત્તિ જેવું લાગે છે. વળી કેળવણીને અર્થ સાથે જોડવાથી શિક્ષકો બાળકો પાસે વધારે પડતું કામ કરાવશે અને એ રીતે આ કેળવણીમાં બાળકોનું શોષણ થશે, એવી પણ ભીતિ તેમને લાગે છે. શોષણનો પ્રશ્ન બાજુએ રાખતાં પણ કેટલાક કેળવણીકારોને લાગ્યું કે શાળાનું સ્વાવલંબન શક્ય નથી, કારણ બાળકોના કામમાં ઉત્પાદન કરતાં બગાડ વધારે થવાનો. વળી તેમણે ઉત્પન્ન કરેલી ખાદી સારી અને પ્રમાણયોગ્ય ન હોય, એટલે એને વેચવામાં મુશ્કેલી આવે. ગાંધીજીની યોજનામાં કેળવણીનાં બીજાં જે તત્ત્વો છે તે તેમણે સ્વીકાર્યાં. દાખલા તરીકે વ્યક્તિગત તેમજ સામુદાયિક સફાઈને લગતી પ્રવૃત્તિ કરવી; રાષ્ટ્રિય, ધાર્મિક, ઋતુઓના, એવા ઉત્સવો ઊજવવા; જેમાંથી મનોરંજનની સાથે કેળવણી મળવાની શક્યતા હોય એવા પ્રસંગોને બાળકોના નાટ્યપ્રયોગોમાં ઉતારવા;

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



શાળાને લગતાં સઘળાં કામકાજની વ્યવસ્થા બાળકોને સોંપી તેમને સ્વરાજની તાલીમ આપવી; બાળકો પાસે હસ્તલિખિત પત્રો ચલાવવાં વગેરે. આ બધી પ્રવૃત્તિઓ બાળકોની કેળવણીનાં મહત્ત્વનાં અને ઉપયોગી અંગો છે અને એનો સ્વીકાર થવાથી શાળાઓમાં આવશ્યક સુધારા જરૂર થયા છે. આની સાથે થોડો વખત બાળકોએ ઉત્પાદક ઉદ્યોગમાં આપવો. એ પણ તેમણે સ્વીકાર્યું. પણ બાળકો પાસે ઉત્પાદક ઉદ્યોગ તેઓ સારી રીતે કરાવી શક્યા નહીં, કારણ શિક્ષકોને બીજી પ્રવૃત્તિઓમાં જેટલો રસ હતો તેટલો ઉત્પાદક ઉદ્યોગમાં નહોતો. વળી શિક્ષકોને ઉદ્યોગ સારી રીતે આવડતા પણ નહોતા, એટલે ઉદ્યોગ મારફત શાળાને સ્વાવલંબી બનાવવાનો વિચાર તેમને મુશ્કેલ જણાયો; એટલું જ નહીં, પણ બુનિયાદી શાળાઓનું ખર્ચ ઓછું થવાને બદલે ઉદ્યોગ તથા અન્ય પ્રવૃત્તિઓ શાળાઓમાં દાખલ કરવામાં આવી, તેને લીધે જૂની પદ્ધતિની શાળાઓ કરતાં ઊલટું વધ્યું. ઉદ્યોગ કુશળતાપૂર્વક નહીં ચલાવી શકવાથી તેમાં બગાડ થવા માંડ્યો. એવી પણ ટીકાઓ થવા લાગી કે આ તો લોકોના પૈસાનો દુર્વ્યય થાય છે અને બાળકોની સાહિત્યિક અથવા સાક્ષરી કેળવણીનું ધોરણ ઊતરતું જાય છે.

આમાં અત્યારના શિક્ષકોની કેટલીક ઊણપો, એ પણ એક પ્રધાન કારણ હતું. આજના શિક્ષકોમાં વ્યવસ્થિતતાની, ચોકસાઈની, નિયમિતતાની, સ્વચ્છતાની, એવી બધી ટેવોની બાબતોમાં બહુ ઊણપો જોવામાં આવે છે. જીવનને લગતી સાધારણ બાબતોમાં જેમના વિચારો ઘડાયેલા ન હોય એવા માણસો પણ શિક્ષકો થઈ શકે છે. જે કોઈ હોશિયાર અને ઉત્સાહી હોય તે શિક્ષકના ધંધામાં આવતો જ નથી. જેઓ આવે છે તેઓ આ નોકરીમાં પેટ પૂરતું અમને મળતું નથી એવી ફરિયાદ કર્યા કરે છે. આ શિક્ષકોને ઉદ્યોગની તાલીમ આપવામાં આવે તો તેઓ તાલીમ લેવા જવા તથા જાય તો ચિત્ત દઈને તાલીમ લેવા રાજી હોતા નથી. આવો મોટો પ્રયોગ જેમાંથી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



અહિંસક સમાજરચનાની અથવા સર્વોદયની આશા રાખવામાં આવે છે, તે અસંતુષ્ટ, પોતાના ધંધામાં પૂરતા રસ વિનાના અને નિરુત્સાહી શિક્ષકો મારફત થઈ શકે નહીં.

બિનઅનુભવી નવજવાન શિક્ષકોના હાથમાં ભવિષ્યની ઊગતી પેઢીને સોંપવાનું હિતાવહ ન જ ગણાય. તેનો ઉપાય વિનોબાજી એ સૂચવે છે કે ગૃહસ્થાશ્રમમાંથી નિવૃત્ત થઈને વાનપ્રસ્થ થયેલા શિક્ષકોના હાથમાં કેળવણી સોંપવી. વાનપ્રસ્થ શિક્ષકોને સંસાર વ્યવહારનો તથા ઉદ્યોગધંધાનો પાકો અનુભવ હોય એટલે કેળવણીની દૃષ્ટિએ તેઓ સારું કામ કરી શકે. વાનપ્રસ્થ થયેલા એટલે ઘરડા ઠૂંઠ, જેમની શક્તિઓ ક્ષીણ થઈ ગઈ હોય એવા નહીં. સામાન્ય રીતે પોતાની શક્તિઓ પૂરી ખીલેલી હોય અને પોતે સમાજસેવાનાં કામ કરવાને બરાબર શક્તિ ધરાવતો હોય તે વખતે માણસે વાનપ્રસ્થ થવું જોઇએ. વિનોબાજીની આ સૂચના વધાવી લેવા જેવી છે.

બીજી મુશ્કેલી આપણા અભ્યાસક્રમની છે. કેળવણી ખાતાના અમલદારોના મનમાં એ ચિંતા રહ્યા જ કરે છે કે, અક્ષરજ્ઞાનના વિષયો, જેને તેઓ બૌદ્ધિક વિષયો કહે છે, તેની માહિતીનું ધોરણ જરાપણ ઊતરવું જોઈએ નહીં. જૂની ઢબની વાચન લેખન મારફત મળી શકે એવી અને જેને માટે ગોખણનો પણ આશ્રય લેવો પડે એવી માહિતીની અપેક્ષા અભ્યાસક્રમોમાં અને પરીક્ષાઓમાં રાખવામાં આવે છે. હવે ઉદ્યોગમાં જેટલો વખત જાય તેટલો વખત પેલા વિષયોમાંથી ઓછો થાય એ વસ્તુ આપણે સ્વીકારવી જોઇએ. ઉદ્યોગો મારફત વિષયો શીખવવાથી તે તે વિષયનું જ્ઞાન વધારે સંગીન થાય એ વાત ખરી, પણ જૂની ઢબ પ્રમાણે વિષયોના મોટે ભાગે ગોખણિયા જ્ઞાનની અપેક્ષા રાખવામાં આવે, તો એ ફળીભૂત થાય નહીં. એટલે ઉદ્યોગ મારફત શિક્ષણ આપવું હોય તો આપણા અભ્યાસક્રમોમાં ધરમૂળના ફેરફારો કરવા જોઈએ અને પરીક્ષાનું સ્વરૂપ પણ મૂળમાંથી બદલવું જોઈએ.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



નઈ તાલીમ કેવી રીતે અમલમાં મૂકવી એનો વિચાર આપણે સ્વાવલંબી અને સ્વયંસંપૂર્ણ ગામડાંની દૃષ્ટિએ કરવો જોઇએ. નઇ તાલીમ સારી રીતે અમલમાં મુકાય તો આપણાં ગામડાંને સ્વાવલંબી અને સ્વયંસંપૂર્ણ બનાવવાનું સહેલું પડે. એક રીતે જોઈએ તો નઈ તાલીમ અને નવી ઢબનાં સ્વયંસંપૂર્ણ ગામડાં એ બે પરસ્પરાવલંબી વસ્તુઓ છે. નઈ તાલીમ એ મૉન્ટેસરી પદ્ધતિ અથવા ડૉલ્ટન પ્લૅન જેવી શિક્ષણની એક નવી રીત અથવા પદ્ધતિ નથી, પણ એક જીવનદર્શન છે. સર્વોદયનાં સઘળાં અંગો પરસ્પર એવાં સંલગ્ન છે કે એક વિના બીજું વિકલ રહી જાય. ખેતી, ખાદી, ગ્રામઉદ્યોગ, આરોગ્યસંરક્ષણ, સાદાઈ, જાતમહેનત અથવા શ્રમનિષ્ઠા, સત્ય અને અહિંસા એ બધાં એક બીજાનાં પૂરક અને પોષક છે. એ બધું મળીને જીવનનું એક સમગ્ર દર્શન થાય છે. એટલે બધાંનો સમગ્ર દૃષ્ટિએ જ વિચાર કરવો જોઈએ.

સર્વોદયમાં કેળવણીને આપણે સરકારી અંકુશો અને સરકારી નિયમનથી સ્વતંત્ર રાખવી જોઈએ. સર્વોદયમાં રાજ્યતંત્ર ઓછામાં ઓછું હશે. જેમ ઇન્સાફને આપણે રાજ્યથી સ્વતંત્ર રાખવાનો વિચાર રાખ્યો છે, તે જ પ્રમાણે તમામ કેળવણીને પણ રાજ્યથી સ્વતંત્ર રાખવાનો સિદ્ધાંત આવશ્યક છે.

પૂર્વ બુનિયાદી અને બુનિયાદી શિક્ષણ આપવાની જવાબદારી ગ્રામપંચાયતને માથે હોય. ઉત્તર બુનિયાદી શિક્ષણની જવાબદારી જિલ્લાપંચાયતને માથે હોય અને મહાવિદ્યાલયોની જવાબદારી એ માટે રચવામાં આવેલાં ખાસ વિદ્વન્મંડળોને માથે હોય. આ વિદ્વન્મંડળો પૂર્વ બુનિયાદી, બુનિયાદી તથા ઉત્તર બુનિયાદી શિક્ષણના સંબંધમાં માર્ગદર્શનરૂપે પોતાની સૂચનાઓ પણ આપે, શાળાઓને ઉપયોગી થઈ શકે એવાં પુસ્તકો રચે અને નમૂનારૂપ અભ્યાસક્રમો પણ ઘડે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



બુનિયાદી શાળામાં શિક્ષક દરરોજ એકાદ કલાક સાક્ષરી વિષયોને આપે અને બાકીનો વખત વિદ્યાર્થીઓ સાથે ઉત્પાદક ઉદ્યોગ કરે. એવો ઉદ્યોગ કરતાં કરતાં પોતાના વિદ્યાર્થીઓને શિક્ષકો જરૂરી જ્ઞાન આપતા રહે. તેઓ સવારની તથા સાંજની પ્રાર્થના પણ કરાવે, અને પ્રાર્થનાની સાથે થોડો વખત કંઇક પ્રવચન કરી, નવું નવું જ્ઞાન આપતા રહે. પોતાના ઉદ્યોગમાંથી શિક્ષકો કાંઈક કમાણી કરે, અને તેમના કુટુંબનિર્વાહ માટે જે ખૂટે તે તેમને ગ્રામપંચાયત તરફથી મળે.

બુનિયાદી શાળા એ ગામની સ્વચ્છતા, આરોગ્ય તથા સંસ્કારનું કેન્દ્ર હોય. ગામને સ્વચ્છ રાખવાની જવાબદારી બુનિયાદી શાળાને માથે હોય. શિક્ષકોની સાથે અને એમની દેખરેખ નીચે વિદ્યાર્થીઓ સ્વચ્છતાનું કામ કરે. તેથી એમને બહુ મહત્ત્વની અને જીવનને માટે ઉપયોગી કેળવણી મળે. ગામના આરોગ્યની જવાબદારી પણ શિક્ષકોને માથે હોય. પાણી, માટી, શુદ્ધ હવા તથા સૂર્યના તડકાના ઉપચારો વિશે તેઓ લોકોને સામાન્ય જ્ઞાન આપે તથા દર્દીને ઉપચારો શી રીતે કરવા એ વિશે સમજ આપે તથા ઉપચાર કરવામાં મદદ પણ કરે. વળી ગામમાં મળી આવતી વનસ્પતિના સાદા ઉપચાર તથા કેટલીક નિર્દોષ દવાઓ પણ શિક્ષકો તરફથી આપવામાં આવે. તે માટે જિલ્લાપંચાયત તરફથી ચાલતી ઈસ્પિતાલમાં શિક્ષકોને ખાસ તાલીમ આપવામાં આવે. વિવિધ પ્રકારના તહેવારોની ઉજવણી શાળા તરફથી થાય. તેને અંગે વ્યાખ્યાનો, રમતોની હરીફાઇ, વ્યાયામના પ્રયોગો, ભજનકીર્તનો તથા નાટ્યપ્રયોગોના કાર્યક્રમ શાળા તરફથી યોજવામાં આવે અને તેમાં આખા ગામને નોતરવામાં આવે, એ રીતે શાળા એ ગામનું સંસ્કારકેન્દ્ર બને.

ઉત્તર બુનિયાદી શાળા આખા પરગણામાં અથવા કુદરતી પ્રાદેશિક વિભાગ, જેવા કે દસકોસી, ચરોતર, વાગડ, ભાલ વગેરે, તેમાં ઓછામાં ઓછી એક હોય; તેમાં મૂળ ઉદ્યોગ ખેતી હોય. એ શાળાને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



અંગે વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં પૂરતી જમીન હોય અને તેમાં એ પ્રદેશને લગતી ખેતીના જુદા જુદા પ્રયોગો થાય. ટૂંકમાં, ઉત્તર બુનિયાદી શાળાની ખેતી તે તે પ્રદેશને માટે માર્ગદર્શક થાય એવી હોય. તેની સાથે ખેતીને મદદગાર એવા બીજા ગ્રામઉદ્યોગો અને ગૃહઉદ્યોગો પણ ચાલે. ઉત્તર બુનિયાદી શાળા સ્વયંસંપૂર્ણ એવા આદર્શ ગામનો નમૂનો નાના પ્રમાણમાં રજૂ કરે.

દરેક જિલ્લા માટે જુદા જુદા વિષયોનું એક એક મહાવિદ્યાલય હોય. તેની વિગતોનો વિચાર આપણે અહીં નહીં કરીએ, કારણ ઉત્તર બુનિયાદી શાળાઓ કેવું સ્વરૂપ લે છે અને કેવી કામગીરી બજાવે છે તે જોયા પછી મહાવિદ્યાલયનો વિચાર કરી શકાય. આમાં એક સિદ્ધાંત તો રહે જ કે મહાવિદ્યાલયોમાં ભણતા વિદ્યાર્થીઓ પણ પોતાના ખર્ચની બાબતમાં સ્વાવલંબી હોય. આવાં મહાવિદ્યાલયોને સાંકળનારી દરેક ભાષાવાર પ્રાંત દીઠ એક અથવા વધુ વિદ્યાપીઠ હોય. અત્યારે આપણે એને ગ્રામવિદ્યાપીઠ ભલે કહીએ, પણ તેમાં શહેરનો પણ સમાસ થઈ શકે. અત્યારે ગામડાં અને શહેરોનો સંબંધ જેવો સ્વાભાવિક હોવો જોઈએ એવો નથી. પણ ગામડાં સ્વયંસંપૂર્ણ અને સ્વાવલંબી બનતાં જ શહેરો સાથેનો તેનો સંબંધ સુધરી જશે અને બન્નેના હિતસંબંધો વિરોધી ન રહેતાં એકબીજાના પૂરક બનશે.

કેળવણીની આવી યોજના કરવામાં આવે તો જ કેળવણી સાર્વત્રિક અને સમાજને ઉપકારક થઈ શકે. જિલ્લાપંચાયતો તથા પ્રાંતિક સરકારો પોતાના પ્રદેશમાં ચાલતી શિક્ષણસંસ્થાઓને આર્થિક મદદ આપે. પણ એ મદદ બિનશરતી હોય. મદદને કારણે શિક્ષણ-સંસ્થાઓ ઉપર કોઈ જાતના તેમના અંકુશો ન હોય.

એ ભાગ્યેજ કહેવાની જરૂર છે કે નઈ તાલીમમાં બાળકો અને યુવાનોની માફક બાળાઓ અને યુવતિઓની કેળવણીની પણ પૂરેપૂરી વ્યવસ્થા હોય. બાર કે તેર વર્ષની ઉંમર સુધી બાળકો અને બાળાઓની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



કેળવણી સાથે ચાલે એમાં કશો વાંધો ન આવે, પણ ત્યાર પછી બન્નેની કેળવણી અલગ રાખવામાં આવે એ ઇચ્છવા જેવું છે, કારણ બારતેર વર્ષની ઉંમરે છોકરીઓની શરીરરચનામાં ફેરફાર થવાની શરૂઆત થાય છે. તે વખતે તેમને એ વિષયનું જ્ઞાન આપવું જોઈએ, તથા તેમની કાળજીપૂર્વક સંભાળ રાખવી જોઈએ. વળી મોટા ભાગની યુવતિઓ યોગ્ય વયે ગૃહિણી બનવાની એટલે એમનું કાર્યક્ષેત્ર પણ પુરુષોથી અલગ પાડવાનું. તેની કેળવણી પણ એમને આપવી જોઈએ. છતાં કોઈ યુવતિને યુવાનોની સાથે ભણવું હોય અથવા કોઈ યુવાનને યુવતિઓની સાથે ભણવું હોય તો તેમના ઉપર કશો પ્રતિબંધ હોવો જોઈએ નહીં.

❀

## ૧૦ : ગ્રામસફાઈ

આપણા લોકો અંગત અથવા વ્યક્તિગત સફાઈમાં કાંઈક ઠીક હોય છે, પરંતુ સામૂહિક અથવા સાર્વજનિક સફાઈમાં આપણે બહુ પછાત કહેવાઈએ. તેને લીધે આપણાં ગામડાં ગંદકીનાં ધામ જેવાં થઈ પડ્યાં છે. ગ્રામપ્રદેશમાં આપણે ફરતા હોઈએ અને મનુષ્યના મળની વાસ આવે એટલે નક્કી જાણવું કે નજીકમાં ગામડું છે. ગામમાં પેસતાં ઉકરડાનાં દર્શન ન થાય એવું પણ ભાગ્યેજ બને છે. ગામના રસ્તા ઉપર ઝાડુ ભાગ્યેજ ફરે છે. ગામના પાદરને આપણે ખુલ્લામાં શૌચ જઈને જઈને ગંદું કરી મૂકીએ છીએ. ગામની પાસે નદી કે તળાવ હોય તો તેને કાંઠે જ જાજરૂ જઈને આપણે એને બગાડી મૂકીએ છીએ. આપણાં ગામડાંને આકર્ષક અને રહેવાલાયક બનાવવાં હોય તો ગ્રામસફાઈ ઉપર આપણે ખૂબ જ ધ્યાન આપવું પડશે. ગામની બુનિયાદી શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ગ્રામસફાઈનું કામ ઉપાડી લે તો તેમને પણ સારી તાલીમ મળે અને ગામ પણ સાફ રહે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ગામની શેરીઓમાં દરરોજ ઝાડુ મારવું જોઈએ અને બધો કચરો એક ખાડામાં નાંખવો જોઈએ. એમાં પથરા, નળિયાંના કટકા, કાચના કટકા તથા લોઢાના કટકા ન આવે એની ખાસ કાળજી રાખવી જોઈએ. એ વસ્તુઓનું ખાતર બની શકતું નથી એટલે એને વીણી કાઢી એક જુદા ખાડામાં દાટી દેવી જોઈએ. અથવા તેનો બીજો કશો ઉપયોગ થઈ શકે એમ હોય તો કરવો જોઈએ. બાકીની વસ્તુઓ ખાડામાં નાંખી તે ઉપર માટી નાખી અને પાણી છાંટી તેને સડવવામાં આવે તો તેનું સારું ખાતર બને છે. ઉપરાંત શેરીમાં અમુક અમુક અંતરે માટીનાં કૂંડાં રાખવાં જોઈએ, જેમાં લોકો પોતાના ઘરનો કડોકચરો નાંખે. આ કૂંડાં પણ દરરોજ સાફ થવાં જોઈએ. લોકોને એવી ટેવ પાડવી જોઈએ કે પોતાના ઘરનો એંઠવાડ તેઓ ખાતર માટેના ખાડામાં નાંખી આવે.

આ બધું કરવું પ્રમાણમાં સહેલું છે, પણ મુખ્ય પ્રશ્ન તો ગામની ચારે બાજુ લોકો જાજરૂ જઈ ગામનાં પાદર બગાડે છે તે સુધારવાનો છે. તે માટે ગામની ચારે બાજુ લાંબી ખાઈઓ ખોદી તેના ઉપર ફરતાં જાજરૂ મૂકી દેવાં એ ઉત્તમ ઉપાય છે. આ જાજરૂની સંખ્યા ગામની વસ્તીના પ્રમાણમાં હોય. સુરત જિલ્લાનાં ગામડાંમાં તો ફરતાં જાજરૂ રાખવાનું બહુ સહેલું છે, કારણ ત્યાં દરેક ઘરની પાછળ મોટા વાડા હોય છે, એટલે દરેક ઘરવાળા પોતાના વાડામાં જ આવું જાજરૂ રાખી શકે. જાજરૂ માટે જે લાંબી ખાઈ ખોદી હોય તેમાંથી નીકળેલી માટીનો પાસે ઢગલો કરી રાખ્યો હોય તો જાજરૂ વાપર્યાં પછી એ માટી વડે મળને ઢાંકી દઈ શકાય. પણ બધા જિલ્લાઓમાં ઘરની પાછળ વાડાઓ રાખવાનો રિવાજ હોતો નથી, ત્યાં તો પાદરે જ લાંબી ખાઈઓ ખોદી તેના ઉપર જાજરૂ મૂકવામાં આવે. એક ખાઇ પૂરી થાય એટલે તેની નજીક બીજી ખાઈ ખોદી તેના ઉપર પેલાં જાજરૂ ગોઠવી દેવાં જોઇએ. આ ખાઈઓ અઢી કે ત્રણ ફૂટથી ઊંડી ન રાખવી. ખાઈ ભરાઈ જાય ત્યારે તેને બરાબર સરખી કરી તે ઉપર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

થોડી માટી નાંખી ઢાંકી દેવી જોઈએ. ત્રણેક મહિનામાં અંદર પડેલાં મળ અને મૂતરનું સુંદર ખાતર થઈ જશે. આવા ખાતરને સોનખાત કહે છે, કારણ એ ખાતર બહુ કીમતી હોય છે અને જમીનનું ઉપજાઉપણું ઘણું વધારે છે. ત્રણેક મહિના પછી ખાઈમાંથી ખાતર કાઢી લેવામાં આવે. ત્યાર પછી એ ખાઈનો ફરી ઉપયોગ કરી શકાય. ચોમાસામાં ખાઈની ઉપર વરસાદ ન પડે તે માટે ઉપર છાપરું રાખવું જોઈએ તથા બાજુએથી વરસાદનું પાણી અંદર ન ભરાઈ જાય, તે માટે ખાઈની આજુબાજુ માટીની નાની પાળ રાખવી જોઈએ. અત્યારના ભાવ પ્રમાણે એક માણસના મળમૂત્રના ખાતરના ઓછામાં ઓછા દર વર્ષે ત્રણથી ચાર રૂપિયા ઊપજે. ખાઈમાં ખાતરનો થોડો કસ આસપાસની જમીનમાં જવાનો સંભવ છે. એટલા માટે વધારે સારું એ છે કે એ ખાઈ ને ચારે બાજુ ઈંટ ચૂનાથી ચણી લઈ અંદર પ્લાસ્ટર કરેલું હોય. આવી ખાઈઓ ઘણાં વર્ષ સુધી ચાલે. આ બધું પંચાયત તરફથી કરાવવામાં આવે અને ખાતરની આવક પણ પંચાયત લે. આ ઉપરાંત ગામમાં લોકો ગમે ત્યાં પેશાબ કરવા બેસે નહીં એટલા માટે અમુક અમુક અંતરે મુતરડી રાખવામાં આવે. એ મુતરડીઓ દરરોજ એક કે બે વાર સાફ કરવામાં આવે. એ બધું મૂતર ખાતરના ખાડામાં જ નાંખવામાં આવે. ગામની શાળા તરફથી દરરોજ સાંજે જાજરૂના તેમજ ખાતરના ખાડા તપાસવામાં આવે અને કોઈ જગ્યાએ કશું ઉઘાડું રહી ગયું હોય તો તેના ઉપર માટી નાંખવામાં આવે.

બીજો પ્રશ્ન ગામના કૂવા તથા તળાવની સફાઈનો છે. કૂવા પાકા બાંધેલા હોવા જોઈએ. આજે આવા પાકા બાંધેલા કૂવાની આસપાસં પણ ઢોળાયેલા પાણીનો જમાવ થઈ ત્યાં ભારે કીચડ થાય છે. એ કીચડ સડે છે. એ અટકાવવા કૂવાની આસપાસ પાળ બાંધી, પાકી નીક મારફત એ પાણી થોડે દૂર પહોંચાડવું જોઈએ. ત્યાં થોડી જમીન અલગ રાખી ઢોળેલા પાણીના પ્રમાણમાં કેળ,

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



અળવીનાં પાતરાં, પપૈયાં એવું વાવવું જોઈએ. ઢોર આ વસ્તુઓને નુકસાન ન કરે એટલા માટે એની આસપાસ થોરની વાડ રાખવી જોઈએ. અંદર પેસવા માટે એક નાનો ઝાંપો હોય. આની સંભાળ રાખવાની જવાબદારી બુનિયાદી શાળાને માથે હોય અને તેની જે આવક થાય તે બુનિયાદી શાળાને મળે. આવી વ્યવસ્થા ગામની વચ્ચે કૂવો હોય ત્યાં કરવી મુશ્કેલ છે, પણ પાદરે કૂવો હોય ત્યાં સહેલાઈથી આવી વ્યવસ્થા થઈ શકે. ગામ વચ્ચે કૂવો રાખવો એ સ્વચ્છતાની દૃષ્ટિએ યોગ્ય નથી.

તળાવની પાળે અત્યારે તો લોકો જાજરૂ જાય છે. વરસાદ આવે ત્યારે એ બધો મળ તળાવમાં જાય અને એ જ તળાવમાં લોકો નહાય છે, ધુએ છે. કેટલીક વખતે ઢોર તળાવે પાણી પીવા આવે તે પણ અંદર પડે છે. એનો ઉપાય એ છે કે તળાવની પાળે જાજરૂ ન જવું. ઉપર સૂચવ્યું છે તે પ્રમાણે ખાડા જાજરૂની વ્યવસ્થા કરવાથી એ ગંદકી તો અટકશે, પણ ઢોરને માટે પાણી પીવા સારુ માણસને માટે નાહવા ધોવાની જગ્યા કરતાં બીજી જગ્યા રાખવી જોઈએ. ગામ પાસે નદી હોય તો ત્યાં પણ આવી વ્યવસ્થા રાખવી જોઈએ.

ઉપર આપણે કહી ગયા કે આપણા દેશના લોકો અંગત સ્વચ્છતાની બાબતમાં કાંઈક વિશેષ કાળજીવાળા છે; પણ નાહવાની બાબતમાં આપણી રીત બહુ ખામીવાળી છે. ગામડામાં ઘણાં માણસોને કમરની આસપાસ તથા પગના વળામાં દરાજ થયેલી હોય છે. એ લોકો નહાય છે ખરા, પણ કપડું પહેરીને નહાતા હોવાથી એ ભાગો બરાબર સાફ કરતા નથી. આખો દિવસ કામ કરે ત્યારે ખાસ કરીને એ ભાગોમાં પસીનો તથા મેલ જમા થાય છે અને તેને લીધે દરાજ થઈ આવે છે. નગ્ન નાહવાની રીત ઉત્તમ છે. તે માટે બંધ ઓરડીની વ્યવસ્થા જોઈએ. પોતાના ઘરમાં આવી નાહવાની ઓરડીની વ્યવસ્થા હોય તો ઉત્તમ, નહીં તો ગામના કૂવા પાસે એ કૂવે આવતી વસ્તીના પ્રમાણમાં નાહવાની ઓરડીઓની વ્યવસ્થા રાખવી જોઈએ, જેમાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



આખું ડિલ ચોળીને નાહી શકાય. દરેક કૂવા ઉપર ધોવાની વ્યવસ્થા પણ હોવી જોઈએ. કૂવાની પાળ ઉપર કપડાં ધોવાની રીત ગંદી ગણાય, કારણ એવા છાંટા કૂવામાં પડે. એ માટે કૂવાથી થોડે દૂર ધોવા માટે પાકી બાંધેલી વ્યવસ્થા કરવી જોઈએ. એનું પાણી પણ કૂવાની પાસે છૂટી જમીન રાખીને કેળ વગેરેનું વાવેતર કરવાનું સૂચવ્યું છે તેમાં જાય.

બિહારમાં ચાંડિલ મુકામે ભરાયેલા સર્વોદય સંમેલનમાં ભાઈ કૃષ્ણદાસ શાહે સફાઈ વિશે ટૂંકી નોંધ હિન્દીમાં લખી છે તે બહુ ઉપયોગી હોઈ તેનો અનુવાદ કરી પરિશિષ્ટ क તરીકે આ પુસ્તકની સાથે આપી છે તે તરફ વાચકોનું અમે ધ્યાન ખેંચીએ છીએ.

✽

## ૧૧ : આરોગ્ય

આપણાં ગામડાંમાં લોકોની આરોગ્ય સંબંધી સ્થિતિ એટલી દયાજનક છે કે તે વિશે સ્વતંત્ર પ્રકરણ લખવાની જરૂર છે. લોકોનું આરોગ્ય ખરાબ હોવાનું મૂળ કારણ પૌષ્ટિક ખોરાકનો અભાવ, પીવાના સ્વચ્છ પાણીની મુશ્કેલી, તથા ચાંચડ, મચ્છર વગેરેનો ત્રાસ એ છે. આપણાં ગામડાંના ગરીબ લોકો પૌષ્ટિક ખોરાકને અભાવે કેટલાક રોગોથી પીડાય છે, જ્યારે શ્રીમંત લોકો તંદુરસ્તી માટે અયોગ્ય અને પચવામાં ભારે ખોરાક ખાવાથી શરીર સારાં રાખી શકતા નથી. એકને સારો ખોરાક મળવાની જરૂર છે, ત્યારે બીજાને સારો અને આરોગ્ય-દાયી ખોરાક કયો કહેવાય તેનું જ્ઞાન આપવાની જરૂર છે. માંસાહાર નહીં કરનારા લોકોને પ્રાણીજન્ય પ્રોટીન એકલા દૂધમાંથી જ મળી શકે એમ છે. પણ બહુ થોડા ભાગના લોકોને પૂરતું દૂધ મળતું નથી. દરેક માણસને ઓછામાં ઓછું આઠથી બાર અધોળ દૂધ મળવું જોઈએ. એટલું દૂધ મળવાનું તો બાજુએ રહ્યું, પણ મોટાં શહેરોની આસપાસ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



પચીસ, ત્રીસ માઈલ સુધીનાં ગામડાંના લોકો શહેરોમાં દૂધ વેચી જાય છે, એટલે તેમને છાશ પણ ખાવા મળતી નથી. વળી ગામડાંમાં લોકોને શાકભાજી પણ બહુ ઓછાં ખાવાની ટેવ હોય છે. લીલોતરી શાકભાજી એ રોગની સામે રક્ષણ આપનારી વસ્તુ છે. તે નહીં મળવામાં એક કારણ ગરીબાઈ છે અને બીજું કારણ અજ્ઞાન છે.

સર્વોદયમાં આર્થિક સમાનતાને આપણે આવશ્યક ગણીએ છીએ. એ માટે મહેનત અને પ્રયત્ન કરવાથી જ્યારે આપણે આર્થિક સમાનતા સ્થાપી શકીશું ત્યારે ગરીબાઈનું મુખ્ય કારણ દૂર થશે. લોકોનું અજ્ઞાન દૂર કરવા તેમને સારી કેળવણી આપવાની જરૂર છે. આર્થિક સમાનતા સ્થપાય એટલે ગામડાંમાં તમામ બાળકોને તથા પ્રૌઢોને પણ કેળવણી આપવાનો પ્રબંધ થઈ શકશે. ખોરાકમાં એ બાબતની કેળવણી આપવાની જરૂર છે. કયો ખોરાક આપણા શરીરને માટે પૌષ્ટિક ગણાય અને તે કેટલા પ્રમાણમાં લેવો જોઈએ, તથા કયો ખોરાક રોગની સામે રક્ષણ આપે છે તે માણસે જાણવું જોઈએ. મોસમનાં ફળ, જેવાં કે, કેરી, જાંબુ, જામફળ, કેળાં, પપૈયાં, એ એવાં છે જે રોગની સામે રક્ષણ આપે છે. આ બન્ને વસ્તુઓ પૂરતા પ્રમાણમાં લેવાની જરૂર છે. આપણા શરીરને સ્નાયુ બાંધનાર, ગરમી આપનાર, ચરબી વધારનાર, ક્ષારો આપનાર તથા મળને કાઢનાર દ્રવ્યોની જરૂર છે. જે ખોરાકમાં આ બધાં દ્રવ્યો શરીરને જોઈએ તેટલા પ્રમાણમાં હોય તેને યુક્તાહાર (બૅલન્સ્ડ ડાયેટ) કહે છે. આપણો ખોરાક–શ્રીમંતનો તેમજ ગરીબ લોકોનો–મોટે ભાગે યુક્તાહાર નથી હોતો. લોકોને એ બાબતની કેળવણી આપી યુક્તાહાર લેતાં કરવાની જરૂર છે.

વળી આપણને સામાન્ય રીતે પેટ તણાય એટલું, એટલે વધારે પડતું ખાવાની ટેવ હોય છે. મોટા ભાગના માણસો બરાબર ચાવીને પણ ખાતા નથી. તળેલી વસ્તુઓ પણ આપણે વારંવાર ખાઈએ છીએ. તળેલી વસ્તુઓ પચવામાં ભારે થાય છે. વારંવાર આચરકૂચર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ખાયાં કરવું એ પણ સારું નથી. દિવસમાં બે કે ત્રણ વખત જ ખાવું જોઈએ. ગાંધીજીએ તો કેવળ મિતાહાર નહીં પણ અલ્પાહાર કરવાની સલાહ આપી છે. થોડી ભૂખ રહે અને ભાણા ઉપરથી ઊઠી જવું એ અલ્પાહાર કહેવાય. અલ્પાહાર કરવાથી શરીરમાં સ્ફૂર્તિ સારી રહે છે.

ચા તથા કૉફી પીવાનો રિવાજ આપણા દેશમાં બહુ વધી ગયો છે. એ પીણાની શરીરને કશી જરૂર નથી. વળી આપણે જે રીતે એ પીએ છીએ તે તો નુકસાનકારક જ છે. ઘણાખરા લોકો ચાનો અને કૉફીનો તદ્દન ઉકાળો કરીને પીએ છે. ચા તથા કૉફી ઉકાળવાથી તેમાંથી પાચનશક્તિને નુકસાન કરે એવા પદાર્થ છૂટે છે. એ રિવાજ આપણે ગામડે ગામડે સુધી પહોંચી ગયો છે. વળી તેમાં આપણે કરોડો રૂપિયા બરબાદ કરીએ છીએ અને સાથે આપણાં શરીર પણ બગાડીએ છીએ.

સ્વચ્છ હવા તથા સ્વચ્છ પાણીની જરૂર તો ખોરાક કરતાં પણ વધારે ગણાય. કેટલાકને મોઢેથી હવા લેવાની ટેવ હોય છે, એ અનારોગ્ય ટેવ છે. નસકોરાં વડે જ હવા લેવી જોઈએ. નાકમાં કુદરતે એક જાતની ચાળણી રાખી છે, જેથી હવામાં રહેલી નકામી વસ્તુઓ અંદર જવા પામતી નથી, તેમજ હવા ગરમ થાય છે. વળી હવા હંમેશાં ચોખ્ખી લેવી જોઈએ. માથેમોઢે ઓઢી સૂઈ જવાની ટેવ પણ અનારોગ્ય છે. મોઢું હંમેશાં ખુલ્લું રાખીને સૂવું. રહેવાની તથા સૂવાની જગ્યા બહુ ભીડ ન હોય તથા આસપાસ ગંદકી ન હોય તેવે સ્થળે રાખવી.

આજે ઘણાં ગામડાંમાં સ્વચ્છ પાણી મળવું મુશ્કેલ થઈ પડ્યું છે. તેમાંય કેટલીક કોમોને ગાળ્યા વગરનું પાણી પીવાની ટેવ હોય છે. વળી ચોમાસામાં ખેતરે જાય ત્યારે કેટલાક લોકો આસપાસ ખાબોચિયામાં ભરાઈ રહેલું પાણી પીએ છે. ખેતરોમાં કામે જતી વખતે ઘેરથી નાની માટલી અથવા ઘડામાં ગાળેલું પાણી લઈ જવાની ટેવ પાડવી જોઈએ. ગળણું હંમેશાં સ્વચ્છ હોવું જોઈએ. જંગલના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



અને પહાડી પ્રદેશમાં પાણી પીવાલાયક મળતું નથી. ત્યાં નદી તથા કૂવામાં જમીન ઉપર પડેલાં પાંદડાંના કહોવાટવાળું પાણી હોય છે. એવાં પાણીને સુરત જિલ્લામાં પાલિયાં પાણી કહે છે. તેનાથી પેટ મોટાં થઈ જાય છે. જંગલના પ્રદેશમાં કૂવા પાકા બાંધેલા હોય એ ઇષ્ટ છે, પણ એટલું બસ નથી. જ્યાં પાણીની સ્વચ્છતા વિશે શંકા હોય ત્યાં પાણી ખૂબ ઉકાળીને તથા ત્યાર પછી ઠારીને પીવું એ સલામત ઉપાય છે.

ખુલ્લી ચોખ્ખી હવા, સ્વચ્છ પાણી, યોગ્ય ખોરાક અને શક્તિ પ્રમાણે માણસ જાતમહેનત કરે એટલે તેને માંદા પડવાનો ભય બહુ ઓછો છે, છતાં બિમારી થઈ આવે તો પાણી, માટી અને સૂર્યના તડકાના ઉપચાર કરવા એ ઇષ્ટ છે. બિમારી વખતે ખોરાકમાં પણ યોગ્ય ફેરફાર કરવા જોઈએ. ઘણાખરા રોગોનું મૂળ કારણ હોજરીમાં બગાડ એ હોય છે, એટલે જરૂરિયાત પ્રમાણે ઉપવાસ અથવા લંઘન કરી હોજરીને સુધારવી એ એક મુખ્ય ઉપાય છે. ઉપવાસ વખતે પાણી પૂરતા પ્રમાણમાં લેવું જરૂરી છે. કેટલીક વાર ગરમ પાણી પીવું સારું છે.

આ ઉપરાંત ગામમાં સહેજે મળી આવતી વનસ્પતિના તથા ઘરગથ્થુ સાદી દવાઓના ઉપચાર પણ કરી શકાય. વનસ્પતિ તથા દવાઓ નિર્દોષ હોય તે લેવી. ઉગ્ર દવા સામાન્ય રીતે ન લેવી.

કેફી અથવા માદક પદાર્થોનો ત્યાગ કરવાનું સઘળા મુખ્ય ધર્મોમાં સૂચવાયેલું છે. આપણા દેશમાં દારૂતાડી, ભાંગ, ગાંજો, તમાકુ અને અફીણ એટલા માદક પદાર્થો મુખ્ય ગણી શકાય. આપણા રાજ્ય-બંધારણે મદ્યનિષેધની નીતિ સ્વીકારી છે. કેટલાંક રાજ્યોએ તેનો અમલ કરવાને માટે કાયદા કરેલા છે, છતાં હજી મોટા મોટા સરકારી અમલદારોને તથા મોટા ન્યાયાધીશોને પણ દારૂ પીવાના પરવાના આપવામાં આવે છે, એ અયોગ્ય છે. મોટા માણસોને એવા પરવાના આપવામાં આવે તેની સામાન્ય જનતા ઉપર સારી અસર ન જ થાય. જે વસ્તુ માણસને ભાન ભુલાવી દે એવી છે તેનો ત્યાગ સમાજમાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

મોટા ગણાતા માણસો ન કરે તો સામાન્ય જનતા ગેરકાયદે અને છૂપી રીતે દારૂ ગાળે એને શું કહી શકાય ? દારૂતાડી પીવાથી શરીરની તો બરબાદી થાય જ છે. દારૂતાડી પીનારો માણસ એટલો દીવાનો થાય છે કે તેનું જીવન નિરર્થક બની જાય છે. તેમાં પૈસાની બરબાદી ઉપરાંત નીતિની પણ બરબાદી થાય છે. કાયદા ઉપરાંત એ બાબતમાં લોકમત કેળવવાની બહુ જરૂર છે.

મદ્યપાનથી માંણસ ગાંડા જેવો થઈ જાય છે. જ્યારે અફીણનું વ્યસન તેને જડ, એદી અને ઊંઘણશી બનાવે છે. તે કાંઈ કામ કરી શકતો નથી. એ વ્યસનમાં સપડાયેલા માણસો મરવાને વાંકે જીવતા હોય એવા દેખાય છે. આમ છતાં વૈદ્યક શાસ્ત્રમાં અફીણને દવા તરીકે બહુ મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. માણસે સ્વેચ્છાએ અફીણનું વ્યસન છોડી દેવું જોઈએ, કારણ તેમાં શરીર, બુદ્ધિ અને પૈસાની બરબાદી થાય છે. વૈદ્યક શાસ્ત્રમાં એનું સ્થાન રહેવાનું હોય તો ભલે રહો. જે દલીલ અફીણને લાગુ પડે છે તે ભાંગ તથા ગાંજાને પણ લાગુ પડે છે. ભાંગગાંજાનો પ્રચાર આપણા સાધુ અથવા બાવા લોકોમાં ઘણો છે.

તમાકુ તો ઘરઘરનું વ્યસન થઈ પડ્યું છે. આપણે કરોડો રૂપિયાનો ધુમાડો એની પાછળ કરીએ છીએ. બીજાં વ્યસનોની ખરાબ અસર જેવી સીધી દેખાય છે તેવી તમાકુની દેખાતી નથી, પણ એનાથી દાંત અને હોજરી ધીમે ધીમે બગડે તો છે જ. હમણાં કેટલાક દાક્તરોનું એવું માનવું છે કે તમાકુ પીનારને કેન્સરનો રોગ થાય છે. તે ગમે તેમ હો, પણ એ ગંદી ટેવ તો છે જ. બીડી પીનાર માણસ મોંનો ધુમાડો કાઢે છે ત્યારે પાસે નહીં પીનાર માણસ બેઠો હોય તેને અકળામણ થાય છે. પીવા ઉપરાંત ખાવામાં અને સૂંઘવામાં પણ તમાકુ વપરાય છે. તમાકુ ખાનારા ઘરના ખૂણામાં તથા ભીંત ઉપર થૂંકતાં શરમાતા નથી. તપખીર સૂંઘનારનાં કપડાં સામાન્ય રીતે તપખીરના ડાઘવાળાં મેલાં હોય છે. તેથી આપણામાં કહેવત પડી છે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

કે ‘ખાય તેનો ખૂણો, પીએ તેનું ઘર, અને સૂંઘે તેનાં કપડાં, એ ત્રણ બરાબર.’ આ વ્યસનથી કશો ફાયદો તો નથી જ. અને આપણા જેવો ગરીબ દેશ એની પાછળ કરોડો રૂપિયા બરબાદ કરે તે એક મોટું નુકસાન છે. આ વ્યસનથી પણ દેશને બચાવવાની જરૂર છે. તમાકુની ખેતી પાછળ લાખો એકર જમીન રોકાય છે. તે પણ એક રીતે જોતાં દેશની સંપત્તિનો મોટો બગાડ છે.

આપણે આરોગ્ય સારી રીતે સાચવવું હોય તો આપણાં જીવન સંયમી હોવાં જોઈએ. જીભ ઉપર એટલે સ્વાદેન્દ્રિય પર સંયમ રાખીએ તો આપણે ઘણા રોગોથી મુક્ત રહી શકીએ. એવો જ બીજો સંયમ જનનેન્દ્રિય ઉપર રાખવાની જરૂર છે. એ ઇન્દ્રિય ઉપર સંયમ નહીં રાખવાથી આપણી ઘણી શક્તિ, જેનો સદુપયોગ થઈ શકે તે આપણે બરબાદ કરીએ છીએ. હમણાં હમણાં વળી સંતતિનિરોધની પ્રવૃત્તિએ જોર પકડવા માંડયું છે. તેની પાછળ ખ્યાલ તો એ છે કે માણસ માટે કામવાસનાનો સંયમ કરવો એ અશક્ય વસ્તુ છે. સ્વાદેન્દ્રિયનો સંયમ જેમ અઘરો છે તેમ કામવાસનાનો સંયમ અઘરો છે ખરો, પણ તે અશક્ય નથી. સંતતિનિરોધની પ્રવૃત્તિથી તો કામવાસનાને છૂટો દોર મળે છે. આ પ્રવૃત્તિ એટલા માટે ચાલી છે કે આપણા દેશમાં વસ્તી વધારે પડતી વધતી જાય છે અને વસ્તી બહુ વધે તો ગરીબાઈનો ઉપાય તો આપણે કરી શકીએ નહીં. અમર્યાદ રીતે વસ્તી વધે એ જરૂર ઇષ્ટ ન ગણાય; પણ તેનો સાચો ઉપાય સંતતિનો નિરોધ અથવા સંતતિનું નિયમન નથી, પણ સંયમી જીવન છે. સાધારણ રીતે દરેક માણસને પોતાનાં કર્મનાં ફળ ભોગવવાં પડે છે. સંતતિ-નિરોધ કરવાથી એક રીતે ગરીબ માણસ પોતાનાં કર્મનાં સીધાં ફળમાંથી બચી જાય છે; પરંતુ બીજી રીતે જોઈએ તો એ ફળ તેને વધારે ભીષણ રૂપમાં ભોગવવાં પડે છે, કારણ સંતતિનિરોધ અથવા સંતતિનિયમનથી માણસ વધારે સ્વચ્છંદી બનવાનો સંભવ છે. પ્રજાવૃદ્ધિ અમર્યાદ અટકાવવાનો ઉત્તમ ઉપાય એ છે કે બરાબર પુખ્ત વયે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

લગ્ન કરવાં — પુરુષને માટે પચીસ અને સ્ત્રીને માટે અઢાર. એથી વહેલાં લગ્ન ન કરવાં જોઈએ — અને બને તેટલા વહેલા — પુરુષને માટે મોડામાં મોડી ઉંમર પિસ્તાળીસની નક્કી કરી શકાય — વાનપ્રસ્થ થવું. વળી ગૃહસ્થાશ્રમ પણ ભોગવિલાસ માટે નથી એ વસ્તુ સ્ત્રીપુરુષ બન્નેને સમજાવવાની જરૂર છે. એની વધુ વિગતો માટે ગાંધીજીનું 'નીતિનાશને માર્ગે' એ પુસ્તક વાંચવા જેવું છે.

આરોગ્ય વિશે વધારે વિગતવાર જાણવા માટે ગાંધીજીનું 'આરોગ્યની ચાવી' એ પુસ્તક વાંચવાની ભલામણ છે.

બુનિયાદી શાળામાં જ આરોગ્ય અને સ્વચ્છતા વિશે સામાન્ય જ્ઞાન આપવું જોઈએ. તેની સાથે જ આરોગ્ય અને સ્વચ્છતાની પાકી ટેવો પાડવી એ મહત્ત્વનું છે. મોટી ઉંમરનાં માણસોને પ્રૌઢ શિક્ષણના વર્ગોમાં આ વિશે વિગતવાર માહિતી આપવી એ જરૂરનું છે.

## ૧૨ : ટ્રસ્ટીપણાનો સિદ્ધાંત

આપણે આર્થિક સમાનતાની વાત કરી ગયા. માણસ મોટે ભાગે પોતાના વપરાશને માટે ઉત્પન કરે તો ઉત્પાદન, વહેંચણી અને ઉપભોગ બધું એક જ ક્રિયામાં સમાઈ જાય અને આપોઆપ થાય. તેને માટે વચગાળાની ક્રિયાઓ કરનારા, જેવા કે માલવાહકો, વેપારીઓ, દલાલો વગેરેની જરૂર ન પડે. ઉત્પાદકે માલ તૈયાર કર્યા પછી તે માલનો ઉપભોગ કરનારને તે પહોંચાડવામાં આવે ત્યાંસુધી વચગાળાનાં કામો કરનારાનાં મજૂરી, નફો, કમિશન બધું બચી જાય. માણસ પોતાના વપરાશને માટે જ માલ પેદા કરે એટલે એને મોંઘાસોંઘાનો સવાલ પણ ઊભો થાય નહીં. પોતાની મજૂરીથી તૈયાર કરેલા માલનો પોતે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



જ ઉપભોગ કરે તેને પોતાનો થોડો વધારાનો માલ વેચાવાપણું રહે, અને પોતાના પ્રદેશમાં ન બની શકતી હોય છતાં પોતે જેના વિના ન ચલાવી શકે એવી વસ્તુઓ ખરીદવાપણું રહે. આવા સમાજમાં આર્થિક સમાનતા સહેજે પેદા થઈ શકે.

પરંતુ અત્યારે થોડાક માણસો ધનમાં આળોટે છે અને સમાજનો મોટો ભાગ ગરીબીમાં સબડે છે. એ સ્થિતિનું નિવારણ શી રીતે કરી શકાય ? રશિયાએ જ્યારે ક્રાન્તિ કરી ત્યારે મિલકતવાળાઓ પાસેથી બધું છીનવી લઈને એ સઘળી સંપત્તિ ઉપર રાજ્યની અથવા સમાજની માલકી કરી. પરંતુ સર્વોદયની રીત અહિંસાની છે. રશિયામાં તો જે મિલકતવાળાઓ ક્રાંતિની સામે થાય તેમને મારી નાખવામાં આવ્યા. એ વસ્તુ સર્વોદયને ઈષ્ટ નથી. સર્વોદયની દૃષ્ટિ મિલકતવાળાઓ સાથે દલીલ કરી, તેમને સમજાવી તેમના હૃદય ઉપર અસર પાડી, તેમની પાસે જે વધારાની મિલકત હોય તે જનતાના હિતાર્થે વપરાય એમ કરવાની છે. દાખલા તરીકે, વિનોબાજી અત્યારે જમીનમાલિકો પાસેથી ભૂમિહીન ખેડૂતોને આપવા માટે જમીન માગે છે, તેથી જમીનની વહેંચણીનો પ્રશ્ન ઉકેલવાની આશા બંધાય છે. પણ મિલકતદારો પાસે મોટાં કારખાનાં વગેરે છે તેનું શું ? તેને માટે ગાંધીજીએ ઉપાય બતાવ્યો છે કે મિલકતવાળાઓ પોતાની વાજબી જરૂરિયાત જેટલું રાખી અથવા વાજબી જરૂરિયાત જેટલું વાપરી, જે વધારાનું બાકી રહે તેના જનતાને માટે ટ્રસ્ટી બને. આ રીતમાં મિલકતવાળાઓનો નાશ કરવાપણું આવતું નથી, પણ તેમની સંપત્તિની સાથે તેમનાં જ્ઞાન, કાર્યદક્ષતા અને અનુભવનો લાભ પણ જનતાને મળે છે. પણ મિલકતવાળા આવી જાતના ટ્રસ્ટી થવાની ના પાડે તો શું કરવું ? મિલકતવાળાઓની મહેરબાની ઉપર આધાર રાખી બેસી રહેવું ? અથવા તેમનો હૃદયપલટો ન થાય ત્યાંસુધી રોકાઈ રહેવું ? જનતાના હાથમાં રાજ્યસત્તા આવે તો તેઓ કાયદો કરીને મિલકતવાળાઓને ટ્રસ્ટી બનાવી શકે. પણ એવા કાયદા માટે લોકમતને કેળવીને પ્રબળ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

બનાવવો જોઈએ ધારો કે આમ જનતા આવા કાયદા માટે તૈયાર હોય, પણ મિલકતવાળા તૈયાર ન હોય તો? કાયદો પસાર કરતાં પહેલાં મિલકતવાળાઓનો હૃદયપલટો કરવો જોઈએ, નહીં તો કાયદો તેમના ઉપર એક જાતની બળજબરી જેવો થઈ પડે. હૃદયપલટા વિનાનો કાયદો ઘણી વાર તો પોથીમાં જ રહે છે, અથવા ઉપર કહ્યું તેમ બળજબરીનું નિમિત્ત બને છે. આજે તો આપણી ધારાસભાઓ અથવા મધ્યવર્તી સંસદ ( પાર્લમેન્ટ ) આવા કાયદા માટે તૈયાર હોય એમ દેખાતું નથી.

પરંતુ ગાંધીજીની અહિંસા એવી નિષ્ક્રિય અથવા લાચાર નથી. કોઈ પણ અનિષ્ટનો અહિંસક પ્રતીકાર હોઈ જ શકે એવું તેમણે પ્રતિપાદન કર્યું છે. તેઓ કહે છે કે મિલકતવાળાઓ પણ પોતાની મિલકતનો ઉપભોગ અથવા ઉપયોગ જનતાની મદદ વિના કરી શકતા નથી. પોતાના બંગલાનો ઉપભોગ કરવો હોય તો તેને વાળવાઝૂડવા તથા સાફ રાખવા માટે નોકર–ચાકર જોઈએ, પોતાનું કારખાનું ચલાવવું હોય તો તે ચલાવવા માટે મજૂરો જોઈએ. જમીનદારોને પોતાની જમીન ખેડવા માટે ખેડૂતો જોઈએ. પોતાને ત્યાં ઢોરઢાંખર હોય તો તેને દોહવા માટે તથા તેમનું છાણુવાસીદું કરવા માટે નોકર–ચાકર જોઈએ. આવું બધું કામ કરનારા મિલકતદાર અથવા જમીનદાર સાથે અહિંસક અસહકાર કરે તો તેઓ પોતાની મિલકતનો અથવા જમીનનો કશો જ ઉપભોગ કરી શકે નહીં. એટલે મિલકતદારો અથવા જમીનદારોને ટ્રસ્ટી બનાવવા માટે નોકરચાકરો, મજૂરો તથા ખેડૂતો પાસે અહિંસક અસહકારનું હથિયાર છે. એ હથિયારનો ઉપયોગ કરવાની તેમનામાં તાકાત પેદા કરવી જોઈએ. જેટલે દરજ્જે ખેડૂતો, મજૂરો વગેરેમાં આવી તાકાત પેદા કરી શકાશે તેટલે દરજ્જે મિલકતદારો અને જમીનદારોને જલદી ટ્રસ્ટી બનાવી શકાશે. અને છેવટે તો એ લોકો પણ માનવલાગણીવાળા છે. તેમના ઉપર શુદ્ધ અહિંસાનો પ્રયોગ થાય તો જનતાનાં દુઃખો તથા તેમનું સ્વેચ્છાપૂર્વકનું કષ્ટસહન જોઈ,

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



તેમના હૃદયમાં સદ્બુદ્ધિ જાગ્રત થયા વિના રહે નહીં. મિલકતદારોને અને જમીનદારોને આવી રીતે ટ્રસ્ટી બનાવવા એને ગાંધીજી રશિયાની ક્રાંતિ કરતાં પણ મોટી ક્રાંતિ ગણતા, કારણ અનેક પેઢીઓના અનુભવ અને અભ્યાસથી મિલકતદારોએ પ્રાપ્ત કરેલી વ્યવસ્થાશક્તિ અને કાર્યદક્ષતાનો આખા સમાજને લાભ મળી શકે છે. આમ જનતા પોતાનામાં પડેલી અહિંસક શક્તિ કેળવે, એટલે કે 'ના, હું કશું કામ પરાણે નહીં કરું' એવું કહેવાની શક્તિ કેળવે, તો તેમની સામે કોઈ પણ સત્તા કે તાકાતનું કશું ચાલી શકે નહીં. તેઓ સરકારની સત્તા ઉપર પણ અસરકારક અંકુશ રાખી શકે અને તેને યોગ્ય દિશામાં દોરી શકે.

આ તો ટ્રસ્ટીપણાના સિદ્ધાંતની અને તે શી રીતે અમલમાં મૂકી શકાય તેની મૂળભૂત વાત થઈ, પણ તેને અમલમાં મૂકતાં બીજા કેટલાક અટપટા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. ધારો કે અમુક માણસ પોતાની મિલકતનો ટ્રસ્ટી થયો, તો શું કાયદાની દૃષ્ટિએ તે જ માણસ માલિક ગણાવાનો કે પછી કાયદાથી એના ટ્રસ્ટીપણાનું નિયમન થવાનું? બીજું, એ માણસના કાયદેસર વારસનો મજકૂર મિલકત ઉપર કેટલો હક રહેવાનો? એ પોતાને ટ્રસ્ટી ન ગણે અથવા તો એ ટ્રસ્ટી થવાને નાલાયક હોય તો કાયદો તેમાં વચ્ચે પડી શકે ખરો? પેલા વારસ પાસે પણ ટ્રસ્ટીપણું સ્વીકારાવવાનો જનતા પાસે અહિંસક અસહકારનો ઉપાય તો છે જ. વારસ નાલાયક હોય તો તેની મિલકતનો ઉપયોગ ન કરવા દેવાની પણ જનતા પાસે અહિંસક શક્તિ છે. છતાં ટ્રસ્ટીપણાના સિદ્ધાંતની તરફેણમાં પ્રબળ લોકમત હોય તો કાયદાથી આ વસ્તુનું નિયમન કરવામાં કશો વાંધો નથી. ગાંધીજીએ કહ્યું છે કે 'માણસ ટ્રસ્ટી બને ત્યારે કાયદેસર માલકી તો તેની જ રહેશે, રાજ્ય માલિક નહીં બને. મિલકત જપ્ત કરવાનું ટાળવાને માટે ટ્રસ્ટીપણાનો સિદ્ધાંત મેં સૂચવ્યો છે, છતાં મૂળ માલિકે ટ્રસ્ટી થયા પછી સમાજને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



માટે તેની મિલકતનો ઉપયોગ કરવાનો છે.' વારસની બાબતમાં ગાંધીજીએ કહ્યું છે કે 'મૂળ માલિક જે પહેલો ટ્રસ્ટી બને છે તેને પોતાનો વારસ ટ્રસ્ટી પસંદ કરવાની સત્તા રહેશે, પણ એ પસંદગીને રાજ્યની મહોર મળવી જોઈશે. આ જાતની વ્યવસ્થાથી રાજ્ય ઉપર તેમજ વ્યક્તિ ઉપર અંકુશ રહેશે.'

આગાખાન મહેલમાંથી છૂટીને ગાંધીજી સેવાગ્રામ પહોંચ્યા ત્યાર-પછી પ્યારેલાલજીએ, કિશોરલાલભાઈએ તથા મેં એકઠા મળીને ટ્રસ્ટીપણાની એક સાદી અને વ્યવહારુ વ્યાખ્યા ઘડી કાઢી હતી. અમે એ વ્યાખ્યા બાપુ આગળ મૂકી. તેમણે એમાં થોડા ફેરફાર કર્યા. એનો છેવટનો મુસદ્દો નીચે મુજબ છે :

૧. ટ્રસ્ટીપણાનો સિદ્ધાંત આજની મૂડીવાદી સમાજવ્યવસ્થાને આર્થિક સમાનતાવાળી સમાજવ્યવસ્થામાં પલટી નાખવાનું સાધન છે. મૂડીવાદને તે મંજૂર રાખતો નથી, પણ મૂડીદાર વર્ગને સુધરવાની તક આપે છે, માનવ-સ્વભાવની સુધારણા માટે હંમેશાં અવકાશ રહેલો છે, એ શ્રદ્ધા પર આ સિદ્ધાંત રચાયો છે.

૨. પોતાના હિત માટે સમાજ જેટલી ખાનગી મિલકતની છૂટ રાખે, તે સિવાયની મિલકત ઉપર ખાનગી માલકીનો હક તે માન્ય રાખતો નથી.

૩. માલકી હક તથા સંપત્તિના ઉપયોગનું કાયદાથી નિયમન કરવાનો એમાં નિષેધ નથી.

૪. રાજ્ય દ્વારા નિયંત્રિત ટ્રસ્ટીપણાની વ્યવસ્થામાં વ્યક્તિને પોતાના સ્વાર્થને સંતોષવા માટે અથવા સમાજના હિતની અવગણના થાય એ રીતે સંપત્તિ ધરાવવાની કે તેનો ઉપયોગ કરવાની છૂટ નહીં હોય.

૫. નિર્વાહ માટે મજૂરીનું લઘુતમ ધોરણ નક્કી કરવાનું વિચારવામાં આવ્યું છે, તે જ પ્રમાણે વધુમાં વધુ કેટલી આવકની છૂટ રાખવી, તે પણ નક્કી કરવું જોઈએ. આવી લઘુતમ તેમજ ગુરુતમ આવક વચ્ચેનો તફાવત વાજબી, ન્યાયપુરઃસરનો તથા છેવટે એ તફાવત નાબૂદ થાય એ રીતના તેમાં વખતોવખત ફેરફારો થતા રહે એ જાતનો હોવો જોઈએ.

૬. ગાંધીમાન્ય અર્થરચનામાં ઉત્પાદનનું સ્વરૂપ સમાજની જરૂરિયાત

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



પ્રમાણે નક્કી કરવામાં આવશે, વ્યક્તિના મનમાં આવે તે પ્રમાણે અથવા નફો કરવાનો તેનો લાભ સંતોષાય એ પ્રમાણે નહીં.

ઉપરના મુસદ્દામાં ટ્રસ્ટીના વારસનો વિચાર કરવામાં આવ્યો નથી, પરંતુ અમે ઉપર તેનું વિવેચન કરી ગયા છીએ.

અત્યારે વિનોબાજી જે ભૂદાનપ્રવૃત્તિ ચલાવી રહ્યા છે તે ટ્રસ્ટીપણાના સિદ્ધાંતનો જ એક સફળ પ્રયોગ છે. એની અસર ઘણાં દૂરગામી પરિણામો લાવનારી નીવડશે એ વિશે હવે શંકાને સ્થાન રહ્યું નથી. સંપત્તિદાન એ પણ ભૂદાનના જેવું ટ્રસ્ટીપણાના સિદ્ધાંતનું એક આવશ્યક અંગ છે. અત્યારે તો સંપત્તિદાનનો મુખ્ય ઉપયોગ મુખ્યત્વે ભૂમિહીનોને મદદ કરવા પૂરતો ગણ્યો છે. પણ ભૂદાનનો હેતુ જેમ જમીન ઉપરનો માલકીહક નાબૂદ કરી જમીનની સમાન વહેંચણી કરવાનો છે, તેમ જ સંપત્તિદાનનો વિશાળ ઉદ્દેશ સમાજમાં આર્થિક સમાનતા લાવવાનો છે. ટ્રસ્ટીપણાના સિદ્ધાંતને કેવી રીતે અમલમાં મૂકવો એની પ્રત્યક્ષ રીત વિનોબા આપણને બતાવી ચૂક્યા છે.

## ૧૩ : ઉદ્યોગીકરણ

આપણા રાજદ્વારી પુરુષો એમ માનતા જણાય છે કે આપણા દેશનું જીવનધોરણ ઊંચું લાવવું હોય તો આપણા દેશનું ઉદ્યોગીકરણ કર્યે જ છૂટકો છે. ઉદ્યોગીકરણ તો સર્વોદયમાં પણ કરવું પડશે, પણ ઉદ્યોગીકરણનો જે પારિભાષિક અર્થ કરવામાં આવે છે તે અર્થમાં નહીં. અમે ઉપર જણાવી ગયા કે આપણાં ગામડાંઓએ સ્વાવલંબી અને સ્વયંસંપૂર્ણ થવું જોઇશે. તે ઉદ્યોગો વગર ન થઈ શકે, પણ એ ઉદ્યોગો ખેતીને મદદગાર એવા ગ્રામઉદ્યોગો અને ગૃહઉદ્યોગોના સ્વરૂપના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



હશે. ગામડાંનું દરેક ઘર ઉદ્યોગોથી ગુંજતું હશે, અને આબાલવૃદ્ધ સૌ પોતપોતાની શક્તિ પ્રમાણે પોતાના ફાજલ સમયમાં એવા ઉદ્યોગોમાં લાગેલાં હશે. પણ ઉદ્યોગીકરણનો પારિભાષિક અર્થ તો એ છે કે મોટા પાયા ઉપરનાં યંત્રોથી ચાલતાં કારખાનાં દેશમાં દાખલ કરવાં. એવાં કારખાનાં દાખલ થાય તો આપણા ખેડૂતોની આર્થિક બેકારીનો પ્રશ્ન અણઉકલ્યો જ ઊભો રહે. આપણા મોટા ભાગના ખેડૂતોની દરિદ્રતાનું નિવારણ કરવા માટે તેમના ફાજલ સમયમાં તેમને ખેતીને મદદગાર ઉદ્યોગધંધા આપવા એ જરૂરી છે. અત્યારે આપણા દેશમાં ખેતી ઉપર જેમના ગુજરાનનો આધાર છે એવા માણસની સંખ્યા લગભગ પચીસ કરોડની છે. તેમાં આઠથી નવ કરોડ પાસે પોતાની માલકીની જમીન નથી. તેમાંથી પાંચ કરોડ માણસો તો એવા છે કે જેઓ ખેતીની મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે, અને ત્રણ કરોડ ઉપર એવા છે જેઓ ભાગે અથવા ગણોતે જમીન ખેડે છે. બાકી રહેલા ૧૬–૧૭ કરોડમાંથી ઘણાની પાસે પોતાનું ગુજરાન સારી રીતે ચાલી શકે એટલી જમીન નથી. તેઓને વરસમાં ચારથી ૭ મહિના ખેતીનું કશું કામ હોતું નથી. વળી તેમના આ બેકારીના દિવસો એકસામટા આવતા નથી, પણ આખા વરસમાં છૂટાછૂટા વહેંચાયેલા હોય છે. તે ઉપરાંત તેઓ આખો દિવસ બેકાર હોય એવું પણ બનતું નથી. દિવસમાં કલાક બે કલાક કામ કરે, પછી કશું કામ ન હોય એવા પણ દિવસો આવે છે, એટલે તેઓ પોતાનું ગામ છોડી કસબામાં અથવા શહેરમાં ધંધો મેળવવા જઈ શકતા નથી; એટલે જ તેમને ગામમાં ને ગામમાં ઘેર બેઠાં ફાજલ સમયમાં ધંધો આપવાની જરૂર છે.

એવી દલીલ કરવામાં આવે છે કે ખેતીના ધંધામાંથી માણસો ઓછાં કરી તેમને બીજે ધંધે લગાડવાં જોઈએ. આમ કરવામાં ન ટાળી શકાય એવી બે મુશ્કેલીઓ આવે છે : એક તો ખેતીની ખાસ મોસમ હોય તે વખતે ઘણા મજૂરોની જરૂર પડે છે. જો માણસોને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



બીજે ધંધે લગાડવામાં આવે તો માણસોની ટાંચ પડે અને ખેતી બગડે. બીજી મુશ્કેલી એ છે કે યંત્રઉદ્યોગોમાં આપણે ઘણા માણસોને કામ ન આપી શકીએ. પચીસ કરોડની ખેતી ઉપર ગુજરાન કરનારાની વસ્તીમાંથી નાની ઉંમરનાં બાળકોને બાદ કરીએ તો ઓછામાં ઓછા દશ કરોડ માણસો મજૂરી કરનારા હશે એમ આપણે ગણવું જોઈએ. ચારથી છ મહિનાની ખેડૂતોની બેકારીના હિસાબે આ દશ કરોડમાંથી ત્રણથી પાંચ કરોડ માણસ ફાજલ પાડી શકાય. પાંચ કરોડને બદલે આપણે ત્રણ કરોડનો આંકડો પકડીએ તોપણ એટલા માણસોને કામ આપવું અશક્ય છે. જેને ફેક્ટરી ઍક્ટ લાગુ પડે છે એવાં કારખાનાંમાં કામ કરતા મજૂરોની સંખ્યા બહુ બહુ તો સિત્તેરેક લાખની ગણાય છે. તેને બદલે ત્રણ કરોડ મજૂરોને રોકવા જેટલાં કારખાનાં આપણે ઊભાં કરીએ તો તેમાં બનેલો માલ ક્યાં વેચવો એ એક મોટો પ્રશ્ન થઈ પડે. સને ૧૯૨૫-૨૬ ના અરસામાં રાજાજીએ કહેલું કે હિંદુસ્તાનને કારખાનાંમય બનાવવું હોય તો આપણા બનેલા માલના બજાર માટે પૃથ્વી નાની પડે અને બજાર શોધવા આપણે કદાચ મંગળના ગ્રહ ઉપર જવું પડે. આપણે જાણવું જોઈએ કે બીજા દેશો જાગ્રત થયા છે અથવા થવા લાગ્યા છે અને બીજા દેશોનાં બજારો આપણે માટે ખુલ્લાં રહેશે એમ માનવું એ ખોટો ભ્રમ છે. વળી બીજા દેશોમાં બજાર જમાવવું એટલે એ દેશનું શોષણ કરવું. કોઈ પણ જાગ્રત દેશ પોતાનું આવું શોષણ થાય તે કબૂલ કરે નહીં. એટલે પરદેશી બજારોની આશા રાખવી એ વ્યર્થ છે. તેથી જ ગાંધીજીએ કહ્યું છે કે 'ઉદ્યોગીકરણ એ માનવજાત ઉપર શાપ સમાન છે અને તેવું ભવિષ્ય અંધકારમય છે.' આપણે આપણી ગરીબી જરૂર દૂર કરવી છે, પણ ઉદ્યોગીકરણ એ તેનો ઉપાય નથી.

ઉદ્યોગીકરણમાં બીજું જોખમ એ છે કે યોગ્ય લશ્કરી બળ વિના આપણે તેને નભાવી અથવા તેનું રક્ષણ કરી શકતા નથી. ગ્રામઉદ્યોગો-વાળા હિંદુસ્તાન ઉપર પરદેશ તરફથી આક્રમણ થવાનો બહુ ઓછો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ભય છે, પણ યંત્રઉદ્યોગવાળા હિંદુસ્તાન પર એ ભય ઘણો વધારે છે, ભલે હિંદુસ્તાન લશ્કરીબળ, નૌકાબળ અને હવાઈજહાજનું બળ ગમે તેટલું રાખે તોપણ.

અત્યારનું આપણું જીવનધોરણ આપણે જરૂર સુધારવું છે. અગાઉના જીવનધોરણ વિશેના પ્રકરણમાં જીવનધોરણ સુધારવું એટલે શું એ અમે બતાવી ગયા છીએ. આપણને આપણી સ્વાવલંબી ગ્રામસંસ્કૃતિ છોડવી પોસાય એમ નથી. પરાવલંબી શહેરી સંસ્કૃતિને અપનાવવામાં મોટાં જોખમો અને આખરે વિનાશ રહેલો છે. વળી સર્વોદય સમાજની એક અનિવાર્ય શરત એ છે કે તે અહિંસાના પાયા ઉપર રચાવો જોઈએ. કારખાનાંસંસ્કૃતિ અહિંસાના પાયા ઉપર કદી રચાઈ ન શકે. સર્વોદયની સંસ્કૃતિ આપણે સ્વયંસંપૂર્ણ ગામડાં મારફત જ ઊભી કરી શકીશું.

પણ આનો અર્થ એ નથી કે આપણે યંત્રઉદ્યોગોનો સદંતર નિષેધ કરીશું. જે વસ્તુઓ હાથઉદ્યોગથી અથવા હાથકારીગરીથી સહેજે બની શકતી હોય તે માટે યંત્રો વાપરવાં અને હાથઉદ્યોગ કરનારને બેકાર બનાવવા એ નરી ઘેલછા છે; પણ જે વસ્તુઓ હાથઉદ્યોગથી બની જ ન શકતી હોય અને એ વસ્તુની અથવા એ સગવડની આપણને અનિવાર્ય જરૂર લાગતી હોય તો તે માટે યંત્રઉદ્યોગનો આશ્રય લેવામાં કશું ખોટું નથી. દાખલા તરીકે, આપણે રેલવે અથવા સ્ટીમરો ચલાવવી હોય તો તે બનાવવા મોટાં કારખાનાં જોઈશે જ. વળી હાથે ચાલી શકે એવાં નાનાં યંત્રો બનાવવા માટે પણ કારખાનાંની જરૂર પડે. સર્વોદયની દૃષ્ટિએ આવાં કારખાનાં રાજ્યની એટલે કે સમાજની માલકીનાં હોય, ખાનગી માલકીનાં ન હોય. તેમાં મજૂરોને કામ કરવાની તથા રહેવાની બધી સુખસગવડો અપાય, મજૂરના કામના કલાક પણ મર્યાદિત હોય, તેમ તેનાં બાળકોને માટે કેળવણીની તથા રમતગમતની સારી વ્યવસ્થા હોય. આમ મજૂરોનું જીવન બધી રીતે સુખમય કરવાનો પ્રયત્ન કરવામાં આવે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

છતાં જેના વિના જીવન નભી જ ન શકે એવી આપણી પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ તો આપણે શરીરશ્રમ કરીને હાથઉદ્યોગો દ્વારા જ બનાવી લઈએ. એમાં જે સ્વતંત્રતા છે તે યંત્રઉદ્યોગોમાં નથી.

ગ્રામઉદ્યોગોમાં બીજી ખૂબી એ છે કે એમાં માણસ પોતાની જરૂરિયાત માટે જ ઉત્પન્ન કરે છે એટલે ઉત્પાદન અને વહેંચણીનું કામ આપમેળે જ થઈ જાય છે; એમા કોઈ પણ જાતના દગાને અથવા ભેળસેળને અવકાશ રહેતો નથી. આજે ખાસ કરીને ખોરાકની વસ્તુઓમાં ભેળસેળ વધી પડી છે, બીજી વસ્તુઓમાં પણ દગો વધી ગયો છે. તે ટાળવાનો એક સીધો ઉપાય એ છે કે માણસે પોતાને વાપરવા માટે પોતે જ વસ્તુ બનાવવી. ખોરાક અને કપડાંની બાબતમાં તો સ્વાવલંબી બનવાની વાત અમે અગાઉ કરી ગયા છીએ. બીજી પણ બની શકે તેટલી બાબતમાં આપણે સ્વાવલંબી બનવું જોઇશે.

ઉદ્યોગીકરણમાં જે હરીફાઈ ચાલે છે તે જીવલેણ હોય છે. વેપારી હરીફાઈ આખરે યુદ્ધનું સ્વરૂપ લે છે. યુદ્ધમાં સંહારનાં શસ્ત્રો શોધતે શોધતે આપણે એટમ બૉમ્બ અને હાઇડ્રોજન બૉમ્બ સુધી પહોંચ્યા છીએ અને દુનિયાના પ્રલયનો ભય ઊભો થયો છે. એ બીકથી જ તેના વાપરનારા કાંઈક રોકાઈ રહ્યા હોય. પણ માણસ જેટલો વિજ્ઞાનમાં આગળ વધ્યો છે તેટલો સાર્વજનિક હિતની દૃષ્ટિમાં અથવા બન્ધુતાની ભાવનામાં આગળ વધ્યો નથી, એટલે એ બૉમ્બવાળામાંથી ક્યારે કોઈને ઘૂમરી આવે અને એનો પ્રયોગ કરી બેસે એ કહેવાય નહીં. આમ ઉદ્યોગીકરણે આપણને અત્યારે તો સર્વનાશને રસ્તે ચઢાવ્યા છે. વિજ્ઞાન જાતે કાંઈ બૂરી વસ્તુ નથી; માણસનો લોભ, દ્વેષ અને મત્સર બૂરી વસ્તુ છે. એનાથી પ્રેરાઈને માણસ વિજ્ઞાનનો દુરુપયોગ કરે છે. જનકલ્યાણની ભાવનાથી માણસે વિજ્ઞાનનો સદુપયોગ પણ કર્યો છે, એટલે માણસની ભાવનાને વિશુદ્ધ અને કલ્યાણકારી કરવાની જરૂર છે અને એ સર્વોદયનું ધ્યેય છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

## ૧૪ : મજૂરીના વાજબી દર

અત્યારે ઘણે ભાગે મજૂરીના દર હરીફાઈથી નક્કી થાય છે. અમુક પ્રદેશમાં જરૂર હોય તે કરતાં મજૂરો વધારે હોય તો મજૂરીના દર ઓછા હોય છે, અને જરૂર કરતાં મજૂરો ઓછા હોય તો દર વધારે હોય છે. આમાં મજૂરને એક બજાર વસ્તુ ગણવામાં આવે છે, અને જેમ માંગ અને છત પ્રમાણે વસ્તુના ભાવ ઓછા કે વધારે નક્કી થાય છે તે જ પ્રમાણે મજૂરીના દર પણ નક્કી થાય છે. જે ધંધામાં મજૂરો સંગઠિત હોય છે ત્યાં તેઓ માલિકો સાથે એકઠા મળીને સોદો કરી શકે છે અને પોતે નક્કી કરેલા દર માંગી શકે છે. પણ મજૂરોનાં આવાં સંગઠન બહુ ઓછા ઉદ્યોગધંધામાં અને મોટે ભાગે શહેરોમાં હોય છે. મજૂરોને સંરક્ષણ આપવાના હેતુથી કેટલીક વાર સરકાર તરફથી ખેતીની મજૂરીના ઓછામાં ઓછા દર નક્કી કરવામાં આવે છે; પણ મજૂરો બરાબર સંગઠિત ન હોય તો તેનું પાલન થતું નથી. જ્યારે ખેતીની મોસમ હોય અને મજૂરોની બહુ જરૂર હોય ત્યારે ખેડૂતો નક્કી કરેલા દર કરતાં પણ વધારે મજૂરી આપીને મજૂરોને બોલાવે છે, પણ જ્યારે કામની મંદી હોય ત્યારે તેઓ ઓછામાં ઓછા મજૂરોને બોલાવે છે. તે વખતે મજૂરો ઓછા દરે પણ કામે જવા તૈયાર થાય છે. તેમ છતાં ઘણા મજૂરોને બેકારી ભોગવવી પડે છે. આનું મોટું કારણ તો એ છે કે યંત્રઉદ્યોગોએ એટલે કે મિલો અને કારખાનાંઓએ આપણાં ગામડાંના ઉદ્યોગોને તોડી નાખ્યા છે. ગ્રામપ્રદેશમાં દળવાનો કે ખાંડવાનો એક સંચો ઊભો થાય અથવા તેલની મિલ ઊભી થાય એટલે દળવાની ઘંટી, ખાંડવાનો ખાંડણિયો તથા તેલની ઘાણી બેકાર પડે છે. કપડાંની મિલોએ આપણા કરોડો રેંટિયા અને લાખો હાથશાળોને બેકાર બનાવી દીધાં છે. આ પણ હરીફાઈનો જ એક પ્રકાર છે. આવી હરીફાઈને લીધે માલની બનાવટ ઉત્તરોત્તર ઊતરતા પ્રકારની થાય છે તથા માલમાં ભેળસેળ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



પણ થાય છે. ખાવાની વસ્તુઓમાં જે ભેળસેળ થાય છે તે આ હરીફાઈનું બૂરામાં બૂરું પરિણામ છે.

સર્વોદય સમાજની રચના હરીફાઈને ધોરણે નહીં પણ પ્રેમ અને સહકારને ધોરણે થવી જોઈએ. પહેલા પ્રકરણમાં આપેલી બાઈબલની કથા સૂચવે છે કે કામ કરવા રાજી હોય તે દરેકને કામ મળવું જોઈએ, એટલું જ નહીં, પણ તેની મજૂરીના વાજબી દર તેને મળવા જોઈએ. વાજબી દર એટલે તેનું અને તેનાં કામ ન કરી શકે એવડી ઉંમરનાં બાળકોનું સારી રીતે ભરણપોષણ થઈ શકે એવા દર. સમાજને ઉપયોગી જેટલાં કામો હોય તે તમામ કામોમાં મજૂરીના આવા વાજબી દરો હોવા જોઈએ. એમાં એક વસ્તુ ધ્યાનમાં રખાય કે સાધારણ અક્કલ-હોશિયારી અને આવડતવાળો માણસ જેટલું કામ કરી શકે તે કામ માટે તેને આવા વાજબી દરો મળે. પણ જે માણસ કોઈ કુદરતી ખોડને લીધે અથવા બીજા કારણે સાધારણ અક્કલહોશિયારી અને આવડતવાળા માણસ કરતાં પણ ઓછું કામ કરી શકતો હોય તેનું ભરણપોષણ કરવાની જવાબદારી સમાજને માથે હોય. અહીં એક વસ્તુ વિચારવા જેવી છે કે અસાધારણ અક્કલહોશિયારી કે આવડતવાળા માણસને જો વધારે કમાણી કરવાની છૂટ આપવામાં આવે તો આર્થિક સમાનતાનું ધ્યેય સચવાય નહીં. તેના ઉપાય તરીકે એક તો ટ્રસ્ટીપણાનો સિદ્ધાંત છે, જેનું વિવેચન અલગ પ્રકરણમાં કરવામાં આવ્યું છે. બીજો ઉપાય એ છે કે જેમ ઓછામાં ઓછી અમુક આવક અથવા કમાણી દરેક માણસની હોવી જ જોઈએ એવું આપણે નક્કી કરીએ, તેમ કોઈ પણ માણસની વધારેમાં વધારે આવક કેટલી હોય એ પણ નક્કી કરવામાં આવે. આ ઓછામાં ઓછી આવક અને વધારેમાં વધારે આવક વચ્ચે બને તેટલો ઓછો તફાવત હોય. આપણે દરેક માણસનું મહેનતાણું ગણિતની રીતે એકસરખું રાખી નહીં શકીએ, પણ ઓછામાં ઓછી કમાણી અને વધારેમાં વધારે કમાણી વચ્ચેનું અંતર ન્યાયી જરૂર રાખી શકીએ. વળી આપણો આદર્શ તો એ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



અંતરને પણ ઉત્તરોત્તર ભૂંસી નાંખવાનો જ હોય.

કોઈ વસ્તુ આપણને સસ્તી મળે તેથી રાજી થવાનું નથી. પણ એ વસ્તુના બનાવનારનું એ દરે ગુજરાન ચાલી શકે છે કે નહીં એ તપાસવાનું આપણું કર્તવ્ય છે. ધારો કે કોઈ જગ્યાએ દૂધ બહુ સસ્તું મળે છે; તો આપણે તરત જોવું જોઈએ કે એ દૂધ વેચનારનું ગુજરાન સારી રીતે ચાલી શકે છે કે કેમ; તેમ જ તે જે ગાય રાખે છે તેને તે પૂરતો ખોરાક આપી શકે છે કે કેમ. તેવું જ અનાજ, કપડાં, શાકભાજી વગેરેની બાબતમાં સસ્તામોંઘાથી રાજી કે દિલગીર થવાને બદલે તેના ઉત્પાદકનું ગુજરાન સારી રીતે ચાલી શકે છે કે કેમ તે જોવાની આપણે ટેવ પાડવી જોઈએ.

આજના સમાજમાં કોઇ માણસ ફેન્સી ચીજ તૈયાર કરે અથવા વિરલ વસ્તુ લઈ આવે તો તેના તેને વધારે દામ મળે છે. દાખલા તરીકે, કોઈ માણસ બહુ ફેન્સી કાપડ તૈયાર કરે તો તેના તેને વધારે ભાવ મળે છે. પણ કાપડનું મુખ્ય કામ શરીરનું ટાઢ–તડકા સામે રક્ષણ કરવાનું છે તે પેલા ફેન્સી કાપડથી બરાબર ન થઈ શકે એમ હોય, છતાં તેનાં દામ વધારે બેસે છે. હીરા, માણેક, મોતી જેવી વિરલ વસ્તુઓના દામ પણ વધારે બેસે છે, પણ એ વસ્તુઓ સમાજમાં બહુ ઓછા માણસો વાપરે છે. તેનું મુખ્ય કારણ આર્થિક અસમાનતા છે. બહુ થોડા માણસો પાસે પોતે ખર્ચી કે વાપરી પણ ન શકે એટલું ધન એકઠું થયેલું હોય છે, જ્યારે સમાજનો બહુ મોટો ભાગ પૂરતો પોષક ખોરાક પણ ન મળે એવો દરિદ્ર હોય છે. આ અસમાનતા મજૂરીના દરના વિષમ ધોરણોને લઇને પેદા થઈ છે.

અત્યારે હોશિયાર વકીલ અથવા બૅરિસ્ટરને રોજના રૂપિયા એક હજાર ફી મળે છે, જ્યારે સાધારણ મજૂરને રોજના બાર આના કે રૂપિયો મળે છે. શરીરશ્રમ કરતાં બુદ્ધિની કિંમત બહુ વધારે આંકવામાં આવે છે તેને પરિણામે પણ આવી વિષમતા પેદા થાય છે. માણસ પોતાનું ગુજરાન શરીરશ્રમ કરીને ચલાવે અને બુદ્ધિનો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ઉપયોગ સમાજની સેવા માટે કરે તો આવી આર્થિક અસમાનતા પેદા થાય નહીં. એટલે સુધી આપણે ન જવું હોય તોપણ શરીર-શ્રમની અને બુદ્ધિની કિંમત એકસરખી આંકવામાં આવે તોપણ આવી અસમાનતા પેદા થાય નહીં. તેથી જ ગાંધીજીએ સર્વોદયના સિદ્ધાંત સમજાવતાં કહ્યું છે કે 'વકીલ તેમજ વાળંદ બન્નેના કામની કિંમત એકસરખી હોવી જોઇએ, કેમકે આજીવિકાનો હક્ક બધાને એકસરખો છે.'

## ૧૫ : વસ્તુના વાજબી ભાવ

મજૂરીના વાજબી દર નક્કી કરવામાં જે ધોરણ લગાડવામાં આવે છે તે જ ધોરણ વસ્તુના વાજબી ભાવ નક્કી કરવામાં પણ લગાડવું જોઈએ. આજે મોટે ભાગે ઉત્પાદન ઉપર કશું નિયંત્રણ હોતું નથી, એટલે કોઇ વસ્તુમાં નફો વધારે મળવા માંડે એટલે લોકો તે વસ્તુનું ઉત્પાદન કરવા પાછળ પડે છે અને સમાજમાં જરૂરી હોય તે કરતાં પણ વધારે ઉત્પાદન કરી નાંખે છે. તેને પરિણામે એ વસ્તુના ભાવ ગગડી જાય છે અને ઉત્પાદકો નુકસાનમાં આવી પડે છે. સર્વોદય સમાજમાં મોટા ભાગનું ઉત્પાદન તો ઉત્પાદકની પોતાની જરૂરિયાતને માટે જ હશે, એટલે એવી વસ્તુઓના ભાવ નક્કી કરવાપણું રહેશે નહીં. પરંતુ થોડી વધારાની વસ્તુઓ ઉત્પાદકને વેચવી પડશે અને તેના બદલામાં બીજી વસ્તુઓ બહારથી લેવી પડશે. આવી વસ્તુઓના ભાવ શા ધોરણે નક્કી થાય એ વિચારી લેવું જરૂરનું છે.

અત્યારે વસ્તુઓના ભાવ મોટે ભાગે એ રીતે નક્કી થાય છે કે બજારમાં તેની છત કેટલી છે અને તેને માટે ઘરાકોની માંગ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



કેટલી છે. આ એક જાતની હરીફાઈમાં વસ્તુઓનું સાચું મૂલ્ય શું છે તે તરફ કોઈ જોતું નથી. વસ્તુનું સાચું મૂલ્ય તો એ હોઈ શકે કે એ સમાજને ઉપયોગી હોવી જોઈએ અને એ ઉત્પન્ન કરતાં મજૂરને જેટલા દિવસો લાગે તેટલા દિવસો તેનું ગુજરાન ચાલી શકવું જોઈએ. આવું ત્યાં બની શકે જ્યાં ઉત્પાદક પોતે જ વસ્તુનો વેચનાર હોય. પણ મોટાં કારખાનાંમાં વસ્તુનો બનાવનાર એ કાંઈ વસ્તુનો વેચનાર હોતો નથી. વળી કામના એટલા બધા પેટા વિભાગ હોય છે કે અમુક માણસ વસ્તુનો બનાવનાર છે એમ પણ કહી શકાતું નથી. ત્યાં તો આપણે એમ જ કહી શકીએ કે દરેક મજૂરને મજૂરીના વાજબી દર મળવા જોઈએ. આવાં કારખાનાંઓમાં મજૂર, મુકાદમ, દરેક ખાતા માટે જવાબદાર માણસ તથા મૅનેજર એવા વિભાગો હોય છે. અને એ દરેક માણસના પગારમાં બહુ મોટાં અંતર હોય છે. સર્વોદયની દૃષ્ટિએ પગારના આવા તફાવત ઇષ્ટ નથી. અહીં આપણે ઓછામાં ઓછી કમાણી અને વધારેમાં વધારે કમાણીને લગતો જે નિયમ પાછલા પ્રકરણમાં આપ્યો છે તે લાગુ પાડવો જોઈએ.

આમ કહેવું સહેલું છે, પણ સમાજમાં અત્યારે ચાલતી અર્થ-વ્યવસ્થા અને ચાલતાં કિંમતનાં ધોરણો શી રીતે બદલવાં એ એક મોટો સવાલ છે. આજે નાના ખેડૂતો, પશુપાલકો, ગામડાંના કારી-ગરો જેઓ નાના પાયા ઉપર ઉત્પાદન કરે છે તેમને તેઓએ પેદા કરેલી વસ્તુઓની વાજબી કિંમત મળતી નથી. પરદેશોમાં અથવા મોટાં શહેરોમાં મુખ્ય મુખ્ય અનાજોના ભાવ તથા રૂના ભાવ નક્કી થાય છે. એ નક્કી કરતી વખતે એના ઉત્પાદકોનો વિચાર કરવામાં આવતો નથી, પણ એ વસ્તુ બજારમાં કેટલા જથામાં મળી શકે એમ છે તેનો જ વિચાર કરવામાં આવે છે. તેમાં મુખ્યત્વે હરી-ફાઈનું ધોરણ રાખીને જ વિચાર કરવામાં આવે છે. આ હરીફાઈમાંથી નીકળી જવાનો એક ધોરી માર્ગ અમે એ સૂચવ્યો છે, કે ગામડાંના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ઉત્પાદકોએ મોટે ભાગે પોતે તૈયાર કરેલી વસ્તુના વાપરનારા પોતે જ બનવું અને એ રીતે ગામડાંને સ્વયંસંપૂર્ણ કરવાં. જ્યાંસુધી આપણાં ગામડાં સ્વયંસંપૂર્ણ નહીં થાય ત્યાંસુધી તેઓ શહેરોની ચૂસ અથવા લૂંટમાંથી બચી શકવાનાં નથી. અત્યારે ગામડાં ભાંગતાં જાય છે અને શહેરો વધતાં જાય છે, તેનો ઉપાય પણ ગામડાંએ સ્વયંસંપૂર્ણ થવું એ જ છે. ગામડાં એવાં થશે ત્યારે શહેરો સાથે એટલે કે દુનિયાનાં બજારો સાથે તેઓ કુદરતી અને ન્યાયી સંબંધ બાંધી શકશે, ગામડાંઓ ઉપર રોકડ નાણુંના તકાદા નહીં હોય એટલે પોતાની પાસેની વધારાની વસ્તુઓ તેમને ઓછા ભાવે વેચવાની જરૂર નહીં પડે.

બીજી જરૂરી વસ્તુ એ છે કે ગામડાંના લોકોએ પોતાની અભિરુચિઓ બદલવી પડશે. આજે પોતાના ખોરાકની વસ્તુઓ, પોતાને પૂરતું પોષણ ન મળતું હોય છતાં, વેચી નાખીને શહેરની ફેન્સી અને તકલાદી વસ્તુઓ લેવા તેઓ મન કરે છે તેઓ ઘી–દૂધ વેચી નાંખીને પણ હોટેલની ચા પીવાનું મન કરે છે તથા કાચની બંગડીઓ લેવા લલચાય છે, અને મિલોનાં આંખને સારાં લાગે, પણ વસ્તુતઃ ઓછાં ટકે એવાં કપડાં લેવા પ્રેરાય છે. પીપર-મિંટની ટીકડીઓ અને ટોપી જેવી દાંતને બગાડનારી વસ્તુઓ ગામડે ગામડે દાખલ થઈ ગઈ છે. આ બાબતમાં લોકમત કેળવવાની જરૂર છે. સાચી કેળવણી એ જ આવી બધી ખરાબીનો ઉપાય છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

## ૧૬ : નાણાંવ્યવહાર

નાણાંની શોધ નીચેના હેતુઓ માટે થઈ છે :

૧. વસ્તુઓનો અદલોબદલો કરવાના એક સાધન તરીકે અને તે માટે વસ્તુઓની કિંમતનો નિર્ણય કરવા માટે;

૨. લેણદેણ માટે;

૩. સંચય માટે.

આ હેતુ દેખાય છે તો નિર્દોષ, પણ અત્યારે પ્રવર્તતી આર્થિક અસમાનતાને લીધે જેની પાસે નાણાં વધારે હોય તે જ ફાવી જાય છે. જ્યારે નાણાંની શોધ નહોતી થઈ ત્યારે વસ્તુવિનિમય ચાલતો. તેમાં અમુક વસ્તુ બનાવતાં જેટલો શ્રમ અને સમય લાગે તે ઉપરથી તેની કિંમતની આંકણી કરી વિનિમય કરવામાં આવતો. સંઘરવા માટે પણ માણસને અનાજ, ઢોર, ચામડાં, કપડાં વગેરે વસ્તુઓ જ સંઘરી રાખવી પડતી. એ વસ્તુઓને સાચવવા માટે માણસને હંમેશાં મહેનત કરવી પડતી અને કાળજી રાખવી પડતી, તેથી પોતે સહેલાઈથી સાચવી શકે તે કરતાં વધારે વસ્તુઓનો સંગ્રહ કે સંચય માણસ કરી શકતો નહીં. પોતાની પાસે સાચવી શકે તે કરતાં વધારે વસ્તુઓનો સંગ્રહ થાય ત્યારે તે પોતાના ગોત્રનાં, પોતાની ટોળીનાં કે પોતાના ગામનાં માણસોને ભેગાં કરી તેમને જમાડી દેતો, અને અનાજ ઉપરાંત કપડાં, ઢોર તથા બીજા રાચ-રચીલાનો વધારે પડતો સંગ્રહ થયો હોય તો તે તેમને ભેટ આપી દેતો. પછી તે કહેતો કે હવે હું તમારા જેવો જ થઈ ગયો છું; મારી પાસે કશું વધારાનું રહ્યું નથી. આનો હેતુ એ હતો કે બીજા માણસોના ઈર્ષાપાત્ર ન થવું પણ આજે તો નાણાં સહેલાઈથી સંઘરી શકાય છે, એટલે માણસને આવું કશું કરવાની જરૂર પડતી નથી. પોતાનો વૈભવ દેખાડવા જમણવાર કરે, લહાણાં વહેંચે કે બીજાં ખર્ચ કરે, એ જુદી વાત છે. આજે તો જેની પાસે નાણાં હોય

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



તે અનેક માણુસો ઉપર વસ્તુઓ અને સેવાઓ આપવાના હુકમ છોડી શકે છે, અથવા પોતાનાં વિવિધ કામકાજ માટે તેમને રોકી શકે છે. ખિસ્સામાં નોટોનું બંડલ લઈ દેશમાં ગમે ત્યાં ફરી શકે છે, અને જે સગવડો જોઇએ તે મેળવી શકે છે. પોતાના દેશના ચલણુને પરદેશના ચલણુમાં ફેરવી નાંખી, આખી દુનિયામાં પણ તે ફરી શકે છે. ટૂંકમાં, જેની પાસે વધારે નાણાં હોય તેને આળસુ રહી બીજાની સેવાઓ લેવાનો તથા અનેક જાતનો મોજશોખ ભોગવવાનો અધિકાર મળે છે.

ખેડૂતો પાસેથી જમીન–મહેસૂલ તરીકે તથા લોકો પાસેથી અનેક કરવેરાના રૂપમાં સરકાર નાણાં માંગે છે, પણ નાણાં ખેડૂતોને ત્યાં અથવા લોકોને ત્યાં પાકતાં નથી. સિક્કા અથવા નોટો પાડવાનો ઈજારો સરકાર પાસે હોય છે. સરકાર કરતાં પણ નાણાંનું તંત્ર વધારે ભાગે શરાફો અને બેન્કરોના હાથમાં હોય છે. તેઓ હૂંડીઓ દ્વારા તથા મિલકતદારોને વગર થાપણે કેવળ તેમની આંટ ઉપર ચેક લખવાની સત્તા આપીને તથા બીજી અનેક કરામતો કરીને બજારમાં અદૃશ્ય નાણાં ફરતાં કરે છે. એ નાણાંને જ્યારે પાછાં ખેંચી લેવાં હોય ત્યારે પાછાં પણ ખેંચી લઈ શકે છે. તેઓ પોતાની સગવડ મુજબ નાણાંની છત અથવા તંગી પેદા કરી આર્થિક કટોકટી ઊભી કરી શકે છે. નાણાંની છત વધારે પડતી થઈ જાય ત્યારે બજારમાં મોંઘવારી થાય છે. નાણાંની તંગી વધારે પડતી થાય ત્યારે બજારમાં સોંઘવારી થાય છે. આ પ્રમાણે લોકોને જરૂરની વસ્તુઓના ભાવમાં મોટી ઊથલપાથલો થાય છે. આનો ખાસ લાભ તો નાણાંવ્યવહારમાં કાબેલ માણુસો જ ઉઠાવી જાય છે. જ્યારે ખેડૂતનો પાક પાકે છે ત્યારે જ તેને જમીન-મહેસૂલના હપતા ભરવાના હોય છે. જમીન–મહેસૂલ અમુક મુદતમાં જ ભરી દેવાનું હોઈ, તે પોતાનો પાક વેચી નાણાં ઊભાં કરવાની પેરવીમાં પડે છે. તે વખતે તેની ગરજ જોઈને વેપારીઓ ખેડૂતના પાકના ઓછા ભાવ આપે છે અને ખેડૂતને સસ્તે દરે પોતાનો પાક વેચી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

નાંખવો પડે છે. પછી જ્યારે ચોમાસું આવે ત્યારે ખેડૂતને બી ખરીદવા, ખાતર ખરીદવા તથા ખેતીના કામમાં રોકેલા દહાડિયાઓને મજૂરી આપવા રોકડ નાણાંની જરૂર પડે છે. મોટા ભાગના ખેડૂતો પાસે તો તે વખતે ખાવા માટે અનાજ પણ હોતું નથી. તે વખતે વેપારીઓ અનાજની મોંઘવારી કરી નાંખે છે. શાહુકારો ખેડૂતની ગરજ વર્તી ખેડૂતો પાસેથી વ્યાજનો દર પણ વધારે લે છે.

સર્વોદય સમાજમાં વ્યાજ, ગણોત કે ભાડાની આવક થઈજ ન શકે એવો નિયમ હોવો જોઈએ, કારણ આવી જાતની આવકને લીધે માણસ આળસુ રહીને ગુજરાન ચલાવી શકે છે અને મહેનતમજૂરી કરનારા લોકો ઉપર તેનો બોજો પડે છે.

નાણાંનું આખું તંત્ર કંઈક અંશે સરકાર પાસે, પણ ઘણે વધારે અંશે શરાફો અને બેન્કરો પાસે હોવાથી અને શાહુકારો પણ તેમના મળતિયા હોવાથી એ થોડા માણસોના હવાલામાં પડેલાં નાણાં વડે ખેડૂતોને પોતાનો વ્યવહાર ચલાવવાનો હોય છે.

ખરીદવેચાણ કરવા, લેણદેણની પતાવટ કરવા, જમીનમહેસૂલ તથા કરવેરા ભરવા, લોકોને નાણાંની જરૂર પડે છે, પણ ઉપર કહ્યું તેમ ખેડૂતના ખેતરમાં અથવા લોકોના ઘરમાં નાણાં પાકતાં નથી. સરકારને ત્યાં તથા શરાફો અને બૅન્કરોને ત્યાં જાદુગરના આંબાની માફક એનું સર્જન થાય છે. નાણાંની ગરજને કારણે લોકોને નાણાંના સર્જનહારોના અંકુશ નીચે અથવા તેમને આશરે જવું પડે છે. તેઓ પોતાની સગવડ મુજબ નાણાંનો ભાવ વધારી કે ઘટાડી શકે છે. ઉપર કહેવામાં આવ્યું છે કે નાણાંનો ભાવ ઘટે ત્યારે મોંઘવારી થાય છે અને નાણાંનો ભાવ વધે ત્યારે સોંઘવારી થાય છે. મોંઘવારી થાય ત્યારે બાંધી આવકવાળા માણસોને તથા લેણદારોને નુકસાન થાય છે. કોઈ માણસે સોંઘવારી વખતે નાણાં ધીર્યાં હોય અને મોંઘવારી વખતે એને એ નાણાં પાછાં મળે તો ધીરતી વખતે એ નાણાંમાંથી જેટલી વસ્તુઓ તે ખરીદી શકત તે કરતાં નાણાં વસૂલ આવે ત્યારે તે ઘણી ઓછી વસ્તુઓ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ખરીદી શકે છે, એટલે નાણુંનો ભાવ ઘટવાથી લેણદાર ગરીબ બને છે અને નાણુંનો ભાવ વધી જાય તો દેણદારો માટે મોટી હાડમારી ઊભી થાય છે. નાણુંનો ભાવ વધે કે ઘટે એટલે માણસ આજે પોતાને માનતો હોય તે કરતાં અર્ધો કે બમણો ગરીબ અથવા શ્રીમંત થઈ જાય છે. કોઈ ખેડૂત પાસે ધારો કે દશ વીઘાં જમીન છે. તેની કિંમત અમુક વર્ષ પહેલાં આઠ કે દશ હજાર ગણાતી હોય. તેના આજે તેને બે હજાર પણ માંડ ઊપજે એવી સ્થિતિ હોય, તો તે આજે એટલો ગરીબ ગણાય. આમ નાણુંના ભાવની ઊથલપાથલને લીધે માણસની આખી સ્થિતિ પલટાઈ જાય છે. નાણુંના મૂલ્યમાં થતી વધઘટને લીધે બજારમાં વસ્તુઓના ભાવ સ્થિર રહેતા નથી; ખેડૂતોને તથા કારીગરોને પોતાની મજૂરીથી તૈયાર કરેલા માલના કેવા ભાવ આવશે તેની કશી ખબર પડતી નથી.

છતાં આજે નાણુંવ્યવહાર એટલો વ્યાપક થઈ ગયો છે કે નાણું વિના માણસનું કશું કામ ચાલી શકતું નથી. નાણુંની જાળ એવી પથરાઈ ગયેલી છે કે તેમાંથી છૂટવું માણસને માટે મુશ્કેલ થઈ પડ્યું છે. ખેડૂત જે અનાજ પકવે છે અને જેને ઘેર દુઝાણું પણ હોય છે તેને નાણુંની ઓછી જરૂર પડે એમ આપણે માનીએ. પણ હકીકતમાં એમ બનતું નથી; ખેડૂતને પણ કેટલુંક અનાજ બહારથી ખરીદવાનું હોય છે. વળી તે કપાસ, મગફળી, તમાકુ જેવા બજારુ પાક પકવે છે તે એને વેચવાના હોય છે. એ દુઝાણું રાખે છે ખરો, પણ મોટા ભાગના ખેડૂતો ભેંસો રાખતા હોવાથી તેની ખેતી માટે બળદ વેચાતા લેવાના હોય છે. તે ઉપરાંત હળ તથા ખેતીનાં બીજાં ઓજારો તેમજ ગાડું તેને વેચાતાં લેવાનાં હોય છે. આ ઉપરાંત કપડાં, ઘાસતેલ, ફાનસ, દીવાસળીની પેટી, ચા, ખાંડ એવી ઘણી ચીજો તેને વેચાતી લેવાની હોય છે. ઘણાખરા ખેડૂતો સંચે દળાવે ખાંડાવે છે, તેમને બહારગામ જવું હોય ત્યારે તેઓ મોટરબસમાં અથવા આગગાડીમાં બેસે છે, તે માટે પણ તેમને પૈસાની જરૂર પડે છે. તેમને દર વર્ષે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



જમીન–મહેસૂલ અથવા ગણોત નાણાંમાં આપવાનું હોય છે. જો તે દેવાદાર હોય તો દેવાનું વ્યાજ અને મૂળ રકમના હપતા તેને નાણાંમાં ભરવાનાં હોય છે. જીવનની પ્રાથમિક જરૂરિયાતો ઉત્પન્ન કરનાર ખેડૂતને આવી રીતે નાણાં વિના ચાલતું નથી તો પછી બીજા લોકોની તો વાત જ શી કરવી? માણસ ગમે તે ધંધો કરતો હોય, પણ તેનું લક્ષ્ય તેમાંથી કેટલાં નાણાં મળશે તે ઉપર જ રહે છે. આમ દુનિયા નાણાં પાછળ દોડતી જોવામાં આવે છે.

અત્યારે પ્રવર્તતી આર્થિક અસમાનતા અને હરીફાઇને લીધે દરેક માણસ નાણાંમાંથી સરખો લાભ ઉઠાવી શકતો નથી. ધારો કે એક શ્રીમંત માણસને પોતાના કૂતરાને પાવા દૂધ જોઈએ છે અને એક ગરીબ માણસને પોતાના માંદા બાળકને પાવા દૂધ જોઈએ છે. બંને જણા બજારમાં દૂધ લેવા જાય છે. શ્રીમંત માણસને પૈસાની કશી તમા નહીં હોવાથી તે વધારે ભાવ આપીને પણ પોતાના કૂતરાને પાવા દૂધ લઈ જશે, અને ગરીબ માણસ શ્રીમંતના જેટલા પૈસા આપી શકે એમ ન હોવાથી, પોતાના માંદા બાળકને માટે પણ દૂધ વેચાતું લઈ શકશે નહીં.

નાણાં વસ્તુઓની કિંમત નક્કી કરનારું એક સાધન ગણાય છે, પણ જીવનની દૃષ્ટિએ નાણાં સરખાં મૂલ્ય મૂલવી શકતું નથી. બે આનાનું અડધો શેર દૂધ અને બે આનાની વીસ પીપરમિંટની ગોળીઓ એ બેનું નાણામાં મૂલ્ય સરખું છે, પણ શરીરને પોષણ આપવાની દૃષ્ટિએ એના મૂલ્યમાં ઘણો ફરક છે. વળી કેટલીક વસ્તુઓ એવી આકર્ષક અને લલચાવનારી હોય છે કે માણસ જીવનની દૃષ્ટિએ આવશ્યક વસ્તુ છોડીને પણ નકામી વસ્તુઓ લેવા લલચાય છે. એક ગરીબ ખેડૂત અથવા મજૂર પાસે મર્યાદિત નાણાં છે, તેને શાકભાજી અથવા દૂધની જરૂર પણ છે, પણ તેની પાસે એક આનો કે બે આના હશે તો તે શાકભાજી અથવા દૂધ લેવાને બદલે તેની પીવાની બીડીઓ અથવા સિગરેટ લેશે. આમાં તો નુકસાનકારક વસ્તુને જરૂરિયાત

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



માનવાની ટેવ અથવા ખોટી કેળવણી એ કારણ છે.

નાણાંવ્યવહારની જાળમાંથી છૂટવાનો ઉપાય આપણાં ગામડાંઓ માટે એક જ છે અને તે એ કે તેમણે સ્વાવલંબી અને સ્વયંસંપૂર્ણ થઈ જવું. ગામડાંઓએ પોતાની જરૂરની બધી વસ્તુઓ પકવી લેવી જોઈએ. ભેંસ રાખવાને બદલે ગાય રાખવી જોઈએ અને શાસ્ત્રીય રીતે ગોપાલન કરી ગાયની ઓલાદ સુધારવી જોઈએ. ગાય એ એવડો હેતુ સારનારું પ્રાણી છે. તેની પાસેથી આપણને ઘી-દૂધ પણ પૂરતા પ્રમાણમાં મળી શકે અને ખેતી માટે અનિવાર્ય બળદ પણ મળી શકે. વળી કપડાં માટે કપાસ પકવવો જોઈએ અને કાંતવા સુધીની બધી ક્રિયાઓ ખેડૂતોએ પોતાના ઘરમાં જ ખેતીમાંથી મળતા ફાજલ વખતમાં કરી લેવી જોઈએ. એ સૂતર ગામના વણકર પાસે વણકરીના બદલામાં અનાજ આપીને વણાવી લેવું જોઈએ. ખેડૂતોએ પકવેલા તલ અથવા મગફળી ગામના ઘાંચીની ઘાણીમાં પિલાવીને તેનું તેલ વાપરવું જોઈએ. ઘાંચીને પણ મહેનતાણા બદલ અનાજ આપી શકાય. પોતાને જોઈતાં શાકભાજી તો ખેડૂતે પોતે જ ઉગાડી લેવા જોઈએ. દીવા માટે જો એ કેરોસીન વાપરે તો એ એને બહારથી લાવવાનું રહે, પણ દિવેલ વાપરે તો દિવેલી પકવી લઈ ગામના ઘાંચી પાસે તે પિલાવીને દિવેલ મેળવી શકે. ગામની ખેતી સહકારી પદ્ધતિએ કરવામાં આવે તો ખેડૂતોને શ્રમનો ઘણો બચાવ થાય. દરેક ખેડૂતને છૂટક છૂટક કરવા પડતાં કેટલાંય કામો સહકારી ઢબે કરવામાં આવે તો ઘણા માણસો રોકાવાને બદલે એકાદ બે માણસોને રોકવાથી એ કામ પતી જાય. સહકારી ઢબે ખેતી કરવા માટે ખેડૂતનું માનસ કેળવવાની જરૂર છે. શરૂઆતમાં થોડાં મોટાં કામો સહકારી ઢબે કરવામાં આવે અને તેમાં સફળતા મળે તેમ ધીમે ધીમે એ કામોનો વ્યાપ વધારતા જઈ બધાં કામો સહકારી ઢબે ગોઠવી શકાય. ધીમે ધીમે ગામડાંના કારીગરોને પણ સહકારી મંડળીમાં સભ્ય બનાવી શકાય. આજે જેઓ શાહુકારી કરે છે તેમનું માનસ પલટાય તો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



તેમનો ઉપયોગ પણ ખેતીસુધાર તથા ખેતીની ખિલવણીનાં કામોમાં તથા ગામડાંના કારીગરોના ઉદ્યોગધંધાને ખીલવવામાં તથા વ્યવસ્થિત કરવામાં થઈ શકે.

બીજો ઉપાય એ છે કે સોનારૂપાને તથા એના પ્રતીકરૂપ કાગળની નોટોને ફરજિયાત નાણું ન રાખવું જોઈએ. આની પાછળ સિદ્ધાંત એટલો જ છે કે જે વસ્તુઓ આમપ્રજા પોતાની મહેનતથી પેદા કરવાની શક્તિ ધરાવતી હોય તે જ વિનિમયનું સાધન હોવું જોઈએ. ત્યારે શું માણસે વસ્તુ ખરીદવા માટે ઘઉં કે ચોખાનો કોથળો ઉપાડી બજારમાં જવું ? ના. જેને અનાજ વગેરેનો આધાર હોય એવી કાગળની નોટો કાઢી શકાય. અમારી સૂચના એવી છે કે આવી બધી વસ્તુઓના ભાવ નક્કી કરવામાં આવે અને સરકારનું ચલણ ખાતું આવી વસ્તુઓને તેના નક્કી કરેલા ભાવે પોતાનાં મહેસૂલ તથા કરના ભરણા તરીકે સ્વીકારવા બંધાય. વળી કોઈ વેચવા આવે તો તેની પાસેથી એ વસ્તુઓને અમર્યાદ જથ્થામાં ખરીદવા, અને ખરીદવા આવે તો એ વસ્તુઓને અમર્યાદ જથ્થામાં વેચવા પણ બંધાય; જેમ આજની ચલણી નોટના બદલામાં રૂપિયા આપવા કે લેવા બંધાય તેમ. આમાં સરકારને અનુકૂળ સ્થળોએ અનાજના અથવા ચલણ તરીકે નક્કી કરેલી વસ્તુઓના ભંડારો રાખવા પડે. આમાં ખરીદ અને વેચાણનો ભાવ એક રાખવો કે એમાં સહેજ ફેરફાર રાખવો એ વિગતનો પ્રશ્ન છે. ફેરફાર એટલા માટે કે ચલણ માટે નક્કી થયેલો કાચો માલ પોતાના ભંડારોમાં વહી જવાનું અને ત્યાં સાચવવાનું ખર્ચ સરકારને પડે. આવું ખર્ચ પા, અડધા ટકાથી વધારે ન આવે. અને સરકાર જો એ ભોગવી લે તોપણ તેમાં સરકારનું એકંદર ખર્ચ બહુ વધી જવાનો સંભવ નથી. પણ વેચાણભાવ કરતાં ખરીદ ભાવ અડધો ટકો ઓછો રાખવામાં આવે તો લોકો કશો વાંધો ઊઠાવે નહીં. ચલણી નોટો સામે તેના અમુક ટકા સોનું કે રૂપું રાખવામાં આવે છે તેમ આ યોજનામાં ચલણની આધારભૂત વસ્તુઓ, સોએ સો ટકા કિંમતની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



અનામત રાખવામાં આવે, જેથી સરકારને વધારે પડતી નોટો છાપવાની લાલચ કદી ઊભી થાય નહીં.

આપણા દેશ માટે આવી યોજના કરવી હોય તો ચલણના આધાર અથવા પાયા તરીકે નીચેની વસ્તુઓ રાખવાનું અનુકૂળ આવે એમ લાગે છે :

| | | |
|---|---|---|
| ઘઉં | ઘી | હાથે કાંતેલું સૂતર |
| ચોખા | તેલ | ખાદી |
| જવ | સરસિયું | શણ |
| અળસી | ગોળ | ગૂણપાટ |
| સરસવ | રૂ | પકવેલાં ચામડાં |
| કોપરું | કપાસિયા | વગેરે |
| મગફળી | | |

આ યાદી કેવળ નમૂનારૂપ છે. તેમાં આપેલી વસ્તુઓમાં વધઘટ કરી શકાય.

ઉપરની યોજનામાં એક મુશ્કેલી રહેલી છે. ઉપરની બધી વસ્તુઓ એક જાતની ન હોય, ગુણમાં ચઢિયાતી ઊતરતી હોય. આનો ઉકેલ એ છે કે કઈ વસ્તુઓને પ્રમાણયોગ્ય (સ્ટૅન્ડર્ડ) ગણવી તે ઠરાવવામાં આવે. દાખલા તરીકે, કોઈ માણસ ઘઉં આપવા આવે તે પ્રમાણયોગ્ય કરતાં ચઢતા ઊતરતા, ચોખ્ખા–અચોખ્ખા હોય, તો તેનો ફરક ઠરાવી લેવામાં આવે. લેનાર દેનાર વચ્ચે એ વિશે મતભેદ થાય તો બંને માન્ય હોય તેવા ધર્મના કાંટાના પરીખો જે નિર્ણય આપે તે છેવટનો ગણાય.

આપણાં ગામડાંને બને તેટલાં સ્વયંસંપૂર્ણ કરીએ તો આવી રીતની લેવડદેવડનો વહેવાર આજે છે તેના કરતાં ઘણો ઓછો થઈ જાય. એટલે પણ ચલણના આધારરૂપે અમુક નક્કી કરેલી વસ્તુઓને રાખવામાં બહુ મુશ્કેલી ન આવે.

બીજી યોજના એવી પણ કરી શકાય કે નોટોના આધાર તરીકે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

મજૂરી રાખી શકાય. એને ‘ લેબર નોટ ’ કહે છે. માણસ એક દિવસ મજૂરી કરે તેને એક દિવસની મજૂરીની એક નોટ મળે. પ્રાથમિક જરૂરિયાતના ભાવ બનતાં સુધી સ્થિર રહે એ આમ જનતાની દૃષ્ટિએ સગવડભરેલું છે. એટલે મજૂરીની નોટમાંથી પોતાની જરૂરિયાતની બધી વસ્તુઓ માણસને મળી રહે. આવી નોટોનો પણ સંગ્રહ કરવાની લાલચમાં માણસ ન પડે એટલા માટે એવો નિયમ રાખી શકાય કે નોટ ચલણમાં મૂકવામાં આવે ત્યાર પછી બે કે ત્રણ વરસ જ તે ચાલી શકે, પછી તે રદ થઈ જાય. એટલે માણસ પાસે નકામો પરિગ્રહ થઈ જ ન શકે. પણ આની સાથે બિમાર, વૃદ્ધ અથવા અશક્તના નિર્વાહની જવાબદારી સમાજે એટલે ગ્રામલોકોએ ઉપાડવાને તૈયાર રહેવું જોઈએ.

## ૧૭ : વર્ણાશ્રમધર્મ

આજ સુધી ઇતિહાસકારો એમ માનતા આવ્યા છે કે આર્યો હિંદુસ્તાનમાં આવ્યા ત્યાર પછી જ અહીં સુધારો શરૂ થયો. પણ કેટલાક પ્રાચીન અવશેષોના સંશોધન ઉપરથી એમ સાબિત થયું છે કે આપણા દેશમાં આર્યો આવ્યા તે પહેલાં પણ સંસ્કૃતિનો વિકાસ થયો હતો. મોહેં-જો-દડો અને હડપ્પાના અવશેષો બતાવે છે કે હિંદુસ્તાનમાં આર્યોના આગમન પહેલાં શહેરો પણ હતાં. નર્મદા નદીની ખીણમાં પણ આર્યો પહેલાંની સંસ્કૃતિના એવા અવશેષો હાથ લાગ્યા છે. એ બધું અહીં પ્રસ્તુત નથી; અહીં તો એટલું જ કહેવું છે કે જ્ઞાતિવ્યવસ્થા હિંદુસ્તાનમાં આર્યોના આગમન પહેલાં પ્રચલિત હોય એમ લાગે છે. ઘણા ઇતિહાસકારો એમ માને છે કે ગ્રામપંચાયતો પણ હિંદુસ્તાનમાં આર્યોના આગમન પહેલાંની છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



આર્યો જ્યારે હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે તેમનામાં વર્ણભેદ જેવી કોઈ વસ્તુ નહોતી; એ એકવર્ણી સમાજ હતો. આર્યોનો રંગ ગોરો હતો. એમ મનાય છે કે એમની પહેલાં અહીં રહેનારા લોકો કાળા વર્ણના હતા. શિવ, કાળી, કૃષ્ણ વગેરે જે દેવોની અત્યારે આપણે પૂજા કરીએ છીએ તે આર્ય લોકોની પહેલાંની પ્રજાના દેવો હતા. આર્ય લોકોના દેવો ઈંદ્ર, વરુણ, વાયુ વગેરેની અત્યારે કોઈ પૂજા કરતું નથી, એટલે આપણે આર્ય સંસ્કૃતિનો ગમે તેટલો દાવો કરીએ, પણ આપણી સંસ્કૃતિ આર્ય અને તેઓ આવ્યા તે પહેલાં આપણા દેશમાં જે લોકો રહેતા હતા તેમની મિશ્ર સંસ્કૃતિ છે.

આર્યો હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે એમનામાં એક જ વર્ણ હતો. મહાભારતમાં એવું વિધાન છે કે પ્રથમ એક જ વર્ણ હતો. જૂની જ્ઞાતિવ્યવસ્થામાં સુધારો કરી આર્યોએ વર્ણવ્યવસ્થાની યોજના કરી હોય એમ લાગે છે. એ અર્થમાં વર્ણવ્યવસ્થા આર્યોની એક મહાન શોધ લાગે છે. વર્ણાશ્રમધર્મ એ હિંદુ ધર્મનું એક મુખ્ય અંગ છે. આજે તેનો લોપ થવાથી હિંદુ સમાજ નિસ્તેજ બન્યો છે. આપણા દેશમાં અનેક ભક્તો અને સુધારકોએ જ્ઞાતિવ્યવસ્થાની સામે બંડ ઉઠાવેલું છે, છતાં તેણે ફરી ફરીને માથું ઊંચક્યું છે અને ચાલુ રહી છે. છેલ્લામાં છેલ્લું બંડ ગાંધીજીનું કહી શકાય. તેમણે તો એટલે સુધી કહ્યું છે કે હિંદુ સમાજમાંથી અસ્પૃશ્યતા અને ઊંચનીચના ભેદ નાબૂદ નહીં થાય તો હિંદુ સમાજનો નાશ થઈ જવાનો છે. છતાં હજી આપણા સમાજનો મોટો ભાગ, ખાસ કરીને ગામડાં, અસ્પૃશ્યતાને વળગી રહ્યાં છે; જો કે સરકારે કાયદાથી અસ્પૃશ્યતાનો નિષેધ કર્યો છે, એટલે સુધારકોને બળ મળ્યું છે. નવો જમાનો પણ એને અનુકૂળ નથી. એટલે અસ્પૃશ્યતાનો અને ઊંચનીચના ભેદભાવનો નાશ નિશ્ચિત છે. એ માત્ર થોડા વખતનો સવાલ છે. એ વખત વહેલો લાવવો એ સુધારકોના હાથમાં છે.

સ્મૃતિકારોએ પ્રથમ ત્રણ અને પાછળથી ચાર વર્ણોની યોજના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

કરી છે. આ વર્ણો પોતપોતાના ધંધા અને એ ધંધા પાછળ રહેલી વૃત્તિ મુજબ હસ્તીમાં આવ્યા છે. એમ તો સમાજમાં ધંધા ચાર કરતાં ઘણા વધારે છે. મુખ્ય ધંધા અઢાર ગણીને આપણામાં 'અઢાર વર્ણ' એમ પણ બોલાય છે, પરંતુ ધંધા જુદા જુદા હોવા છતાં, દાખલા તરીકે, ખેડૂત, ગોપાલ, વણકર, લુહાર, સુથાર, વણઝારા, વેપારી—એ બધા અર્થોત્પાદનના ધંધા પાછળ જીવનની વૃત્તિ એક જ પ્રકારની હોય છે; એટલે એ બધાને વશ્ય વર્ણમાં ગણ્યા છે; જ્યારે સમાજને જ્ઞાનસંપન્ન, સંસ્કારી અને ધર્મપરાયણ બનાવનાર અધ્યાપક કે ધર્મોપદેશકની વૃત્તિ જુદા પ્રકારની હોય, તેમને બ્રાહ્મણ વર્ણમાં ગણ્યા છે. મનુસ્મૃતિમાં બ્રાહ્મણો માટે છ કર્મો ગણાવ્યાં છે, તેમાંથી ત્રણ અધ્યાપન, યજન (યજ્ઞો કરાવવા) અને પ્રતિગ્રહણ (દાન સ્વીકારવું) આજીવિકા માટે, અને બીજાં ત્રણ અધ્યયન, યજન અને દાન એ ધર્મને સારુ, એટલે કે સમાજસેવા સારુ છે, એમ કહ્યું છે.

અધ્યયન, ચિંતન તથા સંસ્કારપોષણને જીવનમાં પ્રાધાન્ય આપી, સમાજ પાસેથી વણમાગ્યે જે કાંઈ મળી રહે તેમાં સંતોષ માની સાદાઈ અને સંયમથી રહી સમાજનાં સંસ્કાર, જ્ઞાન, કૌશલ તથા તેજસ્વિતા વધારવાને જે લોકો શુદ્ધ સેવાપરાયણ જીવન ગાળે તે બ્રાહ્મણ. આજના જમાનામાં શિક્ષકો, ધર્માચાર્યો, કવિઓ, સાહિત્યકારો, શોધકો, કળાધરો જો ઉપર જણાવેલી વૃત્તિથી જીવન ગાળતા હોય તો બ્રાહ્મણ વર્ણમાં આવી શકે. જે રાષ્ટ્રનેતાઓ પોતાના શુદ્ધ અને સાત્ત્વિક જીવનની આધ્યાત્મિક અસરથી જ લોકોના જીવન ઉપર અસર પાડીને તેમને ઉન્નતિને પંથે દોરે તેઓ પણ આ વર્ણમાં આવે.

ક્ષત્રિયનું કામ પરદેશી આક્રમણ સામે તથા ચોરલૂંટારા સામે પ્રજાનું રક્ષણ કરી, સમાજમાં કોઈ કોઈને લૂંટે નહીં, એટલું જ નહીં, પણ કોઈ કોઈને અન્યાય પણ ન કરે એવી સુવ્યવસ્થા સ્થાપવાનું તથા સંભાળવાનું છે. ક્ષત્રિયનો આદર્શ યુદ્ધ નથી, તેમ તેનાં સાધનો

સ. ૭

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



દંડ, હિંસા કે કતલ નથી, એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે; ક્ષત્રિયનો આદર્શ તો નિર્બળનું રક્ષણ, દુઃખીનું દુઃખનિવારણ, પીડિત અને દલિતની શોષણમાંથી મુક્તિ, ટૂંકમાં, અન્યાય અને જુલમની સામે વહારે ધાવાનો છે.

ત્રીજો વૈશ્ય વર્ણ. એમાં સર્વ પ્રકારના ધંધાવાળા આવી જાય છે. સમાજનાં નિત્ય વધતાં જતાં ભિન્ન ભિન્ન અંગોને જરૂરી વસ્તુઓ પૂરી પાડવાનું તથા સમાજને ઉપયોગી એવી અનેક પ્રકારની સેવાઓ વળતર લઈ ને આપવાનું કામ તેઓ કરે છે. કારીગરો, વેપારીઓ અને કારખાનાદારો આ વર્ણમાં આવે છે.

જે લોકો બતાવેલું મહેનતમજૂરીનું કામ કરી તથા અંગત સેવાચાકરી કરી, પોતાની આજીવિકા મેળવે છે, તેઓ શૂદ્ર વર્ણમાં આવે.

અહીં ધ્યાનમાં રાખવાનું છે કે કોઈ પણ વર્ણનો માણસ ધર્મ સમજીને પ્રામાણિકપણે પોતાનું કામ કરે તો તે બીજા વર્ણના માણસ કરતાં ઊંચો કે નીચો નથી. આપણા સમાજમાં અમુક વર્ણ ઊંચો અને અમુક વર્ણ નીચો એવી જે માન્યતા પ્રવર્તે છે તે સર્વોદય સમાજમાં હસ્તી ધરાવી શકે નહીં. બ્રાહ્મણ અને ભંગી પોતપોતાનાં કામ ધર્મ સમજીને અને પ્રમાદરહિત થઈને કરે તો બંને સરખા છે. ખરી રીતે તો ભંગીનો અલગ ધંધો જ નીકળી જવો જોઇએ. પોતાનું મેલું પોતે જ સાફ કરી લે, પણ એ ગામડાંમાં બની શકે, શહેરોમાં ભંગીને માથે મેલું ઉપાડીને જવું પડે છે એ ખરેખર કરુણ દૃશ્ય છે. એ વસ્તુ નાબૂદ કરવા માટે બધાં શહેરોમાં ફલશનાં જાજરૂ રાખવાં એ ઈષ્ટ છે.

સર્વોદયમાં લડાઈનો ધંધો કરનારા સૈનિક વર્ગની જરૂર પણ નહિ હોય. એ અર્થમાં ક્ષત્રિય વર્ણની જરૂર ન હોવી જોઈએ; છતાં નિર્બળની વહારે ધાનારા, દીનદુઃખીને મદદ કરનારા એવા વર્ગની જરૂર તો રહેશે, પણ એ વર્ગ જુદો નહીં હોય. માણસ માત્રની એ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

ફરજ ગણાશે. તે જ પ્રમાણે સમાજમાંથી શૂદ્ર વર્ણ પણ નાબૂદ થવો જોઈએ. શિક્ષણશાસ્ત્રમાં તથા કેળવણીની પદ્ધતિમાં નવા નવા પ્રયોગો કરી દુનિયાના કોઈ પણ દેશમાં કોઈ પણ માણસ કેળવણી, સંસ્કાર અને કોઈને કોઈ કામની આવડત વિનાનો ન રહે, એવી વ્યવસ્થા કરી શૂદ્ર વર્ણને નાબૂદ કરવાનો પ્રયત્ન થવો જોઈએ. નઈ તાલીમ કેળવણીની એવી પદ્ધતિ છે જેથી કેળવણી સૌને સુલભ થઈ શકે.

ગીતાજીમાં વર્ણવ્યવસ્થા ગુણકર્મવિભાગશઃ છે એમ કહ્યું છે. ગુણ ઘણે ભાગે આનુવંશિક હોય છે, એટલે વંશપરંપરા ઊતરી આવે છે. કર્મ અથવા આજીવિકાના ઉદ્યોગધંધામાં પણ અમુક કૌશલ વંશપરંપરાથી મળે છે. જે કુટુંબમાં જે ધંધો ચાલતો હોય તેના વાતાવરણની અસર બાળક જન્મે ત્યારથી જ તેની ઉપર થવા માંડે છે. સુથારના દીકરાને બાપદાદાનું કૌશલ વારસામાં મળે છે. તે ઉપરાંત ગળથૂથીમાંથી જ એની સુથારીની કેળવણી શરૂ થાય છે. સુથારના દીકરાને સુથાર થવાની જેટલી તકો મળે છે તેટલી બીજી કોમના બાળકોને સ્વાભાવિક રીતે મળતી નથી; એટલે ગુણકર્મ અનુસાર વિભાગ પાડવામાં ઘણુંખરું જન્મને અનુસરવામાં આવે તો તેમાં જ ઓછામાં ઓછા શ્રમે વધારેમાં વધારે કૌશલ મળવાનો સંભવ છે. વર્ણને જન્મની સાથે અનિવાર્ય નહિ તોપણ બહુ નિકટનો સંબંધ છે. સઘળા વર્ણો પોતાની વંશશુદ્ધિ અને કુળપરંપરાઓ કાળજીપૂર્વક જાળવી રાખે અને જે વર્ણમાં જે જન્મે તે તે વર્ણનાં કર્મ ધર્મબુદ્ધિથી કરે તો તે તે વર્ણ અને કુળના ગુણો સારી રીતે ખીલવવામાં કુદરત મોટી સગવડ કરી આપે છે તથા શક્તિ અને શ્રમનો ઘણો બચાવ થાય છે. આ વર્ણવ્યવસ્થાનો મોટામાં મોટો લાભ છે.

છતાં ગમે તેવો સારો નિયમ પણ અપવાદ ન સ્વીકારે તો હાનિકારક થઈ પડે છે. પ્લેટોએ વંશવૃદ્ધિ માટે કાળજી રાખવાનું આગ્રહપૂર્વક કહ્યા છતાં કહ્યું છે કે છેવટે માણસ માત્ર અસલ એક જ મૂળમાંથી ઊતરી આવેલો હોઈ એક વર્ણનાં માણસો બીજા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



વર્ણનાં માણસોના સ્વભાવ અને ગુણ ધારણ કરતાં જોવામાં આવશે. અને જ્યારે જ્યારે એવું જોવામાં આવે ત્યારે ત્યારે એને વર્ણ બદલવાની છૂટ હોવી જોઈએ. આપણા સ્મૃતિકારોએ પણ આવા અપવાદ ઠીક ઠીક પ્રમાણમાં સ્વીકાર્યા છે. વર્ણવ્યવસ્થા વિશેના પોતાના લેખસંગ્રહની પ્રસ્તાવનામાં ગાંધીજી કહે છે :

"વર્ણનો નિર્ણય સામાન્ય રીતે જન્મથી કરાય. અમુક અંશે કર્મથી પણ કરાય. બ્રાહ્મણનો છોકરો બ્રાહ્મણ કુળમાં જન્મી બ્રાહ્મણ તો કહેવાશે, પણ જો તે મોટો થઈ બ્રાહ્મણનાં લક્ષણ નહિ બતાવે તો તે ભલે બ્રાહ્મણ ગણાય, પણ તે પતિત થયો. તેથી ઊલટું, જે અન્ય વર્ણમાં જન્મી બ્રાહ્મણનાં લક્ષણ પ્રત્યક્ષ રીતે નિત્ય બતાવ્યાં જ કરશે તે પોતાને બ્રાહ્મણ તરીકે ન ગણાવતાં છતાં બ્રાહ્મણ ગણાવાને યોગ્ય હશે. જગત તેને બ્રાહ્મણ જ ગણશે."

અહીં એક મહત્ત્વની વસ્તુની નોંધ કરવી જોઈએ. અત્યારે આપણા દેશમાં જે જ્ઞાતિવ્યવસ્થા ચાલે છે તેને પ્રાચીન વર્ણવ્યવસ્થા સાથે તથા ઉપર તેની જે પુનર્ઘટના સૂચવી છે તેની સાથે કશો સંબંધ નથી. વર્ણવ્યવસ્થાની રચનાનો આધાર ગુણ અને કર્મ ઉપર એટલે કે સ્વભાવ, વૃત્તિ તથા ધંધાને કારણે જે સ્વાભાવિક કાર્ય-વિભાગ સમાજમાં પડે અને પડવા જોઈએ તેના ઉપર છે, જ્યારે જ્ઞાતિવ્યવસ્થા રોટીવ્યવહાર અને બેટીવ્યવહાર ઉપર ચાલે છે. માણસ રોટીબેટીવ્યવહારની મર્યાદા જાળવે, પછી તે ડબામાં પેક કરેલું માંસ વેચે કે બીજો હરકોઈ ધંધો કરે અથવા હરકોઈ દુરાચરણ કરે, તેની જ્ઞાતિને ઝાઝી પરવા નથી હોતી; જ્ઞાતિનો આધાર કેવળ જન્મ ઉપર છે. વર્ણ નક્કી કરવામાં જન્મ મહત્ત્વનો ભાગ ભજવે છે ખરો, પણ તેનો મુખ્ય આધાર ગુણકર્મ અને ધંધા ઉપર છે અને રહેવો જોઈએ. અમુક વર્ણમાં જન્મેલા માણસમાં તેના વર્ણનાં ગુણકર્મ ન હોય તો તે વર્ણભ્રષ્ટ ગણાય.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021





કેવળ આર્થિક દૃષ્ટિએ જોઈએ તો અત્યારે જે હરીફાઈ ચાલે છે તેના મૂળમાં આ વ્યવસ્થા પ્રહાર કરે છે, કારણ આ વ્યવસ્થા કોઈ પણ વર્ણના માણસને વધારે પડતો ધનસંચય કરવાની છૂટ આપતી નથી. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો "ત્રણ વર્ણો વધારે કમાય અને શૂદ્ર ઓછું કમાય અથવા ક્ષત્રિય એ મહેલે ચઢીને બેસે, બ્રાહ્મણ ભિક્ષુક એટલે ઝૂંપડામાં રહે, વૈશ્ય મોટી વાડીઓ વસાવે અને શૂદ્ર ઘરબાર વિનાનો ગુલામ થઈને રહે, એવી દયાજનક સ્થિતિ જ્યાં વર્ણધર્મનું પાલન થતું હોય ત્યાં હોઈ જ ન શકે, ન હોવી જોઈએ." તેથી ઊલટું, "આ વર્ણધર્મનું પાલન થાય તો અત્યારે જગતમાં જે વિષમતા વર્તે છે તેની જગાએ સમાનતાનું સામ્રાજ્ય બની રહે. બધા ધંધા પ્રતિષ્ઠામાં અને કિંમતમાં એકસરખા ગણાય. વજીર, વકીલ, દાક્તર, વેપારી, ચમાર, ભંગી અને બ્રાહ્મણ એકસરખું કમાય."

કોઈ પોતાની કુશળતાથી વધારે અર્થોત્પાદન કરે તો આ વ્યવસ્થામાં તેણે તેના માલિક બની બેસવાનું નથી. એ વિશે ગાંધીજી કહે છે: "આ વ્યવસ્થામાં જેની પાસે જે મિલકત હશે તેનો તે આખી પ્રજાને સારુ રખેવાળ અથવા સંરક્ષક હશે. પોતાને તેનો કદી માલિક નહિ માને. રાજા પોતાના મહેલનો અથવા પ્રજાની પાસે જે કર લે છે તેનો માલિક નથી, પણ એ એનો રખેવાળ છે. પોતાનું પેટ ભરવા પૂરતું લઈને બાકીનાનો ઉપયોગ તે પ્રજાને અર્થે કરવાને બંધાયેલો છે. એટલે કે પ્રજા પાસેથી એ જેટલું લેશે તેમાં પોતાની કાર્યદક્ષતાથી વધારો કરીને એ પ્રજાને કોઈ ને કોઈ રીતે પાછું વાળશે. તે જ પ્રમાણે વૈશ્યનું. પોતાના ધંધામાંથી અર્થપ્રાપ્તિ થાય, તેમાંથી સામાન્ય આજીવિકા પૂરતું રાખી બાકીનું સાર્વજનિક કલ્યાણને સારુ વાપરે." તેઓ આગળ કહે છે: "જ્યાં હરકોઈને ઉત્તમ ગણવામાં આવે છે, અર્થપ્રાપ્તિને પરમ પુરુષાર્થ ગણવામાં આવે છે, જ્યાં સૌ પોતાને ગમે તે ધંધો કરવાની પોતાને સારુ છૂટ માને છે, જ્યાં સૌ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



જે આર્થિક સ્થિતિ ભોગવે છે તેના કરતાં વધારે સિદ્ધ કરવાનો ધર્મ માને છે, એવા યુગમાં વર્ણધર્મ એ જગતનો મહાન ધર્મ છે એમ કહેવું એ હાસ્યાસ્પદ ગણાતું હશે. એનો પુનરુદ્ધાર કરવાની વાત કરવી એ એથી પણ વધારે હાસ્યાસ્પદ ગણાય, છતાં મારો દૃઢ વિશ્વાસ છે કે આધુનિક ભાષામાં કહીએ તો એ જ ખરો સામ્યવાદ છે. ગીતાની ભાષામાં એ સમતાનો ધર્મ છે, પણ વાદ નહીં. એ ધર્મનું અલ્પ પાલન પણ પાલન કરનારને અને જગતને સુખ આપનારું છે.''

સમાજની વ્યવસ્થા માટે જેમ ચાર વર્ણ પાડ્યા છે, તેમ વ્યક્તિના જીવનની વ્યવસ્થા માટે ચાર આશ્રમ બનાવ્યા છે. પહેલો આશ્રમ તે બ્રહ્મચર્યાશ્રમ છે. તેનો મુખ્ય હેતુ ભવિષ્યના જીવન માટે તૈયારી કરવાનો છે. બાળક ગુરુને ઘેર રહી આ આશ્રમમાં વિદ્યાભ્યાસ કરે છે. તે આ આશ્રમમાં બહુ ખડતલ જીવન ગાળે છે. ગુરુની સેવા કરી ગુરુની કૃપાથી વિદ્યા પ્રાપ્ત કરે છે. વિદ્યાર્થીએ પચીસ વર્ષની ઉંમર સુધી બ્રહ્મચર્ય પાળી વિદ્યાભ્યાસ કરવાનો છે.

પછી તે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે. કેટલાક તેજસ્વી વિદ્યાર્થીઓ બ્રહ્મચર્યાશ્રમમાંથી સીધા સંન્યસ્તાશ્રમનો સ્વીકાર કરે છે, પણ એવા અપવાદરૂપ હોય. મોટા ભાગના માણસો તો પચીસ વર્ષ પછી લગ્ન કરી ઘરસંસાર ચલાવે છે. ગૃહસ્થને પ્રામાણિકપણે ધંધો કરી, કમાવાની છૂટ આપી છે, કારણ તેના ઉપર બીજા ત્રણે આશ્રમના પોષણની જવાબદારી છે. ગૃહસ્થાશ્રમ ભોગવ્યા પછી તે વાનપ્રસ્થ લે.

વાનપ્રસ્થાશ્રમમાં સ્ત્રી સાથે આવવા તૈયાર હોય તો તેને સાથે લઈને, પરંતુ બ્રહ્મચર્યનું પાલન કરીને તેણે સમાજની સેવા કરવાની છે. વાનપ્રસ્થાશ્રમી સ્વાભાવિક રીતે પોતાની જરૂરિયાતો ઓછામાં ઓછી કરી નાંખે છે, જેથી સમાજ ઉપર પોતાનો ભાર ઓછામાં ઓછો પડે. સમાજસેવાને માટે વાનપ્રસ્થ માણસ વધારે યોગ્ય ગણાય, કારણ તેનું જીવન વિવિધ અનુભવોથી સમૃદ્ધ થયેલું હોય છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



વાનપ્રસ્થાશ્રમ પછી સંન્યસ્તાશ્રમ આવે છે. વાનપ્રસ્થાશ્રમમાં સમાજસેવાની કાંઈ કે આસક્તિ રહેલી હોય છે. પરંતુ માણસ તદ્દન વિરક્ત થાય અથવા પૂરેપૂરો આસક્ત થાય ત્યાર પછી તે સંન્યસ્ત લેવાનો અધિકારી ગણાય. સંન્યસ્તાશ્રમમાં માણસને ભિક્ષા માગીને ઉદરપોષણ કરવાનું હોય છે. એક રીતે જોવા જઈએ તો સંન્યાસી ઉપર કશી જવાબદારી હોતી નથી, પણ બીજી રીતે જોઈએ તો સમાજને ઉપદેશ આપીને ધર્મપરાયણ રાખવાની જવાબદારી સંન્યાસી વર્ગ ઉપર છે.

આ પ્રકારની આશ્રમવ્યવસ્થા હિંદુ ધર્મમાં કરેલી છે, પણ આજે આશ્રમધર્મનો લગભગ લોપ થઈ ગયો છે. કાંઈકે ચાલતો હોય તો એક ગૃહસ્થાશ્રમ ચાલે છે. એ પણ બરાબર ધર્મયુક્ત અને સંયમપૂર્વક ચાલતો જોવામાં આવતો નથી. વિદ્યાર્થીઅવસ્થામાં બ્રહ્મચારીએ ખડતલ જીવન ગાળવાનું કહ્યું છે, પરંતુ આપણા ઘણાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ લહેરી જીવન ગાળતાં જોવામાં આવે છે, અને ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ પૂરો કર્યા પહેલાં પરણી પણ બેસે છે. વાનપ્રસ્થાશ્રમ જેવું કાંઈ રહ્યું જ નથી. સંન્યાસીઓ ઘણા જોવામાં આવે છે, પણ તેમનામાંથી બહુ વિરલ વ્યક્તિઓમાં વિરક્તિ અથવા અનાસક્તિ જોવામાં આવે છે. સાચા અથવા સંન્યાસી નામને શોભાવે એવા સંન્યાસીઓ કવચિત જ જોવામાં આવે છે.

વર્ણાશ્રમધર્મનો સિદ્ધાન્ત આમ તો સાર્વત્રિક છે. બધા દેશની પ્રજાઓમાં આવા વિભાગ જોવામાં આવે છે, પરંતુ હિંદુ સમાજે એને વ્યવસ્થિત અને શાસ્ત્રીય રૂપ આપ્યું છે, એ હિંદુ ધર્મની વિશેષતા છે.

સામાન્ય માન્યતા એવી છે કે, આપણા દેશમાં મુસલમાનો આવ્યા પછી જ્ઞાતિવ્યવસ્થા દૃઢ થઈ. પરંતુ આજથી પચીસસો વર્ષ પહેલાં ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરના વખતમાં જો કે જ્ઞાતિ-વ્યવસ્થા નહોતી છતાં વર્ણવ્યવસ્થામાં પણ ઊંચનીચના ભેદો પેસી ગયા હતા. બ્રાહ્મણ ગમે તેવું પાપ કરે છતાં તે ઊંચો ગણાય, અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



શૂદ્ર ગમે તેટલો સારો હોય છતાં એને અધમ ગણવામાં આવે. આ કારણે જ ભગવાન બુદ્ધ તથા ભગવાન મહાવીરે વર્ણવ્યવસ્થાનો વિરોધ કરેલો, એટલે ઊંચનીચના ભેદ બહુ જૂના છે. તેથી આપણે વર્ણવ્યવસ્થાનો પુનરુદ્ધાર કરીએ તોપણ તેમાં ઊંચનીચના ભેદ ઘૂસી જાય એવો સંભવ છે. આ ઊંચનીચના ભેદના કારણે તથા અસ્પૃશ્યતાના કલંકને કારણે આજે બધા સમજદાર લોકો જ્ઞાતિવ્યવસ્થાનો વિરોધ કરે છે, એટલે વર્ણવ્યવસ્થાનો પુનરુદ્ધાર કરવો હોય તોપણ તેમાં ઊંચનીચના ભેદ દાખલ ન થઈ જાય એની ખાસ કાળજી રાખવી પડશે.

❁

## ૧૮ : સહકાર

માણસ એકલું રહેનારું પ્રાણી નથી, પણ સમાજ બાંધીને રહેનારું પ્રાણી છે. હરણ, વાંદરા વગેરે પ્રાણીઓ જેમ ટોળામાં ફરે છે તેમ માણસ પણ તેની પ્રાથમિક અવસ્થામાં ટોળીઓમાં ફરતો. તે કદી એકલો રહેતો જોવામાં આવ્યો નથી. સમાજ બાંધવા માટે સહકારની વૃત્તિ આવશ્યક છે. માણસમાં સહકારની વૃત્તિ સાહજિક છે, તે તેના સ્વભાવમાં રહેલી છે. માણસને માટે પોતાની અમુક પ્રવૃત્તિઓ સહકારી ધોરણે ચલાવવી એ તદ્દન સ્વાભાવિક છે. જો કે અત્યારે ચાલતી સહકારની પ્રવૃત્તિનો ઊગમ પશ્ચિમમાં થયો છે, પરંતુ આપણા દેશમાં એકબીજા સાથે મળીને સહકારથી કામ કરવાની ટેવ બહુ પ્રાચીન કાળથી જોવામાં આવે છે. લગ્નમાં ચાંલ્લો કરવાનો રિવાજ એ સહકારનું જ એક રૂપ છે. સગાંવહાલાં તથા ઓળખીતાં પરણનારને નાની નાની રકમ ચાંલ્લામાં આપે. તેમાંથી લગનનું આખું અથવા મોટા ભાગનું ખર્ચ નીકળી જતું. દીકરી સાસરે જાય ત્યારે તેને ભેટ આપવાનો રિવાજ છે. એમાંથી એને નવું ઘર વસાવવામાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

બહુ મોટી મદદ મળતી. માણસ યાત્રાએ જાય ત્યારે પણ સગાંવહાલાં નાની નાની ભેટો આપે છે. તેમાંથી યાત્રાનું ખર્ચ ઘણે ભાગે નીકળી જતું. ગામડાંમાં કોઈને ત્યાં જમણવાર હોય ત્યારે સગાંવહાલાં તથા પડોશી તેને ઘેર પાણી ભરી જાય, લોટ દળી આપે, રાંધવામાં મદદ કરે, એવો રિવાજ ગામડાંમાં આજ સુધી જોવામાં આવતો. સહકારના આવા ઘણા દાખલા આપી શકાય. કોઈ ખેડૂત પાસે એક બળદ હોય તો તે બીજા એક બળદવાળા ખેડૂત સાથે સૂંઢલ કરી સહકારથી પોતાની ખેતી કરતો. તેવી જ રીતે ખેડૂત કુટુંબોમાં નીંદણી તથા લણણી વખતે એકબીજાને મદદ કરવાનો રિવાજ પહેલાં જોવામાં આવતો. પરંતુ આજે એ બધા રિવાજો ઘસાઈ ગયા છે. લોકહિતનાં કામો કરવાનું જ્યારથી સરકારે માથે લીધું અને વ્યક્તિસ્વાતંત્ર્યનો અનર્થ કરવામાં આવ્યો ત્યારથી આવા સહકારના દાખલા ઓછા જોવામાં આવે છે. સરકારનાં કર્તવ્યો વધતાં ગયાં, એ પ્રમાણમાં પ્રજાનાં એકબીજા પ્રત્યેનાં કર્તવ્યો ઘટતાં ગયાં છે. પહેલાં કોઈ માણસ માંદો હોય તો તેની સારવારમાં રહેવાની તેના પડોશીની ફરજ ગણાતી. આજે તો માંદા માણસને ઇસ્પિતાલ બતાવી દેવામાં એ ફરજ પૂરી થાય એવી સ્થિતિ આવવા લાગી છે. પડોશમાં કોઈનું મરણ થયું હોય તો સઘળાં પડોશીઓની તેને સ્મશાને પહોંચાડવાની ફરજ ગણાય છે; પણ મોટાં શહેરોમાં જ્યાં સ્મશાનગાડીઓ થઈ છે ત્યાં સ્મશાને જવાની બધાની ફરજ ગણાતી નથી. ક્રોપોટકિન નામના રશિયન લેખકે પોતાના 'મ્યુચ્વલ એડ' (સહાયકવૃત્તિ) એ નામના પુસ્તકમાં આધુનિક સમાજમાં આવા સહકારના અનેક દાખલા આપ્યા છે. એ સઘળા યુરોપના દેશોના છે, જો કે આપણા દેશના પણ આવા ઘણા દાખલા આપી શકાય. પણ અત્યારના જમાનામાં, ખાસ કરીને શહેરોમાં અને કેટલાંક ગામડાંઓમાં પણ એ વૃત્તિ ઘસાતી જતી જોવામાં આવે છે. આપણું પ્રજાકીય જીવન સુસંગઠિત અને સમૃદ્ધ કરવું હોય તો આપણે એ વૃત્તિ ફરી સજીવન કરવી પડશે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ત્યારે બ્રિટિશ સરકાર સાથે ગાંધીજીનો અસહકાર બ્રિટિશ સરકારના અને બ્રિટિશ વેપારીઓના આ દેશમાં ચાલી રહેલા અન્યાય અને શોષણની સામે હતો, પણ અસહકાર ગાંધીજીના જીવનનું મહત્ત્વનું અથવા કાયમી અંગ નહોતું. તેઓ સહકાર કરવા હંમેશાં તત્પર રહેતા; પણ જ્યાં સ્વમાન ન સચવાય એમ હોય, આપણું શોષણ થતું હોય, આપણને અન્યાય થતો હોય, ત્યાં અહિંસક અસહકાર એ ધર્મ થઈ પડે છે. તેથી જ ટ્રસ્ટીપણાવાળા પ્રકરણમાં ગાંધીજીએ બતાવ્યું છે કે કોઈ ધનિક માણસ પોતાની વધારાની સંપત્તિનો સમાજને માટે ટ્રસ્ટી થવા તૈયાર ન હોય તો તે માટે આમ જનતાએ તેની સાથે અહિંસક અસહકાર કરવો તે એક ઉપાય છે. એમના સત્યાગ્રહના શસ્ત્રભંડારમાં અહિંસક અસહકાર એ એક મહત્ત્વનું શસ્ત્ર છે; પણ તેનો ઉપયોગ શસ્ત્ર તરીકે, ખાસ જરૂર પડે ત્યારે જ, કરવાનો હોય છે. મનુષ્યધર્મનું કાયમી અંગ તો સહકાર કરવાનું છે, પણ ખાસ પ્રસંગ આવે ત્યારે અસહકાર કરવાનો નૈમિત્તિક ધર્મ તેને પ્રાપ્ત થાય છે. જેને પ્રસંગ આવ્યે અસહકાર કરતાં આવડે છે તે માણસ સારી રીતે સહકાર કરી શકે છે.

આપણા દેશમાં નવી પદ્ધતિની સહકારપ્રવૃત્તિનો આરંભ સને ૧૯૦૪ થી થયો છે. શરૂઆતમાં સહકારી પ્રવૃત્તિએ ધીરાણનું સ્વરૂપ લીધું. શાહુકારો ખેડૂતો પાસેથી પોતે ધીરેલાં નાણાંનું બહુ ભારે વ્યાજ લેતા હતા. તેમાંથી ખેડૂતોને બચાવવા સહકારી ધીરાણ મંડળીઓ નીકળી, પરંતુ એ મંડળીઓ હજી શાહુકારને ધીરધારના ક્ષેત્રમાંથી હાંકી કાઢી શકી નથી. એનું એક કારણ તો એ છે કે સહકારી મંડળીને પોતાનું બધું કામ કાયદાની વિધિઓ સાચવીને કરવું પડે છે, જ્યારે શાહુકાર તો અધરાતે મધરાતે પણ નાણાં ધીરવા તૈયાર હોય છે. બીજું કારણ એ છે કે ખેડૂત પોતે લીધેલાં નાણાં માટે મંડળી પ્રત્યેની જવાબદારી પૂરેપૂરી સમજતો હોતો નથી. મંડળીનાં નાણાં વખતસર આપવાની બાબતમાં તે બેદરકાર રહે છે, તેને લીધે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



મંડળી મુશ્કેલીમાં આવી પડે છે. ત્રીજું કારણ એ છે કે મંડળી કેવળ ઉત્પાદક કાર્ય માટે નાણાં ધીરે છે, જ્યારે ખેડૂતને તો પોતાને ત્યાં લગ્ન કે મરણનો પ્રસંગ આવે, સ્ત્રીની સુવાવડ આવે અથવા છોકરાં માંદાં પડે ત્યારે નાણાં જોઈતાં હોય છે. તે સહકારી મંડળી પાસેથી સહેલાઈથી મળી શકતાં નથી, એટલે એને શાહુકારને બારણે જવાનું ઊભું જ રહે છે. આનો સાચો ઉપાય લોકોને યોગ્ય કેળવણી આપવી એ છે. પોતાના ગજા ઉપરાંતના સામાજિક ખર્ચ કરવાની લોકોને જે ટેવ છે તેમાંથી તેમને ઉગારી લેવા જોઈએ. માંદગીને અંગે એકાએક ખર્ચ આવી પડે તે એને મળી શકે એવી સગવડ સહકારી મંડળીમાં હોવી જોઈએ. વળી મંડળી પ્રત્યેની જવાબદારી અને વફાદારીનો ખ્યાલ સભ્યના સમજવામાં આવે એવું તેનું માનસ કેળવવું જોઈએ. મંડળીનો સંચાલક મંડળીના દરેક સભ્યનો સાચો મિત્ર, ડાહ્યો સલાહકાર અને ખરો માર્ગદર્શક બને તો આ થઈ શકે.

હવે તો ખરીદ-વેચાણની, વિવિધ કાર્યકારી (મલ્ટીપર્પઝ) તથા ઉત્પાદક પ્રવૃત્તિ અંગેની સહકારી મંડળીઓ હસ્તીમાં આવી છે. એ બધી સહકારી મંડળીઓના ઉદ્દેશ તથા કાર્યપદ્ધતિ તમામ સભ્યોને સારી રીતે સમજાવવાં જોઈએ. મંડળીનો સંચાલક બાહોશ અને પ્રામાણિક માણસ હોવો જોઈએ. આજે કેટલીક મંડળીઓ સંચાલકના બાહોશપણાને તથા પ્રામાણિકપણાને અભાવે મુશ્કેલીમાં આવી પડેલી જોવામાં આવે છે. દાખલા તરીકે, ખરીદ-વેચાણની સહકારી મંડળીના સંચાલકને બજારની પરિસ્થિતિનું બરાબર જ્ઞાન હોવું જોઈએ. અત્યારે કેટલીક જંગલ સહકારી મંડળીઓ નીકળી છે તેઓ જંગલોના કૉન્ટ્રેક્ટ રાખી મજૂરો પાસે લાકડાં કપાવી વેચે છે. તેમાં ઘણી વાર વેગન મળવાની મુશ્કેલીને લીધે જે વેપારીને માલ વેચ્યો હોય તેને તેઓ વખતસર પહોંચાડી શકતી નથી. તેને લીધે મંડળીને સહન કરવું પડે છે. આમાં સંચાલકનો વાંક ન કાઢી શકાય, પણ એવું જોવામાં આવે છે કે વેપારીઓ રેલવેના અમલદારોને લાંચરુશવત

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



આપીને વેગનો વખતસર મેળવી શકે છે, જ્યારે સહકારી મંડળીના સંચાલકો લાંચ આપવા તૈયાર ન હોય એટલે વેગનો મેળવી શકતા નથી. આનો ઉપાય તો રેલવેખાતા સામે જબરો પ્રચાર થાય અને રેલવેખાતાની બરાબર શુદ્ધિ થાય એ જ છે.

હમણાં કેટલીક સહકારી ખેતી મંડળીઓ નીકળી છે. તે બધી વિશે મને જાતમાહિતી નથી, પણ થોડીક ખેતી મંડળીઓ વિશે હું જાણું છું તે પ્રમાણે તેઓ સંચાલકની કાર્યદક્ષતા તથા પ્રામાણિકતાને અભાવે મુશ્કેલીમાં આવી પડી છે. સંચાલક બાહોશ અને પ્રામાણિક હોવો જોઈએ એ વસ્તુ ઉપર જેટલો ભાર મુકાય તેટલો ઓછો છે. એ ઉપરાંત, એના ઉપર ચાંપતી દેખરેખ હોવી જોઈએ એ પણ એટલું જ મહત્ત્વનું છે. ખેતી મંડળીનો સંચાલક હોય તે ખેતીવાડીના કામમાં પૂરેપૂરો પાવરધો હોવો જોઈએ. અત્યારે તો નામું લખતાં આવડે અને સહકારી મંડળીએ નક્કી કરેલાં પત્રકો ભરતાં આવડે એટલું પૂરતું ગણાય છે. ખેતી મંડળીએ કોઈ જગ્યાએ પીતને માટે એન્જિન તથા પંપ મૂકયાં હોય તો એન્જિન તથા પંપ વિશે જરૂરી યાંત્રિક જ્ઞાન પણ સંચાલકમાં હોવું જોઈએ. સહકારી મંડળીઓને સફળ બનાવવા માટે આ બધું આવશ્યક છે. અને એ બાબતોની બરાબર તૈયારી વિના સહકારી મંડળી શરૂ કરવી એ ભૂલ છે.

હવે આપણે કલ્પેલાં સ્વયંસંપૂર્ણ ગામડાંમાં સહકારી પ્રવૃત્તિ કેવા પ્રકારની હોય તેનો વિચાર કરીએ. એવાં ગામડાંનું આખું જીવન એકબીજા સાથેના સહકાર ઉપર રચાયેલું હોય. ગામને આવશ્યક બધી પ્રવૃત્તિઓ–ચોકી, ન્યાયવ્યવસ્થા, ગામની સંસ્કાર-પ્રવૃત્તિ, રમતગમતના મેળાવડા, બિમારોની સારવાર, લગ્નમરણના પ્રસંગો, એ બધું સહકારના ધોરણે ગોઠવાયેલું હોય. એની વિગતોમાં ઊતરવાની અહીં જરૂર નથી. ગામની સઘળી અર્થપ્રવૃત્તિ પણ સહકારી ધોરણે ચાલતી હોય. પશુપાલન, ખેતી, ખરીદવેચાણ, આયાતનિકાસ એ બધું સહકારી ધોરણે ગોઠવાવું જોઈએ. એવી થોડી વિગતોનો અહીં વિચાર કરીશું.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



દરેક માણસ અલગ અલગ પશુપાલન કરે, એના કરતાં ગામમાં પશુપાલનની એક અથવા વધારે સહકારી મંડળીઓ હોય તો વખત અને શ્રમનો ઘણો બચાવ થાય, એ સ્વાભાવિક છે. પશુપાલનની સહકારી મંડળી ગામને દૂધ-ઘી તથા છાશ પૂરાં પાડે અને ખેતી માટે બળદો પણ પૂરા પાડે. પશુપાલન સહકારી ધોરણે કરવામાં આવે તો પશુના રોગની ચિકિત્સા કરવાનું પણ બહુ સુગમ થાય. તેમને માટે ઘાસચારાની તથા ખાણની વ્યવસ્થા પણ સહકારી ધોરણે સારી થઈ શકે. આ પશુપાલન મંડળી તેલની ઘાણી પણ ચલાવી શકે, એમાંથી ખોળ નીકળે તે મંડળીનાં પશુઓના કામમાં આવે અને તેલ લોકોને આપી શકાય.

આ જ પ્રમાણે દરેક ગામમાં ખેતીની પણ એક અથવા વધારે સહકારી મંડળીઓ હોય. છેલ્લાં સો વરસની પરાધીનતાને લીધે આપણી સહકારની ટેવો ઘણી ભુંસાઈ ગઈ છે, એટલે ખેતીની સહકારી મંડળીમાં આપણે ધીમે ધીમે આગળ વધવું પડશે. ખેતી સહકારી મંડળીની શરૂઆત પીત માટે પાણી પૂરું પાડવાની વ્યવસ્થાથી થઈ શકે. આમાં ટેવાયા પછી જમીનનું પ્રારંભિક ખેડાણ તથા ખાતરવાનું સહકારી ધોરણ ઉપર થઈ શકે. એક વખત ખેડવાનું તથા ખાતરવાનું બરાબર થઈ જાય ત્યાર પછી કરબ મારવાનું, નીંદવાનું, પાક સાચવવાનું તથા લણવાનું દરેક ખેડૂત પોતપોતાનું અલગ અલગ કરે. આમ કરતાં જેમ જેમ સહકારી મંડળીનું કામ આપણું પોતાનું છે એ ભાવના પુષ્ટ થતી જાય તેમ તેમ ઉપર જણાવેલી બધી ક્રિયાઓ સહકારી ધોરણે કરી શકાય. અત્યારે દરેક કુટુંબ અલગ અલગ રહે છે, પણ આગળ ઉપર ઘણાં કુટુંબોનાં રસોડાં પણ સહકારી ધોરણ ઉપર ચલાવી શકાય. એમાં નાનાં બાળકોને ઉત્તમ કેળવણી મળે છે. પેલેસ્ટાઈનમાં સંયુક્ત રસોડાવાળી યહૂદી લોકોની સહકારી મંડળીઓ છે. તેમાં એક બાળક તેનાં માબાપ સાથે બજારમાં ગયું હતું. ત્યાં કોઈ ઓળખીતાએ તેને એક મીઠાઈનું પડીકું આપ્યું. તે બાળકે એ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



મીઠાઈ બીજાં બધાં બાળકો સાથે વહેંચીને ખાવા માટે રાખી મૂકી. આ જાતની ભાવના બાળકોમાં કેળવાય એ ઉત્તમ વસ્તુ છે. આવી સંયુક્ત કુટુંબની સહકારી મંડળીઓમાં બાળક બે કે અઢી વરસનું થાય ત્યાંસુધી પોતાનાં માબાપ સાથે રહે છે, પણ પછી તેઓને કેળવાયેલી નર્સની સંભાળ નીચે એક સંયુક્ત સૂવાના ઓરડામાં રાખવામાં આવે છે. આટલે સુધી આપણે જવું કે નહીં એ આગળ ઉપર વિચારવાનો પ્રશ્ન છે, પણ સહકારી જીવન કેટલે સુધી ગોઠવી શકાય એ બતાવવા ઉપરનો દાખલો આપ્યો છે.

ગામનું ખરીદવેચાણ સહકારી ધોરણ ઉપર સારી રીતે ગોઠવી શકાય એ બતાવવા વિશેષ વિવેચનની જરૂર નથી. આયાતનિકાસ ઉપર તો ગ્રામપંચાયતનો અંકુશ હોય અને તે સહેલાઈથી સહકારી ધોરણે ચાલી શકે.

ગામનો કોઈ માલ બહાર વેચવાનો હોય તો તેમાં ભેળસેળ ન થાય, અને માલ સારો જ હોય તેની જવાબદારી આખા ગામની ગણાવી જોઈએ. ગામના કોઈ કારીગરનો માલ ખરાબ નીકળે તો આખા ગામની આબરૂ જાય, એવી ભાવના કારીગરોમાં તથા સમસ્ત ગામ-લોકોમાં હોવી જોઈએ. માલમાં દગો કરવો અથવા બતાવેલા નમૂના પ્રમાણે માલ ન આપવો, એ આજના જમાનામાં એક સાધારણ વસ્તુ થઈ પડી છે. એ પ્રથામાં ભારે ફેરફાર થવાની જરૂર છે. તે માટે ચારિત્ર્યનું અને પ્રામાણિકતાનું ધોરણ બહુ ઊંચું ચઢાવવાની આવશ્યકતા છે. અર્થરચના વિકેન્દ્રિત કરી નાંખવામાં આવે તો આ વસ્તુ બહુ સહેલાઈથી થઈ શકે. માણસો એકબીજાને ઓળખતા હોય તેમની સાથે દગો કે અપ્રામાણિકતા કરતાં માણસ સહેજે શરમાય છે.

ઉપર કહેવામાં આવ્યું છે કે ગ્રામપ્રદેશમાં પેદા થતા કાચા માલને બનતાં સુધી તૈયાર માલમાં ફેરવીને જ તેની નિકાસ કરવી જોઈએ. આ કામ પણ સહકારી પદ્ધતિએ થઈ શકે. પરંતુ એમાં એક વસ્તુ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ધ્યાનમાં રાખવાની છે કે કોઈ ગામમાં એટલો કાચો માલ ન બનતો હોય, જેનો તૈયાર માલ બનાવવાનું આર્થિક દૃષ્ટિએ પોસાઈ શકે એમ હોય, ત્યાં ઘણાં ગામનો કાચો માલ કોઈ એક ગામે એકઠો કરી, ત્યાં એનો તૈયાર માલ બનાવવામાં આવે. જ્યાં આવું કરવાનું હોય ત્યાં ઘણાં ગામના લોકો સાથે સહકાર યોજવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય. ત્યાં ઘણાં ગામોની એક સહકારી મંડળી બનાવવી જોઈએ. વળી કેટલોક કાચો માલ એવો હોય જેમાંથી તૈયાર માલ બનાવવા માટે યંત્રોની મદદ લેવી પડે. એવું હોય ત્યાં યંત્રઉદ્યોગનું કારખાનું પણ સહકારી ધોરણે ઊભું કરી શકાય.

અત્યારે કેટલીક જંગલ સહકારી મંડળીઓ ચાલે છે તેઓ જંગલમાંથી કાપેલું લાકડું કાચા માલના રૂપમાં જ વેપારીઓને વેચી દે છે. આવી મંડળીઓએ પ્રગતિ કરવી હોય તો એ લાકડામાંથી તૈયાર માલ જંગલપ્રદેશના નજીકના ભાગમાં જ બનાવીને વેચવો જોઈએ. એમ કરવામાં આવે તો જંગલના લોકોને વધુ કામ મળે. વળી કેટલુંક કામ એવું હોય જેમાં કેવળ જડ મજૂરી ન હોય, પણ કારીગરની કુશળતા ખીલવવાની પણ જરૂર હોય. આવી યોજના કરવામાં આવે તો જંગલના પ્રદેશમાં રહેનારા લોકોનો વધારે વિકાસ સાધી શકાય. આમ કરવા માટે એવી મંડળી ચલાવનારા કાર્યકર્તા વધારે કુશળ હોવા જોઈએ.

અત્યારે સહકારી મંડળીઓ મોટે ભાગે સરકારની મદદથી ચાલે છે. આપણે તો એવું કલ્પ્યું છે કે સરકારનાં કામ પ્રજા જ ઉપાડી લે, એટલે આવી સહકારી મંડળીઓ સરકારની મદદની અપેક્ષા ન રાખે.

❀

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

## ૧૯ : ભૂદાનયજ્ઞ

વસ્તુતઃ ભૂદાનયજ્ઞ એ ભારે ક્રાન્તિકારી ચળવળ છે. એનો અંતિમ ઉદ્દેશ કેવળ જમીનની વહેંચણી કરવાનો નથી, પણ જમીન ઉપરનો ખાનગી માલકી હક્ક નાબૂદ કરવાનો છે. બીજી કુદરતી બક્ષિસોની માફક જમીન પણ એક કુદરતી બક્ષિસ છે, અને તેના ઉપર કોઈ માણસનો ખાનગી માલકી હક્ક ન હોઈ શકે. તેથી કહ્યું છે કે 'सबै भूमि गोपालकी.' માલકી ગણવી હોય તો ગોપાલના પ્રતિનિધિ તરીકે ગ્રામપંચાયતની હોઈ શકે. ગ્રામના બધા માણસો એક અથવા અનેક સહકારી મંડળીઓ બનાવીને ખેતી કરે; પરંતુ આવી સહકારી મંડળી ન ગોઠવાય ત્યાંસુધી માણસ વૈયક્તિક ખેતી પણ કરે. કુટુંબની જનસંખ્યામાં ફેરફાર થાય તે પ્રમાણે દસ અથવા પંદર વર્ષે ગ્રામપંચાયત દ્વારા જમીનની ફરી વહેંચણી થાય. ભૂદાન-યજ્ઞ આ જાતનો આદર્શ રાખીને શરૂ કરવામાં આવ્યો છે.

અત્યારે તો વિનોબાજીએ પાંચ કરોડ એકર જમીનની ટહેલ નાંખી છે અને એ કાર્યક્રમ સને ૧૯૫૬ માં પૂરો કરવાનો તેમણે સંકલ્પ કર્યો છે. '૫૭નું વર્ષ હિંદુસ્તાનના ઇતિહાસમાં એક ક્રાન્તિ-કારી વર્ષ છે. ૧૭૫૭ માં કલાઈવે પ્લાસીનું યુદ્ધ જીતીને અંગ્રેજી સત્તાનો પાયો હિંદુસ્તાનમાં નાખ્યો. ૧૮૫૭ માં બ્રિટિશ લશ્કરના દેશી સિપાઈઓએ અંગ્રેજો સામે સ્વાતંત્ર્યયુદ્ધ કર્યું, અને ઘડીભર તો બ્રિટિશ સત્તાના પાયા જાણે હચમચાવી નાંખ્યા; પણ એમાં સિપાઇઓને નિષ્ફળતા મળતાં આપણા દેશમાં બ્રિટિશ સત્તા જાણે કાયમી જામી હોય એવું દેખાયું. પણ ઇતિહાસમાં કશું સ્થિરસ્થાવર હોતું નથી. અંગ્રેજો પણ ૧૯૪૭ માં ગાંસડાંપોટલાં બાંધીને ગયા. હિંદુસ્તાનને રાજકીય સ્વાતંત્ર્ય મળ્યું, પણ હિંદુસ્તાનના લોકોને આર્થિક સ્વતંત્રતા હજી મળી નથી. ૧૯૫૭ પહેલાં હિંદુસ્તાનના ખેડૂતોને એ આર્થિક સ્વતંત્રતા મળે એવો વિનોબાજીના સંકલ્પનો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



અર્થ છે. પાંચ કરોડ જમીન એ તો સંકલ્પપૂર્તિ માટે એક નિશાન છે. એટલી જમીન મળે તો આખું વાતાવરણ જમીનની સમાન તથા ન્યાયી વહેંચણી માટે તૈયાર થઈ જાય.

અને આપણે કેવળ જમીનની સમાન વહેંચણી કરીને અટકવાનું નથી; તમામ ઉત્પાદક સંપત્તિની સમાન અને ન્યાયી વહેંચણી થાય એ આપણું લક્ષ્ય હોવું જોઈએ. તે માટે સંપત્તિદાન, શ્રમદાન વગેરે યજ્ઞોની યોજના વિનોબાજીએ પ્રજા સમક્ષ મૂકી છે. હમણાં તેમણે બોધિગયામાં સમન્વય આશ્રમની સ્થાપના કરી છે. તેનો હેતુ બૌદ્ધ ધર્મ અને વેદાંત વચ્ચે સમન્વય સિદ્ધ કરવાનો છે. દુનિયાના બે મોટા ધર્મો વચ્ચે સમન્વય સ્થાપીને બીજા સઘળા મોટા ધર્મો વચ્ચે પણ એટલે ઇસ્લામ, ખ્રિસ્તી ધર્મ વગેરે વચ્ચે સમન્વય સ્થાપી શકાય, અને ધર્મને નામે જે વિખવાદ અને ઝઘડા ચાલે છે તે નિર્મૂળ થાય.

કેટલાક એવો વાંધો કાઢે છે કે ભૂદાનપ્રવૃત્તિ એ હિંદનું રાજ્યબંધારણ જેણે ખાનગી માલકી હક્કને માન્યતા આપી છે તેની વિરુદ્ધ છે; પણ આ જો કાયદાના જોરથી માલકી હક્ક છોડાવતા હોઈએ તો એ રાજ્યબંધારણની વિરુદ્ધ કહેવાય. પણ આમાં તો સ્વેચ્છાથી દાન લેવામાં આવે છે. બંધારણમાં કશું એવું નથી કે કોઈ માણસ સ્વેચ્છાએ પોતાની મિલકત બીજાને આપી દઈ શકે નહીં. ભૂદાન માગવામાં જરા પણ બળજબરી નથી. છતાં આવી પ્રવૃત્તિ બહુ વ્યાપક થાય એટલે બંધારણના મૂળ તત્ત્વની વિરુદ્ધ એ કદાચ કહેવાય. જો એમ હોય તો બંધારણે સુધરવું રહ્યું. બંધારણ કાંઈ ઈશ્વરકૃત નથી, તે મનુષ્યકૃત જ છે. એમ હોઈ તે દોષથી પર ન હોઈ શકે. વળી આ પ્રવૃત્તિથી બંધારણમાં સુધારો કરવાનું વાતાવરણ પેદા થયું હોય તોપણ એની ખૂબી એ છે કે એમાં કાયદાની જબરદસ્તી નથી. તેમાં કોઈપણ જાતની સજા (સેંકશન) નથી. કેવળ પ્રેમભાવથી, અહિંસાના દાવાથી જમીન માંગવામાં આવે છે. જે માણસ એનાથી અથવા લોકલાજથી પ્રભાવિત થાય છે, એ જમીન આપે છે,



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



એટલે આ પ્રવૃત્તિ બંધારણની વિરુદ્ધ છે અથવા બંધારણની ઉપેક્ષા કરે છે એ દલીલમાં કાંઈ વજૂદ નથી. લોકમત એટલો પ્રબળ હશે તો બંધારણ આપોઆપ બદલાશે.

બીજી દલીલ એ કરવામાં આવે છે કે તમે ગરીબ અને સાધનહીન લોકોને જમીન આપશો, તેથી ખેતી સુધરશે નહીં, ઊલટું, સાધનહીન લોકોના હાથમાં ખેતી બગડશે. અત્યારે પણ મોટા ભાગની ખેતી તો સાધનહીન લોકોના હાથમાં જ છે. જેઓ જમીન-માલિક પાસેથી જમીન ગણોતે લઈ ખેતી કરે છે તે લોકો સાધન-સંપન્ન હોતા નથી, અને બધા જમીનમાલિકો જમીનમાં ખાતર પૂરવાની અથવા બીજી રીતે જમીન સુધારવાની કાળજી રાખતા નથી, એટલે વસ્તુતઃ ઘણી જમીન સાધનહીન લોકો પાસે જ છે. ખેતીનો અનુભવ તો એવો છે કે જેની પાસે થોડી જમીન હોય છે તે એ જમીનમાં સારી ખેતી કરવાની કાળજી રાખે છે. વળી એ જમીન એની પોતાની માલકીની થશે. અને એને ખાતરી થશે કે હું મહેનત કરીને જેટલું પકવીશ તેટલું મારી પાસે જ રહેવાનું છે, વચમાં બીજો કોઈ નાહકનું ખાઈ જનારો નથી, એટલે એ માણસ વધારે કાળજી રાખીને મહેનત કરશે અને વધારે પકવશે. સારા અને મહેનતુ ખેડૂતોનો અનુભવ એવો છે કે વધારે જમીનમાં એકરે જેટલો પાક લઈ શકાય છે તેના કરતાં ઓછી જમીન ઉપર વધારે મહેનત કરી હોય તો એકરે વધારે પાક લઈ શકાય. આપણા ખેડૂતોને આ જાતની તાલીમ આપવાની જરૂર છે.

ભૂદાન મેળવ્યા પછી ભૂમિની વહેંચણી કરવાનું કામ એથી પણ અઘરું છે. વહેંચણી કર્યા પછી એ ખેડૂતોને સારી ખેતી કરે એવી તાલીમ આપવાનું કામ એનાથી પણ અઘરું છે. તે માટે ભૂદાનસેવકોનું એક મોટું દળ તૈયાર કરવું પડશે; તેમને ખેતીવાડીનું શાસ્ત્રીય અને પ્રાયોગિક જ્ઞાન પણ આપવું પડશે. આખી ચળવળની સફળતાનો આધાર આવા સેવકોની કુશળતા અને ખબરદારી ઉપર છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



કેટલાક એમ કહે છે કે આપણા દેશમાં જમીનના પ્રમાણમાં જમીન ઉપર ગુજરાન ચલાવનારાની સંખ્યા ઘણી વધારે છે, માટે જમીન ઉપરનો બોજો ઓછો કરવો હોય તો એ વધારાના માણસોને બીજો ધંધો આપવો જોઈએ. આ કહેવું જેટલું સહેલું છે તેટલું જ એને અમલમાં મૂકવું અઘરું છે. વધારાના ખેડૂતોને બીજો કયો ધંધો આપવો એ એક મોટો પ્રશ્ન છે. એમને જો ખેતી સાવ છોડાવી દઈ બીજે ધંધે વળગાડવામાં આવે તો ખેતીની ખાસ મોસમ વખતે કામ કરનારાઓની ટાંચ પડે. મોસમ વખતે એકી સાથે મજૂરોની જરૂર પડે છે, એટલે ખરો ઉપાય ખેતીનું કામ કરનારાઓની સંખ્યા ઘટાડવાનો નહીં, પણ ખેતીમાં જ્યારે પૂરતું કામ ન હોય તે વખતે ખેડૂતોને ખેતીને મદદગાર એવા બીજા ઉદ્યોગધંધા આપવાનો છે.

આપણા દેશમાં વસ્તીના પ્રમાણમાં જમીન એટલી ઓછી છે કે દરેક ખેડૂતને એકલી ખેતીમાંથી જ તેનું ગુજરાન ચાલી શકે એટલી જમીન આપણે કદી આપી શકવાના નથી. આજે પણ જેઓ જમીનમાંથી એક પાક લે છે તેઓ વરસમાં ચારથી છ મહિના બેકાર રહે છે. કુદરતનો નિયમ એવો છે કે માણસ છ કે આઠ મહિના કામ કરે અને તેને બારે મહિનાનું ખાવાનું મળે એ સંભવિત નથી, એટલે આ ચાર કે છ મહિના માટે ખેડૂતોએ બીજો મદદગાર ધંધો શોધવો જ જોઈએ. વળી લાગલાગટ ચાર કે છ મહિના બેકારીના ખેડૂતને આવતા નથી. કોઈ દિવસ બે કલાક ખેતીનું કામ હોય તો કોઈ દિવસ ચાર કલાક હોય. આમ દરેક માણસના કામના કલાક ગણીને ચારથી છ મહિનાની બેકારી ગણવામાં આવી છે; એટલે પેલા મદદગાર ધંધા એવા હોવા જોઈએ કે માણસ પોતાની મરજી પડે ત્યારે તે કરવા બેસી શકે અને મરજી પડે ત્યારે છોડી દઈ શકે. આવો ધંધો કપાસ વીણવાથી માંડીને સૂતર કાંતવા સુધીની બધી ક્રિયાઓ કરવાનો છે. આ ઉપરાંત તેલઘાણી, મધુમખ્ખીપાલન, તાડગુડ વગેરે ધંધા ખેતીને મદદગાર ગણી શકાય.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



આ ઉપરાંત વણકર, સુથાર, લુહાર, કડિયા, કુંભાર, ચમાર વગેરે ગામડાના કારીગરોને બારે મહિના કામ હોતું નથી. તેઓ પોતાના ફાજલ વખતમાં પોતાની ખેતી હોય તો કામ કરી શકે. આમ ખેતી તથા ગ્રામોદ્યોગ અને ગૃહોદ્યોગ તથા ગામડાના કારીગરો એ બધાનું થઈને એક સ્વયંસંપૂર્ણ ગામડું બને.

આજે ખેડૂતો ભેંસો રાખે છે તેને બદલે ગાયો રાખતા થાય તો તેમને દૂધ ઘીની સાથે પોતાના જ બળદ મળે; એટલે ગોપાલન એ પણ ખેડૂતોને માટે બહુ મહત્ત્વનો ઉદ્યોગ છે. ખેડૂતને સ્વાવલંબી બનાવવામાં એનું મહત્ત્વ ઘણું છે. જેઓ ભેંસો રાખે છે તેમને બળદની જરૂર પડે ત્યારે એકસામટી મોટી રકમ પાસે નહીં હોવાથી ખેડૂતને દેવું કરવું પડે છે. ખેડૂતો ગોપાલન કરતા હોય તો તેમને પોતાના ઘરના જ બળદ મળે. વળી ગાયની સારી માવજત કરવામાં આવે તો ભેંસ કરતાં ગાયનું દૂધ ઘણું વધારી શકાય છે.

આમ ખેતીની સાથે ગોપાલન તથા ગ્રામોદ્યોગ અને ગૃહોદ્યોગ મળીને ખેતીનું એક આર્થિક એકમ ગણવાનું છે. અત્યારે ઘણા અર્થશાસ્ત્રીઓ અમુક એકર જમીન જેમાંથી એક કુટુંબનું ગુજરાન સારી રીતે ચાલી શકે તેને આર્થિક એકમ ગણે છે. પણ એવા આર્થિક એકમ જેટલી જમીન આપણા દેશમાં ખેડૂતોને આપી શકાશે નહીં. બીજો વિચાર એ કરવાનો છે કે એકલી ખેતીની મજૂરીથી માણસનો યોગ્ય અને પૂર્ણ વિકાસ થતો નથી. એક લેખકે તો એટલે સુધી કહ્યું છે કે 'બળદ સાથે કામ કરીને ખેડૂત બુદ્ધિમાં પણ બળદ જેવો થઈ જાય છે.' એટલા માટે પણ જેમાં આંગળાંની ચપળતા ખીલવાને અવકાશ હોય એવા કારીગરીના ધંધા ખેડૂતોએ કરવાનું જરૂરી છે.

અત્યારે તો ભૂદાનયજ્ઞ એ આર્થિક સમાનતા લાવવાનું એક શરૂઆતનું પગલું છે. તેનો અંતિમ ઉદ્દેશ તો આર્થિક સમાનતા સ્થાપવાનો તેમજ સમાજમાંથી ઊંચનીચના ભેદ નિર્મૂળ કરવાનો છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



અત્યારના ભૂદાનકાર્યકર્તાઓના જીવનમાં એ વસ્તુ વણાઈ જાય તો જ સમાજમાં એ લાવી શકાય. એટલે ભૂદાનકાર્યકર્તાઓએ પોતાનાં જીવન ઉત્તરોત્તર નિર્મળ, મહેનતુ તથા કુશળતાવાળાં કરવાની જરૂર છે. એ રીતે જોતાં આ આખી હિલચાલ આત્મશુદ્ધિની અને પ્રગતિકારી હિલચાલ છે. જેટલી કાર્યકર્તાઓની આત્મશુદ્ધિ અને કુશળતા વધારે એટલા પ્રમાણમાં આપણને વધારે સફળતા મળવાની છે.

6568

## ૨૦ : ઉપસંહાર

ઉપરનાં પ્રકરણો વાંચતાં લાગ્યું હશે કે સર્વોદયનો અમલ જીવનમાં આ મૂલાગ્ર ફેરફારો કરીને જ થઈ શકે. જીવનના આદર્શો પણ અત્યારે પ્રચલિત છે તેના કરતાં બદલવા જોઈએ. જરૂરિયાતો વધાર્યે જવી, તે માટે વધારે કમાવું, અને મોજશોખમાં જિંદગી ગાળવી, એ એક આદર્શ છે. એ આદર્શને સૌ કદી પહોંચી શકવાના નથી. પહોંચી શકે એમ હોય તોપણ એ સેવવા જેવો આદર્શ નથી. સ્વાભાવિક રીતે જ સર્વોદયને એ માન્ય ન હોઈ શકે. સર્વોદયમાં આપણે ધનને અને સત્તાને પ્રતિષ્ઠાનું સ્થાન આપવા માંગતા નથી. તેને બદલે શ્રમ અને સેવાને પ્રતિષ્ઠા આપીએ છીએ. તેમાં જરૂરિયાતો વધાર્યે જવાની નથી, પણ તે ઉપર મર્યાદા મૂકી સાદું જીવન ગાળવાનું છે. સર્વોદય કાયદાથી અથવા રાજ્યવ્યવસ્થામાં ફેરફાર કરીને સ્થાપી શકાય એમ પણ નથી. તે માટે પ્રથમ તો વ્યક્તિઓએ પોતાના જીવનમાં ફેરફારો કરવા જોઈએ અને સાથે સાથે સમાજના આદર્શો પણ બદલાવા જોઈએ. મોટા પાયા ઉપરના કેન્દ્રિત ઉદ્યોગો જેમ આપણે નાછૂટકે અને અપવાદરૂપ સંજોગોમાં જ ચલાવીએ, તેમ રાજ્યવ્યવસ્થા અને સમાજવ્યવસ્થાનું પણ કેન્દ્રીકરણ સર્વોદયમાં ન કરીએ. એટલા માટે આપણે ગામને રાજ્યવ્યવસ્થાનું એક ઘટક

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ગણ્યું છે, અને ગામને આર્થિક બાબતમાં બને ત્યાંસુધી સ્વાવલંબી બનાવવાનું કલ્પ્યું છે. અત્યારે આપણાં ગામડાંઓનું જે શોષણ થઈ રહ્યું છે તે અટકાવીને ગ્રામજીવનને સુખસગવડવાળું અને સમૃદ્ધ કરવું હોય તો ગામે સ્વાવલંબી બન્યે જ છૂટકો છે. સમૃદ્ધનો અર્થ પૈસેટકે સમૃદ્ધ એમ નહીં, પણ ઉદ્યોગ, કળા, કારીગરી અને જ્ઞાનમાં સમૃદ્ધ, એ કરવાનો છે.

ગામડાંના લોકો આખો દિવસ કેવળ મહેનતમજૂરી કર્યાં કરે એવી કલ્પના નથી, પણ તેઓ સાહિત્ય, સંગીત અને કળાનો પણ ઉપભોગ કરી શકે, એટલી આવડતવાળા અને સંસ્કાર તથા રસવૃત્તિવાળા હોવા જોઈએ. ગામની શાળા દર અઠવાડિયે સંસ્કારનો કાંઈ ને કાંઈ કાર્યક્રમ રાખે જ. એવા કાર્યક્રમ ગામલોકોને સંસ્કારી બનાવવામાં ઘણો ફાળો આપી શકે.

અત્યાર સુધી દુનિયામાં બે મોટી ક્રાન્તિઓ થઈ છે. ફ્રાન્સની ક્રાન્તિ વખતે એમનું સૂત્ર સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા સ્થાપવાનું હતું. ફ્રાન્સની ક્રાન્તિએ રાજાઓની સત્તા નામશેષ કરી લોકોને સ્વતંત્રતા આપી એમ ગણાય. પણ લોકો વાસ્તવમાં હજી રાજ્યસત્તાથી ખરા સ્વતંત્ર થયા નથી. રશિયાની ક્રાન્તિએ લોકોમાં સમાનતાની ભાવના આણી, પરંતુ સાચી સમાનતા રશિયામાં પણ સ્થાપી શકાઈ નથી. એનું મુખ્ય કારણ એ છે કે એ બન્ને દેશોમાં જે ક્રાન્તિઓ થઈ તે લોહિયાળ હતી. લોહિયાળ ક્રાન્તિમાં બળજબરી એ મુખ્ય સાધન હોઈ એનાથી સાચી સ્વતંત્રતા અથવા સમાનતા આવી શકતી નથી. હિંદુસ્તાનમાં આપણે અહિંસાના પાયા ઉપર ક્રાન્તિ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. આપણી ક્રાન્તિ સિદ્ધ થાય તો સ્વતંત્રતા અને સમાનતાની સાથે આપણે બંધુતા પણ સ્થાપી શકીએ. પેલી ક્રાન્તિઓમાં તો એક વર્ગનું નિકંદન કરવાનો પ્રયત્ન હતો. આપણે કોઈ વર્ગનું નિકંદન કરવું નથી, પરંતુ તમામ લોકોમાંથી એમના વર્ગીય ખ્યાલો દૂર કરવા છે. એટલે કોઈનું નિકંદન કરવાને બદલે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



એમના ખ્યાલો સુધારવા એ જ આપણો હેતુ છે. તેથી આપણો મદાર બળજબરી અથવા કાયદાના જોર ઉપર નથી, પણ સમ્યક્ કેળવણી ઉપર છે. અત્યારની કેળવણીને પણ વર્ગીય કેળવણી જ કહી શકાય, કારણ તે એક એવો માર્ગ પેદા કરે છે જેનામાં શારીરિક મહેનતમજૂરી પ્રત્યે અણગમો હોય છે. આ કારણે જ એ વર્ગ બીજાઓના શોષણ ઉપર નભે છે, એ આજની કેળવણીની મોટી ખામી છે. એ કેળવણીમાં પણ ક્રાન્તિ કરવામાં આવે તો જ સર્વોદયને માટે અનુકૂળ વાતાવરણ પેદા થઈ શકે. આજે આપણી સરકારોએ ગાંધીજીની નઈ તાલીમ અપનાવી છે, પણ એ ગાંધીજીના પૂરા અર્થમાં હોય એમ દેખાતું નથી. ગાંધીજી નઈ તાલીમનો જે અર્થ કરતા હતા તે અર્થમાં એ પૂર્ણ ક્રાન્તિકારી કેળવણી છે, કારણ એનો ઉદ્દેશ ઊંચામાં ઊંચી કેળવણી આજના ગરીબ માણસને પણ સુલભ કરવાનો છે. પણ આપણે એમાં આપણા વિચારોનું મિશ્રણ કરવા પ્રયત્ન કરીને એના મૂળ સ્વરૂપને વિકૃત કરી નાખ્યું છે. સર્વોદયને માટે ગાંધીજીની નઈ તાલીમ તેના અસલી રૂપમાં આપણે સ્વીકારવી અને અમલમાં મૂકવી જોઈશે. તો જ જે ક્રાન્તિ આપણે ઇચ્છીએ છીએ તે ક્રાન્તિને આપણે લાવી શકીશું. એક રીતે કહીએ તો નઈ તાલીમ એ સાધન છે, જે વડે સર્વોદયના સાધ્યને આપણે પહોંચી શકીશું.

વિનોબાજીની ભૂદાનપ્રવૃત્તિ એ આ ક્રાન્તિ આણવાનું બીજું એક સાધન છે. ભૂદાનપ્રવૃત્તિ માત્ર જમીનની વહેંચણી કરીને અટકતી નથી; તેનો અંતિમ ઉદ્દેશ તો જમીન ઉપરનો તેમજ ઉત્પાદનનાં બીજાં સાધનો ઉપરનો ખાનગી માલીક હક્ક નાબૂદ કરવાનો છે. વળી આપણાં ગામડાંને સ્વાવલંબી અને સ્વયંસંપૂર્ણ બનાવવા માટે ખેતીની સાથે ગોપાલન, ખાદી અને બીજા ગ્રામોદ્યોગો એ આવશ્યક છે. એ બધું મળીને ખેડુતનું આર્થિક ઘટક થવું જોઈએ. એની સાથે નઈ તાલીમ ઉમેરાય એટલે એમાં કેળવણી અને સંસ્કાર પણ આવે અને સમગ્ર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



ગ્રામરચના સંપૂર્ણ બને. તે માટે એક વસ્તુ ખાસ આવશ્યક છે કે આ બધું જ્ઞાનપૂર્વક અને સમજપૂર્વક થવું જોઈએ. તો જ એ વસ્તુ કાયમી થાય. આ પુસ્તકમાં સર્વોદયનાં જે વિવિધ અંગો ગણાવ્યાં છે તેનો સમગ્ર દૃષ્ટિએ વિચાર કરી તેને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરીશું તો જ આપણે સર્વોદય સાધી શકીશું. રચનાત્મક કાર્યો માટે ગાંધીજીએ જુદા જુદા સંઘો જેમ જેમ જરૂર પડતી ગઈ તેમ તેમ સ્થાપ્યા, પરંતુ આગાખાન મહેલમાંની નજરકેદમાંથી બહાર આવ્યા પછી તેમને લાગ્યું કે બધા સંઘો વચ્ચે વધારે મેળ કરી તેમને એકબીજાની વધુ નજીક લાવવાની જરૂર છે. તે માટે તેમણે એક સમગ્ર રચનાસમિતિ સ્થાપી, પણ એ સમિતિ વધુ કામ કરી શકે તે પહેલાં તેમનો દેહાન્ત થયો. તેમના અવસાન બાદ સેવાગ્રામમાં સઘળા રચનાત્મક કાર્યકર્તાઓની સભા થઈ. તેમાં ગાંધીજીની ઇચ્છાને માન આપી એક સર્વસેવાસંઘની સ્થાપના કરવામાં આવી. આજે સઘળા રચનાત્મક સંઘો પોતાનું અલગ અસ્તિત્વ વિલીન કરી સર્વસેવાસંઘમાં ભળી ગયા છે અને સઘળાં રચનાત્મક કામોનો વિચાર સમગ્ર દૃષ્ટિએ કરતા થઈ ગયા છે. ભૂદાનયજ્ઞે એ વિચારને એક નવો જ વેગ આપ્યો છે. સઘળાં રચનાત્મક કામોનો આમ સમગ્ર દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો જ તેમાં નવું તેજ આવે અને તો જ સમાજની સર્વોદયની દૃષ્ટિએ નવરચના કરવાનું સુગમ થાય.

અત્યારે આખી દુનિયામાં જાણે યુદ્ધનાં વાજાં વાગી રહ્યાં હોય એવું દેખાય છે. દુનિયા બે સત્તાજૂથોમાં વહેંચાઈ ગયેલી છેઃ એક બાજુ અમેરિકા છે અને બીજી બાજુ રશિયા છે. અમેરિકા મૂડીવાદી દેશ કહેવાય છે અને રશિયા સામ્યવાદી દેશ ગણાય છે. એને લીધે બે દેશોની વિચારસરણીઓમાં મહત્ત્વનો ભેદ પડે છે; જો કે તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં એમાં ખાસ ભેદ પાડવા જેવું નથી. બંને દેશો યંત્રમય કેન્દ્રિત ઉદ્યોગો ચલાવવા માગે છે. બંને દેશોમાં રાજ્યસત્તાનું કેન્દ્રીકરણ જોવામાં આવે છે. બંને દેશો પોતપોતાના લશ્કરી બળ ઉપર મુસ્તાક છે. બંને દેશો સંહારનાં સાધનો શોધવામાં એકબીજાને ટપી જવાનો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



પ્રયત્ન કરી રહેલા છે. બંને દેશો પાસે એટમ બોમ્બ અને હાઇડ્રોજન બોમ્બ છે એવું મનાય છે. એટમ બોમ્બ કરતાં પણ હાઇડ્રોજન બોમ્બ વધુ વિનાશકારી છે, અને તેનો પ્રયોગ કરવા જતાં દુનિયામાંથી પ્રાણીમાત્રનો નાશ થઈ જાય એવો ભય સેવવામાં આવે છે. આ રીતે જોતાં બંને દેશોની વિચારધારા તત્ત્વતઃ ભિન્ન નથી. રશિયામાં સામ્યવાદ ચાલતો કહેવાય છે, પરંતુ ત્યાં પણ ખાનગી મિલકત અને આર્થિક અસમાનતા ઓછી નથી, છતાં ત્યાં તમામ પ્રજાનું હિત સાધવાની વાતો થાય છે. તેની સામે મૂડીવાદી દેશોએ કલ્યાણરાજ્યની ભાવના ઊભી કરી છે, પરંતુ સમસ્ત પ્રજાનું કલ્યાણ સાધી શકે એવું રાજ્યતંત્ર કોઈ પણ દેશમાં હસ્તી ધરાવતું જોવામાં આવતું નથી.

સર્વોદયમાં અર્થતંત્ર તેમજ રાજ્યતંત્ર વિકેન્દ્રિત કરવાનો વિચાર રહેલો છે. સમસ્ત પ્રજાનું કલ્યાણ કરવું હોય તો પ્રજાના દરેકે દરેક માણસને પોતાનો તમામ કારભાર પોતે જ ચલાવવા દેવો જોઈએ. તે ઉપરાંત આર્થિક અને સામાજિક સમાનતા પણ સ્થાપવી જોઈએ. આવી સમાનતા વિના કેવળ કાયદાના જોરથી સમસ્ત પ્રજાનું કલ્યાણ સિદ્ધ કરી શકાય નહીં. પણ અત્યારે યુદ્ધની નોબતો ગગડી રહી છે તેનો આપણે વિચાર કરતા હતા. આપણા મુખ્ય પ્રધાન જવાહરલાલજીની નીતિ બન્ને સત્તાજૂથોથી અલગ રહેવાની છે, પણ સર્વોદયની દૃષ્ટિએ કેવળ અલગ રહેવું એટલું બસ નથી. અત્યારે આપણું લશ્કરી ખર્ચ આપણા દેશની આર્થિક સ્થિતિના પ્રમાણમાં ઘણું વધારે ગણાય. તેમ છતાં મોટા શસ્ત્રસજ્જ દેશોને મુકાબલે આપણું લશ્કરી બળ કશી વિસાતમાં નથી, એટલે આપણાં સ્વમાન અને સ્વતંત્રતા સાચવવાં હોય તો લશ્કરી બળ ઉપર આધાર રાખવાનું છોડી દઈ આપણે આપણું નૈતિક બળ જ વધારવું જોઈએ. ગમે તેટલાં શસ્ત્રબળવાળા દેશ સામે આપણા નૈતિક બળથી મુકાબલો કરવાનું આપણને આવડવું જોઈએ. અમે અગાઉ કહી ગયા છીએ કે દુનિયાનો સર્વનાશ અટકાવવો હોય તો કોઈક દેશે તો શસ્ત્રસંન્યાસ કરીને નૈતિક બળ ઉપર ઝૂઝવાની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021



તૈયારી બતાવવી પડશે ગાંધીજીએ આપણને સત્યાગ્રહનો અને અહિંસક પ્રતીકારનો જે માર્ગ બતાવ્યો છે તે માર્ગને આપણે અપનાવવો અને શોભાવવો હોય તો વિનાશનું જોખમ ખેડીને પણ આપણે શસ્ત્રસંન્યાસમાં પહેલ કરવી જોઈશે. તો જ આપણે ગાંધીજીના વારસાને લાયક ઠરીશું.

હવે આપણે સર્વોદયના સિદ્ધાંતરૂપ મુખ્ય મુખ્ય મુદ્દા ગણાવીને આ પુસ્તક પૂરું કરીશું.

(૧) સર્વોદયની સમાજરચનાનું મંડાણ નીતિ અને ધર્મ ઉપર આપણે કરવું જોઈશે. સત્ય અને અહિંસા એ આપણા પાયાના સિદ્ધાન્ત હશે. સર્વોદયમાં સ્વાભાવિક રીતે જ લશ્કરને સ્થાન નહીં હોય. નિઃશસ્ત્રીકરણમાં આપણા દેશે પહેલ કરીને ગાંધીજીના વારસાને લાયક બનવું જોઈએ.

(૨) આર્થિક સમાનતા : જમીન તથા ઉત્પાદનનાં બીજાં સાધનો ઉપર ખાનગી માલકી નહીં હોય. જેમની કામ કરવાની ઇચ્છા હોય તેમને પૂરતું ઉત્પાદક કામ મળી રહેવું જોઈએ. તેના બદલામાં એને વાજબી મહેનતાણું મળવું જોઈએ.

(૩) ટ્રસ્ટીપણાનો સિદ્ધાંત સમાજને માન્ય હોય. તેથી જેની પાસે વધારે મિલકત હોય તેનો એ ટ્રસ્ટી બને; એટલે કે પોતાના ઉપયોગ માટે ન વાપરતાં એ મિલકત સમાજના હિતને માટે વાપરે. કોઈ માણસ પોતાની પાસેની વધારાની મિલકતનો આ રીતે ટ્રસ્ટી બનવા તૈયાર ન હોય તો પ્રજા એ મિલકતના ઉપભોગમાં તેને સાથ આપે નહીં. પ્રજાના સહકાર વિના કોઈ પણ માણસ મિલકતનો ઉપભોગ કરી શકતો નથી.

(૪) સામાજિક ઊંચનીચના ભેદનો અભાવ : ધર્મને કારણે, જાતિ અથવા કોમને કારણે, તેમજ લિંગને કારણે કોઈ માણસ બીજાથી ઊંચો કે નીચો ગણી શકાય નહીં. ઊંચનીચના ભેદવાળી અને અસ્પૃશ્યતાના કલંકવાળી જ્ઞાતિવ્યવસ્થા સર્વોદયમાં નહીં હોય.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: સર્વોદય સમાજની ઝાંખી

4/25/2021

6566



(૫) સૌને કેળવણી લેવાની સમાન તકો મળે, શિક્ષણશાસ્ત્રમાં કેળવણીને માટે નાલાયક ઠરાવી શકાય નહીં. કેળવણી સાર્વત્રિક કરવા માટે નઈ તાલીમ એ સુંદરમાં સુંદર સાધન છે.

(૬) જેમ દરેક માણસને વાજબી મહેનતાણું મળે, તેમ દરેક વસ્તુના ભાવ પણ વાજબી હોવા જોઈએ.

(૭) સમાજવ્યવસ્થા શાસનવિહીન, શોષણરહિત અને સમતાયુક્ત હોવી જોઈએ.

(૮) તે માટે અર્થરચના તેમજ રાજ્યરચના વિકેન્દ્રિત કરી નાખવી જોઈશે. તેનું નાનામાં નાનું એકમ આપણું ગામડું હશે. આર્થિક બાબતમાં તે સ્વાવલંબી અને મોટે ભાગે સ્વયંસંપૂર્ણ હશે અને રાજકીય બાબતમાં તે સ્વતંત્ર પ્રજાસત્તાક હશે.

(૯) અર્થવ્યવસ્થા ખેતી અને ગ્રામઉદ્યોગપ્રધાન હોવી જોઈએ.

(૧૦) સમાજ ધનનિષ્ઠ નહીં પણ શ્રમનિષ્ઠ હોવો જોઈએ. સાદું અને સંયમી જીવન એ આપણો આદર્શ હોય.

(૧૧) પક્ષપ્રથા એ અત્યારની લોકશાહીમાં અનિવાર્ય ગણાય છે, પણ સર્વોદયમાં લોકશાહી પક્ષાતીત હોવી જોઈએ.

6568

❋

અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust